॥ હરિઃૐ ॥



# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ-૨

# જન્મ પુનર્જન્મ

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ-૨

## જન્મ પુનર્જન્મ

સ્વજન : શ્રી રમણભાઈ બી. અમીન
સંપાદક : ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૮૯ | ૧૫૦૦ |
| બીજી | ૨૦૦૬ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૨ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬ + ૧૧૬ = ૧૩૨

❑ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટાના, પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજ,
શ્રી પુનિત મહારાજ, શ્રી ડોંગરેજી મહારાજ જેવા મહાન
સંતોના સંપર્કમાં બાળપણથી આવનાર અને સંત પુરુષોની
વાણીને જ જીવનનું ભાથું સમજીને તે મુજબ જ જીવનનું
આચરણ કરનાર, પૂર્વજન્મનાં પુણ્યોના પ્રતાપે આ
જીવનમાં સંત સમાગમ થયા છે, એની જાગ્રત સમજ
રાખીને આ જન્મમાં પણ એ ઋણાનુબંધમાં વધારો કરતાં
કરતાં જીવનવિકાસનો અભ્યાસ કરનાર,
સુરતની પ્રખ્યાત 'ઠાકોરની મીઠાઈ' પરિવારના સુપુત્ર,
જેમના ઘેર સંત પુરુષોનું ધામ હતું, સુરતની મુલાકાતે
આવનાર સંતો જ્યાં રાતવાસો કરતા, તેવા સુસંસ્કારી
પરિવારના સભ્ય,
પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની અનન્ય ભક્તિથી પૂજ્યશ્રીના ૭૩મા
સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવના યજમાન બનનાર,
મૃદુભાષી, શાંત ચિત્ત, અલિપ્ત સ્વજન
**શ્રી ધીરજલાલ ઠાકોરદાસ હલવાવાળા**
અને તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી ઈલાબહેન ધીરજભાઈ હલવાવાળાને**
તથા તેમનાં સુપુત્ર શ્રી મનીષ ધીરજલાલ હલવાવાળા
અને પુત્રવધૂ શ્રીમતી સોનલ મનીષ હલવાવાળાને
**'જન્મ પુનર્જન્મ'** પુસ્તકની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન
પ્રેમપૂર્વક સમર્પણ કરતાં અમો આનંદ અને ગૌરવની
લાગણી અનુભવીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન પૂજ્ય શ્રીમોટા, આરામ માટે ફાજલપુર મુકામે ફાર્મ હાઉસમાં કેટલાક દિવસો રહેલા. તેઓશ્રીના નિવાસના એ દિવસો દરમિયાન વહેલી સવારે એમની પાસે જવું એમ નક્કી થયેલું. કલાક-દોઢ કલાક સત્સંગની વાતો થતી. મારા મનમાં થતા પ્રશ્નો પૂછતો. ક્યારેક ક્યારેક ધીરજબહેન પણ કંઈક પૂછે. ચિ. જ્યોતિબહેન પણ પૂછે. આ બધી સત્સંગની વાતો ટેપમાં રૅકૉર્ડ કરી દીધેલી. પૂજ્ય શ્રીમોટાના આ સત્સંગની પચાસ કેસેટ્સ ભરાયેલી.

આ કેસેટ્સમાં ઊતરેલી પૂજ્ય શ્રીમોટાની વાણી પૂજ્ય શ્રીમોટાનાં હજારો સ્વજનો સુધી પહોંચે એવી ભાવના શ્રી રમેશભાઈએ મારી સમક્ષ વ્યક્ત કરી. એમણે કેસેટ્સમાંની વાણીનું સંકલન કરીને મને વાંચવા આપ્યું. મેં એ પ્રેસ નકલ વાંચી પ્રસન્નતા અનુભવી. પૂજ્ય શ્રીમોટાની વાણીનું આ અક્ષરરૂપ **'જન્મ પુનર્જન્મ'** રૂપે પ્રકાશિત કરીને ધન્યતાની અને કૃતજ્ઞતાની લાગણી અનુભવું છું.

વડોદરા, **રમણભાઈ બી. અમીન**

તા. ૧૦ એપ્રિલ, ૧૯૮૯

॥ હરિઃૐ ॥

# આભારદર્શન

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪-૧૯૭૫માં શ્રી રમણભાઈ અમીન સાથે સત્સંગ કરેલો. એ સત્સંગ શ્રી રમણભાઈએ કેસેટ-ટેપમાં રૅકૉર્ડ કરેલો. એ પરથી શ્રી રમેશભાઈ ભટ્ટે સંપાદન કરેલું આ પુસ્તક **'જન્મ પુનર્જન્મ'** તૈયાર થયું છે. પૂજ્ય શ્રીમોટાની વાણીની કેસેટ્સ શ્રી રમણભાઈ અમીન સાહેબે આપીને પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો પર પોતાનો પ્રેમભાવ દર્શાવ્યો છે, એ માટે એમને ધન્યવાદ ઘટે.

શ્રી રમેશભાઈએ ઘણા પરિશ્રમથી આ પુસ્તક તૈયાર કર્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના એમના ભાવની અમો કદર કરીએ છીએ.

આ પુસ્તક તથા આ જ શ્રેણીનાં બીજાં પુસ્તકો લાઇટ પબ્લિકેશન્સ લિમિટેડમાં નવા ગોઠવાયેલા કોમ્પ્યૂટરાઇઝ્ડ ટાઇપ સેટિંગથી તૈયાર થવાનાં છે અને શ્રી રમણભાઈ અમીન તરફથી આ પ્રકાશનો પૂજ્ય શ્રીમોટાનાં ચરણે સમર્પિત થયાં છે. આ માટે શ્રી રમણભાઈ અમીન સાહેબના અમો ઘણા ઘણા આભારી છીએ.

શ્રીમતી જ્યોતિબહેન એસ. પટેલ તથા શ્રી રેશ્માબહેન પટેલે અંગત ખંત અને ઉત્સાહ દાખવીને આ પ્રકાશન તૈયાર કર્યું છે, એ માટે એમનાં અમો આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો તથા અધ્યાત્મરસિકોને આ પુસ્તકો જીવનપંથમાં પ્રેરણાદાયી બનશે એવી અમને શ્રદ્ધા છે.

**વ્યવસ્થાપક ટ્રસ્ટી,**
હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# અનાવરણ

## સંપાદકીય

ફાજલપુરમાં મહી નદીના રમણીય કાંઠે આવેલા ફાર્મ હાઉસમાં શ્રી રમણભાઈ અમીન સાથે પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪માં સત્સંગ કરેલો. એનો કેટલોક ભાગ **'જન્મ પુનર્જન્મ'** શીર્ષક હેઠળ આ નાનકડા પુસ્તકમાં સંપાદિત કરવામાં આવ્યો છે.

પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગ દરમિયાન કેટલીક રહસ્યમય હકીકતોનું અનાવરણ કર્યું છે. પૂજ્ય શ્રીમોટાના અગાઉના પ્રકાશિત ગ્રંથોમાં માત્ર સંકેતરૂપે જે પ્રગટ થયેલું એનું આ ગ્રંથમાં વિવરણ થયું છે. આખી પૃથ્વી પરના દેશોમાં તથા આપણા દેશમાં જે ઊથલપાથલ થઈ રહી છે અને હજુ પણ વિશેષ પ્રમાણમાં થવાની છે, એનાં કારણોનાં તારણો પૂજ્ય શ્રીમોટાએ સ્પષ્ટ કર્યાં છે. નવનિર્માણની ભૂમિકા તૈયાર થઈ રહી છે અને પ્રભુની પધરામીનાં એંધાણ સ્પષ્ટ વર્તાઈ રહ્યા છે. નવનિર્માણ કોણ કરશે ? અને નવનિર્માણ કેવી રીતે થશે ? જગત પર અને વિશેષ કરીને આપણા દેશમાં એકદમ આટલી બધી વસતી કેમ વધી રહી છે ? આ બધા પ્રશ્નોના ખુલાસા આત્માનુભવ-વિસ્તારદર્શનમાંથી તેઓશ્રીએ આપ્યા છે અને આપણી બુદ્ધિ સ્વીકારી શકે એવી રીતે એ રજૂ કર્યા છે. નવનિર્માણ માટે સાત પુરુષોની વાત પૂજ્ય શ્રીમોટાએ કરી છે. એ કેવાં સૂક્ષ્મ અને કારણ તત્ત્વોનાં બનેલાં છે, એ સમજાવ્યું છે. આ હકીકતનું અનાવરણ આ ગ્રંથમાં સૌ પ્રથમ વાર થયું છે.

આ ઉપરાંત, જીવમાત્રનાં જન્મ અને મૃત્યુ તથા એ પછીનો જન્મ એટલે કે પુનર્જન્મની વાતનો ઉલ્લેખ કરીને અનુભવી પુરુષોના દેહત્યાગ પછી એમની સક્રિયતા કેવી રીતે હોય છે, એ સમજાવ્યું

છે. અનુભવી-જ્ઞાનીપુરુષ પોતાનાં નિમિત્ત સાથે સંકળાઈને કાર્ય સાધે છે, પરંતુ એને યથાયોગ્ય રીતે ઝીલવાની તત્પરતાવાળી ભૂમિકા એ નિમિત્તની ન હોવાથી એ પૂરતો લાભ ઉઠાવી શકતો નથી. જે જીવ આ સંસારમાં જન્મ ધારણ કરે છે, એનું કારણ એના પૂર્વજન્મનું કર્મ છે. સંસારમાં એ અનેકની સાથે સંકળાયેલો રહે છે. છતાં પાછો એ 'એકલો' છે, કેમ કે એના જે સંબંધો છે, એ અજ્ઞાનમૂલક છે. દેહ સાથે જ સંકળાયેલા છે. હવે આ 'એકલાપણા'ના અનુભવમાંથી જ જીવનના ઉઠાવની શક્યતા છે. અનુભવી પણ પોતાના અનુભવમાં ઉચ્ચતમ કક્ષાની એકલતા અનુભવે છે, કેમ કે એને જે નિમિત્તો છે, એ એનામાં ભળતાં નથી. સામાન્ય જીવનું તથા અનુભવીનું આ 'એકલાપણું' કક્ષા ભેદે ઘણું જ ભિન્ન છે.

જે જીવાત્મા પોતાના જીવનને વિકસાવીને દિવ્ય બનાવવા મથે છે, એ કોક અનુભવી આત્માનું નિમિત્ત તો છે. એવા અનુભવી આત્માએ દેહ ત્યજ્યો હોય છતાં દેહ ધારણ કરીને પ્રત્યક્ષ થતા હોય છે. આવી પ્રત્યક્ષતામાં અનુભવીનો પુનર્જન્મ નથી થતો, પરંતુ પેલાં નિમિત્ત પૂરતો જ દેહ ધારણ કરે છે. આ હકીકતનું સમર્થન આપતાં પૂજ્ય શ્રીમોટાએ ૧૯૧૮માં વિદેહી થયેલા શ્રીસાંઈબાબા ૧૯૩૮માં વારંવાર પોતાની સમક્ષ પધારેલા અને જુદી જુદી વિધિ પણ શીખવી હતી, એનું વર્ણન કર્યું છે. આ હકીકત પૂજ્ય શ્રીમોટાએ અગાઉ જણાવેલી છે, પરંતુ જન્મ પુનર્જન્મના સંદર્ભમાં આવાં દર્શનનો હેતુ વધારે સ્પષ્ટ થયો છે.

પૂજ્ય શ્રીમોટાએ જીવનના વિકાસની ભૂમિકાના ઉલ્લેખો ઘણી વાર કર્યા છે. એકથી ચૌદ ભૂમિકામાં ક્રમિક વિકાસ થાય છે. આ ભૂમિકાનાં લક્ષણો કયાં ? પૂજ્ય શ્રીમોટાએ જુદી જુદી ભૂમિકાનાં લક્ષણોની વાત આ સત્સંગમાં કરી છે. આ ભૂમિકાઓ સાથે કૃપાશક્તિ સંકળાયેલી હોવાથી, તેઓશ્રીએ કૃપા વિશે વાત કરતાં

આ હકીકત જણાવી છે. કૃપા તથા વિકાસની ભૂમિકાઓ અંગે ઘણી જ ભ્રાંતિ પ્રવર્તે છે. આ બંને બાબતો આંતરિક અનુભવમૂલક છે. શ્રેયાર્થીએ પોતે જ પોતાનું માપ-લક્ષણ તપાસીને પોતે જ સમજવાનું છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનનો ધ્યેય સ્પષ્ટ કર્યો ત્યારે જ એમને કૃપા વિશે ઘણા પ્રશ્નો જાગેલા. એ પહેલાં પોતે ઇન્ટરમાં ભણતા હતા ત્યારે કૃપાને તો સ્વીકારતા જ નહિ. માત્ર, પુરુષાર્થ પર જ ઝોક આપતા હતા, પરંતુ આત્માના અનુભવ માટે સજ્જ થતાં કૃપા વિશે નવેસરથી વિચાર્યું. કૃપા તો છે જ. એના વિના તો કશું જ નથી, તો પછી કૃપા છતી ક્યારે થાય ? આપણામાં કામ કરતી ક્યારે થાય ? પૂજ્ય શ્રીમોટાએ અનુભવથી પ્રમાણ્યું કે કૃપા અને શ્રદ્ધા આત્માની શક્તિઓ છે અને આત્માના અનુભવ માટે જ એનો ઉપયોગ છે. કૃપા હોવા છતાં છતી થઈને સક્રિય થાય, એ માટે વાતાવરણ મહત્ત્વનું છે. આ હકીકત સમજાવતાં તેઓશ્રી કહે છે કે, ‘આપણે પાંચ દશ માણસ બેઠા હોઈએ ત્યારે અમુક વાત કરવા જેવી હોય તો જ કરીએ. એ જેમ આપણને ગળે ઊતરે એવી વાત છે, એવી રીતે કૃપા છે તે પણ માગી લે છે-પોતાને વ્યક્ત થવાની સાનુકૂળતા અને ભૂમિકા. ભગવાનની કૃપાશક્તિનો પ્રયોગ-ઉપયોગ જીવનના વિકાસની ૧૨-૧૩મી ભૂમિકામાં થતો હોય છે, કેમ કે એ ભૂમિકામાં જ કૃપાની જરૂર પડે છે. આ ભૂમિકામાં આત્માનો અનુભવ પૂરો થયો હોતો નથી, પણ એની તૈયારી હોય છે. ૧૪મી ભૂમિકામાં આત્માનો અનુભવ થાય છે.

આ ૧૨-૧૩મી ભૂમિકામાં દેવાસુરનો પ્રચંડ સંગ્રામ ચાલે છે. આપણાં પુરાણોમાં સુર અને અસુરો વચ્ચેના યુદ્ધનું વર્ણન આવા અનુભવને વ્યક્ત કરતું પ્રતીક છે. એમાં દેવો પણ પાછા પડે છે. એ વખતે એ દેવો ભગવાન પાસે જાય છે અને પ્રાર્થના કરે છે,

એ જ પ્રમાણે જીવનના વિકાસની ૧૨-૧૩મી ભૂમિકાના સંગ્રામ વેળાએ શ્રેયાર્થીએ ભગવાનની કૃપા માટે પ્રાર્થના કરવાની હોય છે. અગિયારમી ભૂમિકા સુધી તો શ્રેયાર્થીએ પોતાના હૃદયમાં ટટારી, ખુમારી, સાહસ, હિંમત, ધીરજ જેવા ગુણો જીવતાજાગતા કરી દીધેલા હોય છે. પોતે સ્વીકારેલાં સાધનોનો ઉપયોગ કરવામાં-ઉદ્યમ કરવામાં પણ એ પાછો પડ્યો નથી. છતાં આ અવસ્થાએ એ આસુરી બળો સમક્ષ માથું નમાવતો નથી, તેમ એના પર વિજયી પણ બની શકતો નથી. માટે પ્રાર્થના કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ ભૂમિકા વટાવવા માટે પ્રાર્થના કરેલી કે, એ તૈયારીમાં લડતો લડતો ભગવાનની કૃપાએ અહીંયાં સુધી આવ્યો. હવે તું મને અધવચ ના મૂકી દઈશ. હવે તારે મને સાથ આપવો જોઈએ. મારી મહેનતમાં કોઈ કચાશ હોય તો બતાવ, તો હું તૈયારી કરું અને તે પ્રમાણે મહેનત કરું. મને બુદ્ધિમાં કંઈ સૂઝતું નથી. મને બુદ્ધિમાં જે સૂઝ્યું અને મને લાગ્યું તે પ્રમાણે મેં પુરુષાર્થ કર્યો છે-કર્મનો પુરુષાર્થ. મેં માથું નમાવ્યું નથી કે મેં મારી ખુમારી કે ટટારી ગુમાવી નથી. એવો ને એવો જ છું. ભલે હું હાર્યો એ હું કબૂલ કરું છું, પણ મેં માથું આપ્યું નથી. માથું હું આપું, પણ નમાવું નહિ. હજુ પણ હું ઝૂઝ્યા કરીશ, પણ તું મને માર્ગ બતાવે, સમજાવે તો મને સરળતા થાય. આવા પ્રકારની પ્રાર્થના કરવાથી તરત જ ઉકેલ ન મળે. આવી પ્રાર્થના કરતાં કરતાં આઠ દિવસ થાય ત્યારે ઓચિંતું લાઈટ ઝબકે-વિચાર નહિ. અને સ્પષ્ટ સૂચન અને ઉકેલ મળે. જ્ઞાનનો સ્ફોટ થાય. આમ, આ ભૂમિકામાં કૃપાશક્તિનો ખરો ઉપયોગ છે. (પૃ. ૨૪)

'આપણે કઈ ભૂમિકામાં છીએ એ આપણને કેમ ખબર પડે ?' એવા આપણને થતા સ્વાભાવિક પ્રશ્નની સમજૂતી પૂજ્ય શ્રીમોટાએ આપી છે. આપણામાં પ્રાકૃતિક વૃત્તિઓ-કામ, ક્રોધ, લોભ, મોહ

અને રાગદ્વેષાદિ સતત ઊઠ્યા કરે છે અને એમાં જ આપણે તણાયે જઈએ છીએ-ત્યાં સુધી આપણે પહેલી ભૂમિકામાં પણ નથી. આનાથી ઊર્ધ્વ પ્રકારનું જીવન છે, એમાંથી જ શાંતિ અને આનંદ મળી શકે છે. આ પ્રકારના પ્રાકૃતિક જીવનમાં કંઈ સુખ નથી. એવું દિલમાં સખત લાગી આવે ત્યારે પ્રથમ ભૂમિકામાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પ્રથમ ભૂમિકામાં પ્રવેશતાં પોતાની પ્રકૃતિને અનુરૂપ કોઈ સૂક્ષ્મ સાધન લે અને એનો અભ્યાસ શરૂ કરે. ધીમે ધીમે પ્રયત્ન વધારે, એ સાથે સાથે કામ, ક્રોધ, મદ, મત્સર, અહમ્, રાગદ્વેષને જોયા કરવાનો અભ્યાસ કરે તો એ પહેલી ભૂમિકામાં આવ્યો ગણાય. આવું 'જોયા' કરવાનું 'છમકલું' થાય એ ન ચાલે, પણ જ્યારે દિલમાં જ્વાળામુખીના જેવી તમન્ના પેદા થાય ત્યારે આવું નિરંતર થવા લાગે. આમ, પહેલી ભૂમિકા પાકી થાય પછી શ્રેયાર્થીને એ પછીની ભૂમિકાઓની સમજણ પડતી જાય. બે થી અગિયાર સુધીની ભૂમિકામાં મનનચિંતવન, મથામણ અને આંતરિક પતન સતત થયા કરતું જ હોય છે. આ બધાંની સામે ટકી રહેવા માટે જીવનમાં ગુણો કેળવાતાં જાય છે. પૂજ્ય શ્રીમોટાએ પ્રત્યેક ભૂમિકાને પરિપક્વ થવા માટે આવી મળતાં કર્મો, પ્રસંગો, પરિસ્થિતિ અને સહજ સંબંધોનો જીવનના અંતિમ ધ્યેયને પામવાના હેતુ પ્રત્યેની સભાનતા સાથે સ્વીકાર કરવાનું કહ્યું છે. કર્મ વખતે હેતુની સભાનતાને-જાગૃતિને જ સાધના તરીકે ઓળખાવી છે. સાધનનો ઉપયોગ કરતાં પણ હેતુની સભાનતા અનિવાર્ય ગણાવી છે. પૂજ્ય શ્રીમોટાએ ૧૦-૧૧મી ભૂમિકાએ વૃત્તિઓના સૂક્ષ્મ હુમલાઓમાં સાધકનું કેવું પતન થતું હોય છે, એ સૂચવ્યું છે, પણ એ ભૂમિકાએ જાગૃતિ તીવ્ર બની હોવાથી છેક જ તળિયે પડેલો હોવા છતાં સાધક પોતાની ઉચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરી લેતો હોય છે.

૧૨-૧૩મી ભૂમિકાના સંગ્રામની અને એ પછીની ૧૪મી ભૂમિકામાં થતો આત્માનુભવ તેમ જ ૧૫મી ભૂમિકામાં અનુભવાતો 'પુરુષોત્તમયોગ'-વચ્ચેના અનુભવભેદની અત્યંત ગહન છતાં રસભરી છણાવટ પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગમાં કરી છે. વિસ્તારલીલા અને અનંતમાં વિહારલીલાની હકીકતો આપણી કલ્પનામાં કે બુદ્ધિની પકડમાં ન આવે છતાં પૂજ્ય શ્રીમોટાની અનુભવપ્રમાણ વાણી આપણને પૂજ્ય શ્રીમોટાના હૃદયના આવા વિરલ અનુભવની શ્રદ્ધામૂલક પ્રતીતિ કરાવે છે.

શ્રેયાર્થીઓને સાધનામાર્ગ પર ગતિ કરાવવા માટે પૂજ્ય શ્રીમોટાએ પોતાના અનુભવને બુદ્ધિથી સ્વીકારાય એ રીતે ભાષામાં અવતાર્યો છે. પૂજ્ય શ્રીમોટાનો શ્રેયસાધકો પરનો આ ઘણો જ મોટો ઉપકાર છે. પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક જીવન પ્રત્યે અભિમુખ થતાં પૂર્વે જ કેટલીક ભ્રાંતિઓ છે, એ દર્શાવ્યું છે. દંભની શક્યતાઓને ખુલ્લી કરી છે અને પ્રત્યેક જીવે પોતાના જીવનનો રસ, પોતાની પ્રકૃતિ, પોતાનાં વલણ વગેરેને સૌ પ્રથમ ઓળખવાનું સૂચવ્યું છે. ઉચ્ચ જીવનમાં પણ પ્રત્યેક તબક્કે પોતાના અનુભવને બુદ્ધિના પ્રકાશમાં મૂલવવાનો અભિગમ તેઓશ્રીએ દર્શાવ્યો છે. જેથી, સાધક ક્યાંય ભૂલો ન પડે. 'આધ્યાત્મિક જીવન' કે 'સાધના'-એ શોખ ખાતર કે વિચાર અને બુદ્ધિના દેખાડા ખાતર સ્વીકારનાર કેવી થાપ ખાય છે, એ દર્શાવ્યું છે. આથી, આને માટે 'રસ' કેળવવાની રીત પણ તેઓશ્રીએ સૂચવી છે. જીવમાત્ર દિવ્ય થઈ શકે છે અને દિવ્ય બની રહે એવી શક્યતા છે. એની શરતોય છે. એ પૂજ્ય શ્રીમોટાએ દર્શાવી છે.

પૂજ્ય શ્રીમોટા પાસેથી આવી ગૂઢ-ગહન વાતો બહાર આણવાનું નિમિત્ત બનનાર શ્રી રમણભાઈ અમીન સદ્‌ભાગી બન્યા છે. એમણે એ સદ્‌ભાગ્ય સૌને વહેંચ્યું છે. આ સત્સંગ ટેપમાં

ઉતારી લેવાની મંજૂરી પણ પૂજ્ય શ્રીમોટાએ પ્રેમથી આપી છે. એક ક્ષણે પૂજ્ય શ્રીમોટા, શ્રી રમણભાઈને કહે છે કે, 'તમારે પ્રશ્નો સાથે પેલું મશીન પણ લાવવું.' આ સૂચનને પરિણામે પૂજ્ય શ્રીમોટાનાં હજારો સ્વજનો સુધી આ વાણી પહોંચી શકી છે. પૂજ્ય શ્રીમોટાનાં એમનાં સ્વજનો પ્રતિના પ્રેમનો આ કેવો મધુર આવિષ્કાર છે ! કેટલીક વાર એવું બન્યું છે કે કશું જ પૂછ્યા વિના પૂજ્ય શ્રીમોટાએ જ વાત શરૂ કરી છે.

પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગમાં આધ્યાત્મિક વિજ્ઞાનનું વિજ્ઞાન રજૂ કર્યું છે. હાલનો કાળ આંતરબાહ્ય વિકાસ માટે કેટલો અનુકૂળ છે, એ પણ દર્શાવ્યું છે. પૂજ્ય શ્રીમોટાની વિકાસવાર્તા સંસારને સાથે રાખીને જ ચાલતી રહી છે, એ એમની વિશેષતા છે. સંસારના સ્વીકારની પાછળ એમની આધ્યાત્મિક દૃષ્ટિ જ છે, એ તેઓશ્રીએ સરળ અને સ્પષ્ટ રીતે સમજાવ્યું છે.

આ સત્સંગનો આનંદ સૌ કોઈ માણે એવી ભાવના સાથે વિરમું છું.

અમદાવાદ-૩૮૦૦૦૮ **રમેશ મ. ભટ્ટ**
એપ્રિલ, ૧૯૮૯

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫માં ફાજલપુર (જિ. વડોદરા) ખાતેના પોતાના ફાર્મ હાઉસમાં વહેલી સવારે જિજ્ઞાસાભાવે શ્રી રમણભાઈ અમીન સાહેબને પૂજ્ય શ્રીમોટા સાથે જે સત્સંગ થયો હતો તેની પચાસ જેટલી કેસેટ્સ ઉપરથી શ્રી રમેશભાઈ ભટ્ટ દ્વારા સંપાદિત પ્રકાશનોની પ્રથમ આવૃત્તિ સને ૧૯૯૨ના અરસામાં સ્વજનોને પ્રાપ્ત થઈ હતી. એ આઠ પુસ્તકોની બીજી આવૃત્તિ પણ સદ્‌ગત શ્રી રમણભાઈ અમીનનાં સુપુત્રી શ્રી જ્યોતિબહેને લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડ, વડોદરામાં જ મુદ્રિત કરી હરિઃૐ આશ્રમ, નડિયાદને સુપ્રત કરી હતી, જે માટે આપણે સૌ એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ભગવાન શ્રીકૃષ્ણએ તેમની સાથે સખાભાવ રાખનાર શ્રી અર્જુનને જે બોધ સંભળાવ્યો હતો, તે દ્વારા આપણને અતિમૂલ્ય સદ્‌ગ્રંથ ‘ગીતા’ પ્રાપ્ત થયેલ છે. શ્રી રમણભાઈ સાહેબે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે હૃદયના ઊંડાણથી જે આદરભાવ અને પૂજ્ય ભાવ સેવ્યો હતો, તેના પરિણામે આપણને આ પ્રકાશનો ઉપલબ્ધ થયાં છે.

જીવનવિકાસમાં અતિ ઉપયોગી એવાં આ પ્રકાશનોની સતત માગ રહેતી હોવાથી હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા તેની ત્રીજી આવૃત્તિના પ્રકાશનનું કાર્ય થઈ રહ્યું છે. સત્સંગભર્યા આ સંવાદમાં જીવનને ઊર્ધ્વગતિ પ્રેરે એવું વિપુલ પ્રમાણમાં ભાથું ભરેલું છે. મનુષ્યના મનની સ્થિતિ, પ્રકૃતિ, વૃત્તિ, વલણ, અનુભવી સાથેનાં

નિમિત્ત, જન્મમૃત્યુ વગેરે અનેક ગૂઢ વિષયો ઉપર સરળ ભાષામાં શ્રીમોટાએ સમજણ આપી છે. એ માટે આપણે સૌ શ્રીમોટાના સદાના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ દેહત્યાગ પણ ફાજલપુર ફાર્મ હાઉસમાં કર્યો અને એ દેહના અંતિમ સંસ્કાર શ્રી રમણભાઈ સાહેબના હસ્તે થયા. સત્સંગ ઉપરાંત, આ ઘટના પણ ઉલ્લેખનીય અને આગવું મહત્ત્વ ધરાવે છે.

આ પુસ્તકની સૂચિ સુધારા વધારા સહિત તૈયાર કરી આપવા બદલ શ્રી કમલેશભાઈ શેઠના અમો ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

અમને આશા અને શ્રદ્ધા છે કે આ અમૂલ્ય સાહિત્યનું સેવન, મનન, ચિંતવન અને યથાશક્તિ આચરણ સ્વજનોને જીવનવિકાસમાં ખૂબ જ સહાયક બની રહેશે.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પાપપુણ્ય | ૧ |
| ૨. | કુદરતની અનિયમિતતાનો હેતુ | ૪ |
| ૩. | સાત વ્યક્તિ એટલે ? | ૮ |
| ૪. | હાઈસ્કૂલનું એક સ્મરણ : મહાભારત વિશે નિબંધ | ૧૧ |
| ૫. | મંત્રથી પ્રજોત્પત્તિ | ૧૪ |
| ૬. | કૃપા માટે પાત્રતા | ૧૮ |
| ૭. | જીવમાત્રમાં નિગૂઢ પ્રભુ | ૩૧ |
| ૮. | સલામતી | ૩૪ |
| ૯. | અનુભવ : અદ્વૈતનો-દ્વૈતનો | ૪૧ |
| ૧૦. | ત્યાગ અને તપ | ૪૫ |
| ૧૧. | અનુભવીનું હાર્દ સમજવું મુશ્કેલ | ૪૮ |
| ૧૨. | સત્ય ઝીલવાની તૈયારી | ૫૧ |
| ૧૩. | જન્મ પુનર્જન્મ | ૫૭ |
| ૧૪. | શબ્દની શક્તિ | ૬૫ |
| ૧૫. | ઊર્ધ્વગમન કરવા... | ૭૫ |
| ૧૬. | સંસારમાં તરવાની રીત | ૮૪ |
| ૧૭. | રાજા રામમોહન રાય અને ટાગોર | ૮૯ |
| ૧૮. | પ્રભુની પધરામણીનાં એંધાણ | ૯૩ |
| ૧૯. | એકલો | ૯૯ |


❑

# જન્મ પુનર્જન્મ

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# (૧) પાપપુણ્ય

**સ્વજન :** મોટા, પાપપુણ્ય વિશે જાણવું છે.

**શ્રીમોટા :** પાપપુણ્યની વ્યાખ્યા માણસે સમજવી જોઈએ. મારું સાચું જ છે એવો મારો દાવો નથી, પણ મેં મારી મેળે, મારા મન સાથે સમાધાન મેળવી લીધું છે. આ સામાન્ય જનસમાજની માન્યતા છે કે આ રોગ થયો એટલે પાપ છે. પોતાના શરીરનાં અનેક કારણોને લીધે શરીરને રોગ થાય છે. એ યોગ્ય રીતે રાખ્યું નહિ-અમુક રીતે વર્ત્યો-એને લીધે શરીરને રોગ થયા. પાપને એનું કારણ માને એ ખોટું છે. શરીરના જે અવયવો છે, એ તારાં અમુક કારણોને લીધે યથાયોગ્ય પ્રમાણે જે રીતે રાખવા જોઈએ અથવા રહેવા જોઈએ એ રીતે ના રહ્યા. રહેવું, ખાવું, પીવું, એ બધું યથાયોગ્ય ન થતાં રોગ થયો, એમાં પાપને કંઈ સંબંધ નથી, પણ આપણે બધાં એમ માનીએ કે રોગ થયા, આ થયું, તે થયું એ પાપને લીધે થયું. એટલે પાપ શું એ આપણે વિચારીએ. જો પાપપુણ્યની હયાતી ગણીએ તો એક તરફી જ છે. પાપ અને પુણ્યનું અસ્તિત્વ માત્ર કલ્પિત જ છે. લોકોને સત્કર્મ તરફ વાળવા માટેનો આ એક રાજમાર્ગ છે. આ તો મેં મારી મેળે સમાધાન મેળવ્યું તે કહું છું હોં ! સાચું છે એવો મારો દાવો નથી.

પછીથી મેં વિચાર્યું કે ઘણા લોકો ખરાબ કર્મ કરે તેને પાપ કહે. કર્મ સારાં અને ખોટાં બે હોય છે. દેખીતી રીતે સારાં કર્મ હોય. ખરાબ કર્મ હોય. ચોરી કરવી, ખૂન કરવું, કોઈને મારવું, હેરાન કરવું, આ બધાં ખરાબ કર્મો કહેવાય. અમુક પુનર્જન્મનાં પાપ કહેવાય. કોઈનું ભલું કરવું વગેરે

સારાં કર્મો કહેવાય. ત્યારે પેલાં કર્મ છે, તે આપણામાં પાપ ઉપજાવે છે અને જે સારાં કર્મો છે, તે પુણ્ય ઉપજાવે છે. પાપ પુણ્ય અંગે આમ છે કે બીજું કોઈ કારણ છે ?

મેં મારા મનથી વિચાર્યું કે આ કર્મ પોતે બનતા નથી. કર્મ સ્વતંત્ર નથી, તો કોના ઉપર કર્મનો આધાર છે ? કર્મનો આધાર મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ઉપર છે. તે કર્મ પોતાની મેળે બનતું નથી. એ તો આપણું મન, આપણી બુદ્ધિ સ્વીકારે તેવી વાત છે. હવે કોઈક ઉત્તમ માણસ છે. સારા વિચારવાળો અને દુનિયાદારીની દૃષ્ટિએ ખોટું કામ-પાપ જેવું કામ કરે છે. હવે, એ કામ કરતી વખતે એનાં મનાદિકરણ- મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ કોઈ ઉત્તમ પ્રકારની વિચારસરણીમાં, કોઈક ભાવનામાં જ રમતાં હોય. હું કહું છું તે આપ સમજો છો ? દેખાય છે તેવો નહિ. પાપ કરતો હોય, પણ એનાં મનાદિકરણ ઉત્તમ ભાવનામાં રમે છે. તેનો અંદરનો જે હેતુ છે, તે પ્રમાણે પરિણામ છે. તેનો હેતુ ઉત્તમ છે. દાક્તર છે એ ઑપરેશન કરે છે. ચપ્પુ ચલાવે છે. ચોરેય ચપ્પુ ચલાવે છે. કર્મનો પ્રકાર એક, પણ પરિણામ હેતુમાં. જે દાક્તર ઑપરેશન કરે છે-ચપ્પુ ચલાવે છે, પણ એનો હેતુ સારો છે, એ પુણ્યનું કામ કરે છે. દેખીતી રીતે આપણને લાગે કે પાપ, પણ એ પુણ્યનું કામ કરે છે. તેવી રીતે આ કર્મ-દેખીતાં કર્મ- પાપનાં કે પુણ્યનાં-તે પાપપુણ્ય નથી, પણ કર્મ કરતી વખતે એનાં મનાદિકરણ કેવી રીતે વર્તતાં હોય છે, એ એનું થરમૉમિટર-(માપ-લક્ષણ) છે, પણ મનાદિકરણમાં તો કોણ પહોંચી શકે ? એટલે દેખીતી રીતે આ સૃષ્ટિમાં આ જે કર્મ

થયા કરે, એના પરથી લોકો પાપ કે પુણ્યનો પ્રકાર સમજ્યા કરે. બાકી, બીજી રીતે સમજે નહિ. આપણા સારાપણાનો અને ખોટાપણાનો બધો આધાર મનાદિકરણ ઉપર છે. કર્મ કરતી વખતે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ કઈ રીતે વર્તે છે ? એનું ધ્યાન રાખવાનું હોય.

તા. ૧૯-૯-૧૯૭૪

❑

# (૨) કુદરતની અનિયમિતતાનો હેતુ

**સ્વજન :** મોટા, આ વરસાદ નથી પડતો અથવા તો બહુ ઈરેગ્યુલર-(અનિયમિત) થઈ ગયો છે આપણા દેશમાં-એની પાછળ અથવા તો હિંદુસ્તાનની અંદર અત્યારે જે એક જાતનું ડેવલપમેન્ટ-(વિકાસ) થઈ રહ્યું છે એની અંદર એવો કૉસ્મિક-(વૈશ્વિક)નો હેતુ પણ હોઈ શકે ? મદદ કરવા માટે પણ અમુક જાતના આવા સંજોગો રચાતા હોય એવુંય બને ખરું ?

**શ્રીમોટા :** એવું નહિ. એનું કારણ બે રીતે બતાવી શકાય. એક તો દરેક વસ્તુમાં ફેરફાર થાય છે. આ સ્થૂળ વસ્તુઓમાં ફેરફાર થાય. જગતમાં ફેરફારનો નિયમ છે. એવી રીતે વરસાદનું આ જે વાતાવરણ છે અને એના પ્રવાહોની દિશા છે, એ પણ કેટલાંક વર્ષે ફેરવાય છે, એ એક કારણ છે અને બીજું કારણ-એણે **'ગીતા'**માં આપ્યું છે કે યજ્ઞથી વરસાદ થાય છે. અહીં યજ્ઞનો અર્થ કર્મ છે. યજ્ઞનો અર્થ આહુતિ આપવી એ નહિ. એનો અર્થ કર્મ છે. એ કર્મ-મનષ્યના જેવા જેવા પ્રકારનાં-એવું પરિણામ. અત્યારે મનુષ્યનાં કર્મ એટલાં બધાં અનીતિવાળાં-પ્રપંચવાળાં-અને એવાં બધાં થઈ ગયાં છે. એવાં બધાં કર્મના પ્રભાવથી પણ વરસાદની આવી ગતિ છે. આ બે કારણો મને જડ્યાં. એક ત્રીજું કારણ છે. ત્રીજું કારણ એ કે આખા જગતમાં જીવનનો જે પ્રવાહ ચાલી રહેલો છે, એ પ્રવાહ એની મેળે કંઈ બદલાવાનો નથી. કોઈ આકસ્મિક કોઈ સંજોગો આવે તો જ એ બદલાય. બાકી, એ બદલાય નહિ. ત્યારે એ બદલાવાને માટે-આપણી વૃત્તિની અંદર, મનુષ્યોની અંદર, રહેલો જે સ્વભાવ છે, એ સ્વભાવ બદલાવાનો છે, એ વાત ચોક્કસ.

નવી સૃષ્ટિ થવાની છે. નવી સૃષ્ટિ એટલે એવી પૃથ્વી નહિ. મનુષ્યોનાં મન બદલાવાનાં છે, એ વાત પણ મારા મનથી નક્કી છે. એના માટે જે વાતાવરણ થવું જોઈએ, એ વાતવરણ આપણાથી કંઈ થવાનું નથી. માણસોથી થવાનું નથી. એ તો ભગવાન જ પોતે કરશે. એ કરે છે કેવી રીતે કે આ જે આંતરિક સૃષ્ટિ છે-આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્, એ જેમ આપણા શરીરની અંદર છે, એવી રીતે વાતાવરણમાં પણ છે. આપણા સંસ્કારો, આપણા વિચારો-એ પણ વાતાવરણમાં છે. આટલી ઓરડીની અંદર કેટલા બધા દેશના વિચારો છે ! એ હજુ બુદ્ધિથી મનાય તેવી હકીકત છે, તેવી રીતે આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની અંદર-આ અવકાશની અંદર છે. ત્યારે એ અવકાશને બદલવાને માટે જુદા જુદા પ્રયોગો થશે. આ આખું યુનિવર્સ-(બ્રહ્માંડ) છે. એમાં જુદા જુદા પ્રયોગો થશે.

આ બે કારણ તો વરસાદનાં મેં કહ્યાં. ત્રીજું કારણ મારા મનથી-આ તો ખરું છે કે ખોટું તે જાણતો નથી, પણ મારા મનથી સમાધાન કરેલું કે એ જુદી જુદી રીતે બદલાશે. વરસાદનાં કારણથી જ બદલાશે. વરસાદ અનેક રીતે જુદી જુદી રીતે એના પ્રવાહ બદલશે અને એ બદલીને જુદા જુદા ફેરફારો કરશે. વરસાદને લીધે જુદા જુદા ફેરફારો થાય છે. એ તો આપણાથી મનાય તેવી હકીકત છે. ત્યારે વરસાદને લીધે મનુષ્યનાં મનમાં પણ ફેરફારો થવાના અને તેવા ફેરફારો આ અવકાશની અંદર પણ થવાના અને ત્યાર પછી મનુષ્યનાં આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની અસર હોય, તેના ઉપર પણ અસર

થવાની અને તેના ઉપરથી પછી કોઈ નવું સર્જન થશે. વાર ઘણી લાગશે, પણ આ સૃષ્ટિના વરસાદના પ્રવાહો બદલાતા રહે છે, એ એનું જ્ઞાન હવે વધારે લોકોને થશે. આ સાયન્ટીસ્ટો-(વૈજ્ઞાનિકો)ને થશે. થતું જતું હશે. જાણતા હશે કદાચ, પણ આ પ્રવાહો બદલાતા જશે.

મને જે સમજણ ઘણાં વર્ષથી પડી છે કે અમારા દેશમાં હમણાં સમૃદ્ધિ થવાની નથી. કૅઑસ-(અંધાધૂંધી) થવાનો છે. આવાં વર્ષ થયાં હશે ત્યારે જે કૅઑસ થશેને ! એની મેળે થોડો કંઈ કૅઑસ થાય ? એવી પરિસ્થિતિ ઊપજવી જોઈએ-એવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય, એવાં ઘણાં બધાં કારણો હવે થવાં લાગ્યાં છે, મને તો દેખાય છે. બહુ ખુલ્લી આંખોએ દેખાય છે કે આ પરિસ્થિતિ આ કૅઑસથી થવાની છે. એનાં આ બધાં કારણો થાય છે, પણ એના માટેની જે બધી પરિસ્થિતિ થવી જોઈએ, એ હજી નથી થઈ. એની હજુ વાર છે. એટલે આ પૂરો કૅઑસ થયો નથી. બાકી, એનાં કારણોની શરૂઆત થઈ ગઈ છે. હમણાં ગુજરાતમાં દુકાળ પડ્યો. કેટલો બધો દુકાળ પડ્યો. કેટલી બધી ઊથલપાથલ થશે એની આપણને ખબર નહિ પડે, પણ સમાજમાં ઘણી ઊથલપાથલ થશે.

**સ્વજન :** મોટા, આ કૅઑટિક સિચ્યુએશન-(ગોટાળા ભરેલી વ્યવસ્થા) જ્યારે આખા દેશમાં આવે ત્યારે અમુક જ સ્થળોએ વધે, અમુક સ્થળે ઘટે, અમુક સ્થળે નવું બંધારણ શરૂ થઈ જાય. એવું બધું થઈ જવાનુંને !

**શ્રીમોટા :** એવું થવાનું ખરું. આખી દુનિયા લય થવા લાગી ત્યારે હોડીમાં બેઠેલા એટલા તો બચી ગયા. જ્યારે એ

કૅઑસ થાય ત્યારે એવું થવાનું ખરું. મેં વાંચ્યું નથી, પણ આ સાત માણસો નવી સૃષ્ટિ ઉત્પન્ન કરશે, મારી કલ્પના મુજબ. આ કૅઑસ આવ્યો છે તેમાં સૃષ્ટિ લય પામે એવી જાતનો કૅઑસ નથી થવાનો, પણ માણસ નવનિર્માણ કરશે. સાત માણસો આ ભૂમિ પર પાકશે.

વિસ્તાર અને સંકોચ. એ બધાં કબૂલ કરશે કે વિસ્તાર થાય પછી અમુક કાળે સંકોચ પણ થાય, તો સંકોચ થાય તો બધું જ શૂન્યમાં પણ આવી જાયને ! એ બધું જ સમાઈ ગયું શૂન્યમાં. એ આપણી બુદ્ધિ કબૂલ કરે તેવું છે. આ બધું જ-આ બધા ખેલ-માયાનો ખેલ-એવા છે કે વિસ્તાર થયેલો છે. કોઈ કાળે શૂન્ય થઈ જશે. ક્યારે થાય તે નક્કી કહેવાય નહિ, પણ એવો વખત આવશે કે શૂન્ય થઈ જાય-એમાં બધું હોવા છતાં ! શૂન્યમાં બધું જ હોય. શૂન્ય એટલે નેગેટિવ શૂન્ય નહિ, પૉઝિટિવ શૂન્ય, કારણ કે વિકાસ થાય તો-વિકાસ અને શૂન્ય એ બે રિલેટિવ-(સાપેક્ષ) છે. વિકાસ થયેલું આખરે શૂન્ય થવાનું જ છે. આજે આપણે બુદ્ધિથી સ્વીકારીએ છીએ, તો એ જ સત્ય બ્રહ્માંડને લાગુ પડે છે.

તા. ૧૯-૯-૧૯૭૪

❑

## (૩) સાત વ્યક્તિ એટલે ?

**સ્વજન :** મોટા, હમણાં જે કહ્યું કે આ કૅઓટિક સિચ્યુએશન-(ગોટાળા ભરેલી વ્યવસ્થા) થાય એમાંથી નવું નિર્માણ થાય, તે સાત વ્યક્તિઓ દ્વારા થાય. એ જરા વધારે સમજાવોને !

**શ્રીમોટા :** રચનામાં 'સાત' એક બહુ મોટો ભાગ ભજવે. ત્રણ અને સાત એ બે ભેગા છે અને મોટો ભાગ ભજવે છે. જે તે બધું ત્રણનું બનેલું છે. આ સૃષ્ટિમાં જુદા જુદા સાત ભાગ પાડેલા છે. સાત રંગ, સાત રોગ એવું ઘણું બધું સાત સાત છે. સાત તળ-વિતળ-અતળ-પાતાળ-એ આ પૃથ્વીના બ્રહ્માંડના સાત ભાગ છે. આ તો કોઈ માને નહિ, પણ મનુષ્યની જાતિ પણ સાત પ્રકારની છે અને દેવો પણ સાત પ્રકારના છે. એટલે આ બધા જ્યારે કૅઑસ થાય અને પછી સારું સર્જન થવા માંડે ત્યારે આ બધા અંદર ભાગ લેવા માંડે. એટલે સાત પ્રકારના ઋષિ જેવા મનુષ્યો હોય, તે પણ અંદર ભાગ લે અને સાત પ્રકારનાં જે જે બધાં દિવ્ય તત્ત્વો છે. દિવ્ય એટલે કારણ તત્ત્વો, સૂક્ષ્મ તત્ત્વો અને સ્થૂળ તત્ત્વો છે, એ બધાં પણ ત્યાં રહે છે. એ ઉત્થાનમાં ભાગ લે છે.

શરૂઆતનો ગાળો બહુ ઉત્તમ પ્રકારનો. જો આપણી પાસે વેદનું સાહિત્ય ન હોત, તો આપણે બોલત નહિ. કમ્પૅરિઝન-(તુલના) કરવાનું આપણી પાસે કંઈ હોત જ નહિ. કંઈ કશું જ હોત નહિ. વેદકાળનું લિટરેચર-(સાહિત્ય) આપણે વાંચીએ છીએ ત્યારે સમજાય છે કે એ લોકો આપણા કરતાં માનસિક રીતે ઊંચા હતા. એ કબૂલ કર્યા વગર છૂટકો નથી, કારણ કે કેટકેટલા અલૌકિક વિચારો બેઝમાં-(પાયામાં) મૂક્યા છે ! પણ

હજુ લોકોના કન્સેપ્શનમાં-(ખ્યાલમાં) નથી આવતો. આ લોકો બહુ ઉત્તમ પ્રકારના હતા. એવી રીતે આ પૃથ્વી પર જ્યારે કૅઑસ થઈ જાય અને ફરીથી એનું નવું ફૉર્મેશન-(રચના) થવાનો વખત આવે ત્યારે ત્યાં સાતે સાત તત્ત્વો-જુદાં જુદાં પ્રકારનાં-એમાં ભાગ લેવાનાં જ. ત્યારે જ નવું ઊભું થશે. એ બધું ઉત્તમ પ્રકારનું છે અને તે સર્જન કરી જાય છે.

માત્ર પૃથ્વી ઉપર જ નહિ. આવી કેટલીય પૃથ્વીઓ લય થયા કરતી હશે. કેટલાય ગ્રહો બ્રહ્માંડમાં-અનંતાનંત કહેવાય. એમાં કેટલાંય ઠેકાણે આવું બધું ચાલ્યા કરતું હશે. નાશ અને સર્જન બેઉ સાથે ને સાથે જ ચાલે છે. આવું થતું હશે ત્યારે આવાં બધાં તત્ત્વો ભાગ લેતાં હશે અને પાછું સર્જન થયા કરે.

તો પહેલાં તેણે વિચાર કરવો જોઈએ કે આપણે શેનાથી બચવું છે ? જો ધનદોલતથી બચવું હોય, તો તે પ્રકારનો વિચાર કર, પછી છૈયાંછોકરાંથી બચવું હોય, તો તે પ્રકારનો વિચાર કર, સંસારથી બચવાનું હોય, તો તે પ્રકારનો વિચાર કર. જ્ઞાની પુરુષ તો કંઈ વિચાર કરતો નથી. એ તો કહે, 'જે બધાંનું થશે એ મારું થશે.' મારું શું થશે ?-તેનો વિચાર એ કરતો નથી. જે થવાનું હશે તે થશે એમ વિચારીને એ પડ્યો રહે છે, પણ આવું આવવાનું છે અને એમાંથી બચવું હોય તો વિચારવું. દા.ત., અહીં આગ લાગવાની છે, તો વીમો ઊતરાવે. આગળ પાછળ પાણી-બંબાની વ્યવસ્થા કરશે. ચારે તરફ પાણીની ધારો થશે કે ઓલવાઈ જાય. કંઈ વિચાર કરી રાખ. એવી રીતે આ કૅઑસ-(અંધાધૂંધી) આવવાનો છે. બધું ઊથલપાથલ થઈ જવાનું છે. ધનની ઊથલપાથલ થાય,

ઘરબારની ઊથલપાથલ થાય, બધુંય ઊથલપાથલ થાય. આપણે બચવું શેનાથી ? તો જે રીતે વિચાર થાય એ રીતે કરાય અને આ ઊથલપાથલ થવાની છે, એ આવી જાતની થવાની. સરકારની ઊથલપાથલ થવાની છે.

❑

# (૪) હાઈસ્કૂલનું એક સ્મરણ : મહાભારત વિશે નિબંધ

હું હાઈસ્કૂલમાં ભણતો હતો. મારા એક પાટીદાર માસ્તર બહુ કડક હતા. તે કહે, ‘આજે તમે બધાં પાંચ કલાક સુધી મહાભારત વિશે લખો. તે તમારાં જેટલાં પાનાં થાય એટલાં પાનાં અમે આપીશું. બધાંને તેવાં પાનાં આપ્યાં. હવે બધાંને લખવાનું આવ્યું, પણ કોઈક તો કલાકમાં ઊઠી ગયા. હું ત્રણ કલાક બેઠો. હું એકલો જ હોં ! બીજું કોઈ બેઠેલું નહિ ત્યાં.

મેં તો બધું લખ્યું કે, આ ધર્મની જે વાત છે તે વાત જ ખોટી છે. આ મહાભારત તો રાગદ્વેષનો ઈતિહાસ છે. બધા પિતરાઈ ભાઈઓ માંહોમાંહે કેવી રીતના લડ્યા, તે આખો રાગદ્વેષનો ઈતિહાસ છે. ખરી રીતે તપાસો, મૂળમાં સમજો તો આ મહાભારત રાગદ્વેષ છે. સાથે ઊછર્યા, સાથે રહ્યા-તોય કેવા રાગદ્વેષ. એકબીજા સાથે ભયંકર રાગદ્વેષ હતા, તે આ પુરવાર કરે છે. આ સંસાર આવો જ છે, તે બતાવવાનો આની પાછળ ભગવાનનો હેતુ છે. માટે પાછળથી છેલ્લું ચૅપ્ટર-(પ્રકરણ) ‘શાંતિપર્વ’ છે. એમાં ભીષ્મપિતામહ ઉપદેશ આપે છે એટલો જ ભાગ આખા મહાભારતમાં સારામાં સારો છે. આખા સમાજને માટે ગ્રહણ કરવા યોગ્ય એટલો જ ભાગ છે, પણ રાગદ્વેષની ભૂમિકા ઉપર આ ઉપદેશ ખપ લાગે નહિ. ચોંટે નહિ. જેમ કોઈ ફૂલને ચોંટાડવું હોય તો એની ભૂમિકા યોગ્ય પ્રકારની જોઈએ અથવા સુંદરમાં સુંદર કોઈ ચિત્ર હોય અને જો એનું યોગ્ય બૅક્ગ્રાઉંડ ના હોય, તો યોગ્ય પ્રકારનું એ

ચિત્ર હોય તોપણ એનું મૂલ્ય યોગ્ય પ્રકારનું ના નીપજી શકે. એ આપણાથી સમજાય તેવી વાત છે. તેવી રીતે ભીમ ઉપર દુર્યોધનના પિતાને એટલું બધું વેર કે એને મારી નાખું. એટલે એને એવો ભેટે છે, એવો ભેટે છે કે દબાઈ જાય, પણ ભીમ વજ્રકાય હતો. જેવો તેવો નહિ. તે તેની કચડમાં આવી શક્યો નહિ. આટલો બધો રાગદ્વેષ હતો. 'તમે જીત્યા તો ભલે જીત્યા, મારાં છોકરાંઓ જ છેને !' એમ ધૃતરાષ્ટ્ર પણ મન વાળી નથી શકતા. રાજકારણમાં પણ દુર્યોધનના પ્રપંચમાં કેટલાય સાથ આપે છે. તે વાત વળી જુદી. આવું બધું મેં લખ્યું.

બીજે દિવસે હેડમાસ્તરે મને બોલાવ્યો. મને કહે, 'તારે પાસ થવું છે કે નાપાસ ?' મેં કહ્યું, 'સાહેબ, પાસ થવું છે.' તો કહે, 'આવું બધું લખે છેને !' મેં કહ્યું, 'સાહેબ, જે સાચું લાગ્યું તે લખ્યું છે.' 'આપણા બાપદાદાઓ કહેતા આવ્યા છે, તે ખોટી વાત ?' તો મેં કહ્યું, 'તેય સાચી વાત. બાપદાદાઓ સાચી વાત કહેતા આવ્યા છે, પણ આપણે મહાભારતને સાચી રીતે સમજ્યાં નથી. મહાભારત તો આ દ્વેષનો-આ ઝઘડાનો ઈતિહાસ છે. એ કંઈ જ્ઞાનનું પુસ્તક નથી. મહાભારતને તમે જ્ઞાનનું પુસ્તક કહો તે કંઈ સ્વીકારી શકાય એવું નથી. તમે જાતે જ વાંચો અને એનો નિર્ણય કરો. બીજાની પાસે નિર્ણય કરાવવાની જરૂર નથી.' માસ્તર કહે, 'ચૂનીલાલ, આગળ ઉપર તું બહુ મોટો માણસ થઈશ.' મારી પીઠ થાબડી. મને વઢ્યા નહિ. પહેલાં બોલ્યા ખરા, પછી બધું મેં એમને સમજાવ્યું. પછી કહે, 'સાચી વાત છે, પણ દુનિયા જે રસ્તે જતી હોય તે રસ્તે જવું. આડે રસ્તે જવાથી પંચાત પડે. લોકો આપણને

સમજે નહિ અને ઊલટા પંચાત પાડે. માટે, લોકોએ જેમ મહાભારતને માટે કહ્યું હોય, નમસ્કાર કર્યા હોય, તો એમ થવા દેવું. જેમ બધાં કહેતાં હોય એ જ રસ્તે ચાલવું. આડાઅવળા ચાલ્યા તો આપણો પતંગ કપાઈ જવાનો. માટે, તેં લખ્યું છે તે સાચું છે. મને પણ ગમ્યું છે, પણ પરીક્ષામાં આવું લખીશ નહિ.'

મેં ભીષ્મનો બચાવ કરેલો કે પોતાના ભાઈઓને કોઈ પરણાવતું ન હતું. આટલા મોટા રાજાનાં છોકરાંઓ હતાં. હિંદુસ્તાનનું મોટામાં મોટું રાજ્ય કહેવાય, પણ કોઈ છોકરી આપતા ન હતા, કારણ કે એક તો એ બધાં લેજિટિમેટ-(માન્ય) છોકરાં નહિ થયેલાંને ! પણ વ્યાસ મુનિએ પોતાના તપથી, પ્રભાવથી કરીને કોઈ છોકરીને બોલાવેલી અને તેનાં દ્વારા ધૃતરાષ્ટ્રનાં અનેક છોકરાંઓ થયેલાં અને દુર્યોધન નહિ હોં ! આ પાંડવો. પાંડવો આવી રીતે થયેલા. તે વખતે આવો કાળ હતો. તે કાળમાં આવો રિવાજ હતો. એ રિવાજ પ્રમાણે આપણે તેને ન્યાય આપવો જોઈએ, તો તે કાળમાં એવો રિવાજ હતો કે જેને છોકરાં ન થાય તે પરપુરુષને સાધે અને તે છોકરાં ઉત્પન્ન કરી શકે, એવો કાયદો સ્વીકારાયેલો હતો. સમાજથી સ્વીકારાયેલો હતો. આજે બીજી છોકરીઓ સાથે લગ્નની છૂટ પણ કેવી રીતે હોય ? હવે તો આ મૅરેજ ઍક્ટ-(લગ્નનો કાયદો) થવાથી છૂટ નીકળી ગઈ. એક પત્ની હોય તો બીજી પત્ની કોઈ કરી શકે નહિ.

તા. ૧૯-૯-૧૯૭૪

❑

# (૫) મંત્રથી પ્રજોત્પત્તિ

**સ્વજન :** મોટા, આ પાંડવો મંત્રથી ઉત્પન્ન થયેલા ?

**શ્રીમોટા :** હા, મંત્રથી ઉત્પન્ન થયેલા. એટલે મહાભારતમાં જે ઈતિહાસ છે તે આજથી ઘણાં વર્ષો પછી પણ સાબિત થવાનો કે સ્ત્રીપુરુષનાં સંભોગ વિના પણ બાળકો પેદાં થઈ શકે છે. એ હકીકત ઘણાં વર્ષો પછી સાબિત થશે. જે હકીકત બની છે તેને હું સાચી માનું છું, કારણ કે એટલું બધું સંકલ્પબળ હોય છે. આજે શક્ય લાગતું નથી, પણ સાયન્સે તો શક્ય કર્યું કે વીર્યથી એ ઉત્પન્ન થઈ શકે છે. એવા પ્રયોગો આપણા દેશમાં નથી થયા, પણ પરદેશમાં થયા છે, આપણા દેશમાં એને માટે કુટુંબની ભૂમિકા તૈયાર નથી. એટલે શું ? કોઈ પ્રતિષ્ઠાવાળો પૈસાદાર માણસ કરાવે તો સમાજ એનો વાંધો લે નહિ, પણ ગરીબ માણસ કરાવી શકે નહિ. એટલે એ જે જાણે કે અત્યારે શક્ય થયું છે, પણ આ તો કોઈ પણ સાધન વિના માત્ર મંત્રથી કે સંકલ્પથી પાંચ પાંડવો થયેલા, પણ એની પાછળ વ્યાસ ઋષિનું બળ હતું, એકલું કુંતીમાતાનું બળ નહિ.

કુંતીમાતા તો શક્તિશાળી બાઈ હતી. બહુ કુનેહવાળી બાઈ હતી અને એને મહાભારતમાં જે ચીતરી છે, એ બૅક્ગ્રાઉંડ ઉપરથી બહુ મોટો ભાગ કંઈ આવતો નથી. કુંતીમાતા કાવતરામાં કે કંઈ કશામાં એ આવતી નથી. એ રાગદ્વેષથી પ્રેરાયેલી બાઈ નથી અને એણે એવી જાતની સલાહ પણ પોતાનાં છોકરાંઓને આપી નથી. પોતાનાં છોકરાંઓને અને પોતાની શોક્યનાં છોકરાંને પણ પોતાનાં છોકરાં કરતાં વધારે

સારી રીતે રાખેલાં. એવું દૃષ્ટાંત આ જગતમાં બહુ ઓછું જ જોવા મળશે. એ પણ એમાં સારો પૉઈન્ટ-(મુદ્દો) છે. પોતાના દીકરાઓ કરતાં પણ તેમના પર તેમણે વધારે વહાલ રાખ્યું, એમ મહાભારત કહે છે. એ રીતે મહાભારતકારે કુંતીનું ચારિત્ર્ય બહુ મોટી કક્ષા પર મૂક્યું છે. જેટલાં ચારિત્ર્યો અંદર આવે છે એમાં આનું સારું. પુરુષમાં એકલા ભીષ્મનું. ભીષ્મના હાથે તો અન્યાયો થયેલા છે, પણ કુંતીના હાથે કોઈ પણ વાર અન્યાય થયેલો નથી. એકવાર પણ નહિ. આ તો મહાભારતે કહેલું છે. આ તો નાનપણમાં જે વિચારો આવેલા તે કહ્યા.

પણ રાગદ્વેષ નીકળવા બહુ સરળ નહિ. એ રાગ અને દ્વેષ બે શબ્દ છે. રાગની અંદર કેટલા બધા આવી જાય. મોહ જે આવે તે રાગના સેક્શન-(વિભાગ)માં અને ક્રોધ અને આ બધા દ્વેષના સેક્શનમાં આવી જાય. કામ, મોહ, લોભની વાત જવા દો, કેમ કે એ જે છે એ માત્ર સ્પર્શે છે, ભેટે છે, બધું કરે છે, પણ એને ખરાબ ભાવ કે મારી નાખવાનો કે દ્વેષ કે હિંસા કે એવું એના મનમાં નહિ થાય. જ્યારે ક્રોધમાં એવું થશે. માટે, શાસ્ત્રકારોએ આ બધાંનું મળીને એક જોડકું કર્યું છે-રાગદ્વેષ. આ બધાંનું મૂળ જ રાગદ્વેષ છે. એમ એ લોકોએ નક્કી કરી લીધું. માટે, આ રાગદ્વેષને મોળા પાડો. જૈન ધર્મમાં પણ એ જ વાત મુખ્ય આવી કે આ રાગદ્વેષને મોળા પાડો અને એ છૂટે એમ કરો. એણે મૂળ વાત કરી.

જો આપણા જીવનમાંથી રાગદ્વેષ જાય તો બીજું ઘણું એની મેળે જતું રહે. તો કહે, 'જાય શી રીતે ?' તો ભાઈ, બધા જીવો પરત્વે સદ્ભાવ જ રાખો. કોઈના તરફ કંઈ કટુભાવ

નહિ. બધાંય માટે સદ્ભાવ અને ખાસ કરીને જેના તરફ તમને અણગમો હોય, તે અણગમાવાળાને સામે જઈને તમે ભેટો. તેને જઈને અવારનવાર મળો. તેનાં કામ કરો. એ ઇચ્છે કે ના ઇચ્છે તેનો કંઈ સવાલ નથી, પણ આપણે તો આપણા માટે કરવું છે. આ નંદુભાઈ જ્યારે મને પહેલવહેલા મળ્યા ત્યારે કહ્યું, 'મોટા, મારે તમને ગુરુ કરવા છે.' તો મેં કહ્યું, 'હું કોઈને મારો ચેલો બનાવતો નથી. હું ચેલો બનાવવા જન્મ્યો નથી. હું કોઈનો ગુરુ થઈ શકતો નથી.' 'મારે તમારા ગાઇડન્સ-(માર્ગદર્શન) નીચે રહેવું છે.' તો મેં કહ્યું, 'તો રહો. એ વાત બરોબર છે, પણ એ પહેલાં શરત મંજૂર કરવી પડશે.' તો કહે, 'કરીશ. કઈ ?' 'જેના તરફ તમારો વધારેમાં વધારે અણગમો હોય, તેને જાહેરમાં જઈને તમે પગે લાગો. સાષ્ટાંગ દંડવત્ કરો. સેવા કરો. પહેલું એ કામ કરો. જેના માટે રાગદ્વેષ તમારા મનમાં હોય, જેના સામું પણ તમે ના જુઓ, તેને જાહેરમાં તમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરો. અને એની સેવા કરો અને પછી મારી પાસે આવો.' એમણે કર્યું, સાહેબ. એની સેવાય કરી. અને પછી પેલો માણસ નંદુભાઈને ભેટ્યો. 'શાબાશ, ધન્યવાદ છે તને. તારા પર હું રાજી થયો છું.' ત્યાર પછી નંદુભાઈને મેં આ માર્ગમાં લીધા, તે સિવાય નહિ.

રાગદ્વેષ એક એવું જોડકું છે કે જે કામક્રોધાદિને ઘટાડે છે અને કામક્રોધાદિને વધારે પણ છે. આ સંસારમાં કટુતા પણ એ લાવે છે અને મધુરતા પણ એ પ્રગટાવે છે. 'રાગદ્વેષ મધુરતા કંઈ પ્રગટાવતી હશે ?' એમ આપણને સવાલ થાય એ સ્વાભાવિક છે. જે રાગદ્વેષ સપૂચો ઘટી ગયેલો હોય તેવો

રાગદ્વેષ જીવનમાં મધુરતા પ્રગટાવી શકે, બાકી તો નહિ. એટલે મૂળમાં તો રાગદ્વેષ કેટલી હદ સુધી કેટલું નુકસાન કરી શકે- કૌરવો પોતાના ભાઈઓને મારી નાખવા જાય છે. લાક્ષાગારમાં પૂરીને બાળીને મારી નાખવા તૈયાર થયા. તે આખું મહાભારત રાગદ્વેષનું દર્શન કરાવવાને માટે છે કે રાગદ્વેષ આવા છે. માટે, તમે ચેતો. એ પુસ્તકને હું આ રીતે બહુ ઉત્તમ ગણું કે રાગદ્વેષનું આવું સ્પષ્ટ ચિત્ર આપણા ઇતિહાસમાં કોઈ કથાકારે આપ્યું નથી. જેથી ચેતીએ કે આ રાગદ્વેષ કેવી રીતે આપણાય જીવનને અને બીજાનાય જીવનને ખલાસ કરી નાખે છે. આ બધું મેં પેલા ઇતિહાસમાં લખેલું. આપે શું પૂછ્યું હતું ?

તા. ૧૯-૯-૧૯૭૪

❑

# (૬) કૃપા માટે પાત્રતા

**સ્વજન :** મેં તો કૃપા પર પૂછેલું. કે આપણા ઉપર કૃપા વરસી રહેલી છે, એટલે ધારો કે રાગદ્વેષ મોળા થાય તો પછી આપણી એકાગ્રતા કૃપાની જોડે થાય ?

**શ્રીમોટા :** થાય. જે વખતે કૃપા આપણી ખુલ્લી થઈ, તે વખતે આકાશમાંથી કે ક્યાંયથી તત્ત્વ આવવાનું છે તેવી સમજણ ખોટી છે. તે એની મેળે મળે છે. તે વખતે 'માંહ્યલો' પ્રગટે છે. અત્યારે દેખાતો નથી, પ્રવર્તમાન નથી લાગતો, કારણ કે તેનાં પર આવરણો છે.

આપણા દેશમાં એક મંદિર છે. હું એ જોવા ગયેલો. એ લોકેશન-(સ્થળ) હું અત્યારે કહી શકતો નથી, પણ દક્ષિણમાં છે. એક મહાત્માએ એમ વિચાર્યું કે આ 'માંહ્યલો'-આ ભગવાન છે.-આત્મા છે-એ આત્માને બધાં આવરણો છે, એટલે એ દેખાતો નથી. એ છે તો ખરો, પણ આવરણોને લીધે દેખાતો નથી. એટલે એણે એક મંદિર બનાવ્યું. આ મંદિરમાં એક ઘોડો રાખ્યો. એ ઘોડાની અંદર ઘીનો દીવો અખંડ જલતો રાખ્યો અને એની આગળ સાત પડદા રાખ્યા. સાત પડદાની પાછળ પેલો દીવો હોય તો શી રીતે દેખાય ? એ જ્યારે પુષ્ય નક્ષત્ર આવે ત્યારે એ પુષ્ય નક્ષત્રમાં એ પડદાની પાછળના દીવાનાં દર્શન લોકોને કરાવે. એનો અર્થ એ છે કે આપણો માંહ્યલો છે, પણ માંહ્યલો આવરણોની પાછળ છે. એટલે માંહ્યલો દેખાતો નથી, પણ માંહ્યલો વર્ક કરે છે ખરો, પણ જે ચૅનલ પડી ગઈ છે, તે ચૅનલ દ્વારા વર્ક કરે. દા.ત., નદીની ચૅનલ-(પટ) પડી ગઈ હોય, તો ગમે તેવા ગંદે રસ્તે જતી હોય. કોઈ ચૅનલ બાગ-બગીચાના

સુંદર રસ્તે પણ જતી હોય. કોઈ ચૅનલ ગામ વચ્ચે થઈને જતી હોય. તેમ પેલી ચૅનલ આપણને ગંદી લાગે. જોવીય ના ગમે. કોઈ ચૅનલ પર આપણને બેસી રહેવાનું મન થાય. આ કેવું સુંદર છે ! એવી રીતે આ જે અંદર માંહ્યલો છે, એ પ્રકૃતિની સ્થિતિમાં આવી પડેલો છે અને પ્રકૃતિની સ્થિતિમાં એ પડેલો હોવાથી પ્રકૃતિની રીતે વર્તે છે. એટલે આપણે એને સમજી શકતાં નથી. એ બંનેને નોખા કરી શકતાં નથી. આપણામાં એવી શક્તિ નથી અથવા તો અનુભવ આપણામાં પ્રગટ્યો નથી. આપણે એ કરીએ છીએ એમ ભલે માનીએ, ખરી રીતે એવું હોતું નથી. પેલો તો અલગ છે. તેને કંઈ લાગતું વળગતું નથી, પણ એ જાણે છે ખરો. અંદર બેઠો બેઠો જાણે છે. દ્રષ્ટા છે. સાક્ષી છે. એ જુએ છે, જાણે છે બધું, પણ વચ્ચે પડતો નથી. તમે તમારા છોકરાનું ખૂન કરી નાખો તોપણ એ વચ્ચે પડતો નથી. એની સાથે એને કશી લેવાદેવા નથી. એ તો પ્રકૃતિની દૃષ્ટિએ, સંસારની દૃષ્ટિએ તારો છોકરો છે. સત્યની દૃષ્ટિએ કે પ્રભુત્વની દૃષ્ટિએ કે એની દૃષ્ટિએ તારે એની સાથે કંઈ સગપણ નથી. તેં એનું ખૂન કરી નાખ્યું હોય, તોપણ એને કશું નથી. માંહ્યલાને કશું નથી. જ્યારે આપણે પ્રકૃતિથી મુક્ત થઈએ ત્યારે આ બધું સમજાય-ત્યારે પ્રકૃતિની લીલા સમજાય. જ્યારે પ્રકૃતિ જ કામ કરતી હોય ત્યારે આપણું મિડિયમ-(માધ્યમ) પ્રકૃતિ જ હોય. પેલી વખતે પણ પ્રકૃતિ, પણ એ આત્મા વિનાની. પ્રકૃતિ છે તે રાજા તરીકે, પછી જ્યારે આત્માનું જ્ઞાન થાય છે, એની સભાનતા થાય છે ત્યારે પેલી પ્રકૃતિ છે તે દાસી. ત્યારે પોતે રાણી નહિ, ત્યારે એ દાસી તરીકે કામ

કરે છે. કહે તેમ કામ કરે. કશું પોતાનું કોઈ પ્રકારનું વર્ચસ નહિ. પણ આત્માનું વર્ચસ ના થાય ત્યાં સુધી વર્ચસ ખરું. ત્યારે એ કૃપા આપણામાં અવતરે છે, છતી થાય છે.

અવતરવાનું કહીએ એ પણ કૉન્ટ્રાડિક્શન-(વિરોધાભાસી) છે, કેમ કે એ તો આપણા પોતાનામાં જ છે, પણ છતી ક્યારે થાય, કામ કરતી ક્યારે થાય ? એ જ એક સવાલ છે. ત્યારે દરેક ચીજ કે દરેક માણસ કે દરેક વ્યક્તિ છતી થવાને માટે પોતાનું અનુકૂળ વાતાવરણ પણ માગી લે છે એ હકીકત છે. એ હકીકતની કોઈ ના પાડી શકે એમ નથી. આપણે પાંચદશ માણસ બેઠા હોઈએ ત્યારે અમુક વાત કરવા જેવી હોય તો જ કરીએ. તો આ વાતાવરણમાં આ વાત થઈ શકશે. બાકી નહિ થઈ શકે. એ જેમ આપણને ગળે ઊતરે એવી વાત છે, એવી રીતે કૃપા છે, તે પણ માગી લે છે પોતાને વ્યક્ત થવાની સાનુકૂળતા અને ભૂમિકા. તે સિવાય કૃપા આપમેળે છતી થતી નથી. કૃપાને માટે એમ કહેલું છે કે એ કૃપા વણમાગી આવે. એને કોઈ ભૂમિકાની, કંઈ કશાની જરૂર નહિ. એમ પણ કહેવાય છે અને તે કૃપા છે. તેને કોઈ હેતુ નથી. એ અહેતુકી છે. એમ કૃપા માટે આવું કહેવાય.

એ વાત સાચી છે. ખોટી નથી. ત્યારે મને એમ લાગેલું કે સાલું, આમાં સત્ય કેટલું ? અને આપણે આ પ્રયોગ દ્વારા કેવી રીતે સાબિત કરી શકીએ ? આ હું ૧૯૨૩ની સાલની વાત કરું છું. ત્યારે મને એમ લાગ્યું કે એનો પ્રયોગ કરવાને પહેલાં તેનાં સાધનો જોઈએ. એવી રીતે આનાં પણ આપણી પાસે સાધનો જોઈએ, પણ આપણી પાસે સાધનો તો છે નહિ. તો

પહેલાં પાસે સાધનો આવવાં દો, પછી પ્રયોગ કરીએ. અત્યારે પ્રયોગ ના થાય. એનો પ્રયોગ થવાને માટે અનુભવ થવાની દશાની તૈયારી હોય-અનુભવ કમ્પ્લીટલી-(સંપૂર્ણ) ના હોય, સોએ સો ટકાનો અનુભવ થયો ના હોય, પણ થવાની તૈયારી હોય, એટલે કે ૧૪ ભૂમિકા કહીએ-તેમાં ૧૨-૧૩ ભૂમિકામાં આપણે આવીએ ત્યારે એ પ્રયોગ આપણે કરી શકવાની શક્યતાવાળા થઈએ અને ત્યારે એની જરૂર પણ પડે છે, કારણ કે ત્યારે એ ભૂમિકાઓની અંદર એવા ભયંકર સંગ્રામો આવે છે. તુલસીદાસનો એક દુહો છે : 'સુર સંગ્રામ કો દેખ કર ભાગ'-કે આ સુર લોકો છે તે સંગ્રામને જોઈને ભાગે છે, કારણ કે એની સામે આ અસુરો એવાં પ્રચંડ હથિયારો ઊંચકીને પ્રચંડ મર્દાનગીથી લડે છે કે જેની સામે આ સુરથી ટકાતું નથી. અનેક વાર હારી જાય છે અને પાછા ભગવાન પાસે જાય છે. આ તો એને એક સિમ્બૉલિક એક્સપ્રેશન-(પ્રતીકાત્મક હાવભાવ) આપ્યું-રૂપકરૂપે. ભગવાન પાસે જાય છે. ત્યાં પ્રાર્થના કરે છે અને પાછા ભગવાન પાસેથી બળ મેળવે છે. એટલે કે આપણે હારીએ ત્યારે પાછા ભગવાન પાસે જવું જોઈએ અને ભગવાનની પ્રાર્થના કરવી જોઈએ. ભગવાનનું તપ કરવું જોઈએ, ભગવાનનું સ્તવન કરવું જોઈએ. એની પાછળનો આ અર્થ છે. સંગ્રામમાં નમી જવું એ નહિ ચાલે.

જે કોઈ માર્ગે સાધક કે કોઈ પણ માણસ એ પોતાનું કર્મ કરતો હોય, તે કર્મમાં એ અણનમ રહેવો જોઈએ. તેજ-ફાસ્ટ-રહેવો જોઈએ. ગમે તેવી સ્થિતિ આવે ત્યારે નમી ના પડે. કોઈ પણ સ્થિતિ માટે આ લાગુ પડે છે કે એણે ટટાર રહેવું જોઈએ,

મજબૂત રહેવું જોઈએ. હારી ગયેલો હોય, ખલાસ થઈ ગયેલો હોય, તોપણ મર્દાનગીથી માથું ઊંચું રાખીને ટટાર રહ્યા કરે કે આજે નહિ તો કાલે હું છતો થવાનો છું. બીજી રીતે મથીશ. ગમે તેમ કરીશ-ભલે હારી ગયો હોઉં, ભલે હું ખલાસ થઈ ગયો હોઉં, પણ હું પાછો ઊઠવાનો જ છું એવો જીવતોજાગતો આત્મવિશ્વાસ એના દિલમાં જાગે અને વિશ્વાસથી, ટટારીથી માથું ઊંચું રાખે, તો ફરી એવો માણસ જરૂર ઊભો થઈ શકે. પેલાના જેટલી માલમિલકત એને ન મળે એવું કદાચ બને, પણ ઊભો થઈ શકે. લાચાર થઈને પડી જાય તો ઊલટો મરી જવાનો છે. સંસારી લોક ઊલટો એને મારી નાખશે. એને હિંમત આપનાર તો કોઈક જ નીકળશે. પણ ઘણાખરા તો એની ઉપર તૂટી પડશે. ‘લાવ મારા પૈસા, લાવ મારા પૈસા’ અને બધા આપી દેતાં પેલો ખલાસ થઈ જાય. એની પાસે કંઈ ના રહે. પછી માણસ નમાલો થઈ જાય. ત્યારે ત્યાં શાસ્ત્ર આપણને કહે છે કે, તારું માથું અણનમ રાખ અને ટટારી, મર્દાનગી, હિંમત, સાહસ, ધીરજ આવે વખતે ખપનાં છે. આવી સ્થિતિ થઈ હોય અને આવું આપણે કરીએ ત્યારે કૃપા આપણી મદદે આવે છે. જો તમે છેક નમી પડેલા હોવ તો કૃપા મદદે નહિ આવે, કૃપા મર્દાનગીને ચાહે. સાહસ, હિંમત, ધીરજ, ધૈર્ય આવા જીવતાજાગતા ગુણો જે ધારણ કરે તેને કૃપા વરે છે. એટલે આવી છેક અધોગતિની સ્થિતિમાં પણ જે આવી ગયો છે, તેમ છતાં જે અણનમ રહ્યો છે, ટટાર રહ્યો છે, મર્દાનગી દાખવે છે. ધીરજ દાખવે છે, હિંમત દાખવે છે, સાહસ દાખવે છે, હિંમત, ખંત, ઉદ્યમ, ઉત્સાહ આ બધા ગુણો હજુ ટટારીથી બરોબર દાખવી રહ્યો છે, જેણે હજુ

માથું નમાવી દીધું નથી, એવો માણસ હારતો હોય તેમ છતાં કૃપા તેને મદદ કરે છે. કૃપા એ માત્ર કાલ્પનિક હકીકત નથી. આપણે બધાં ભણેલાંગણેલાં કહીએ કે કૃપા એ માત્ર કાલ્પનિક હકીકત છે. હું પણ પહેલાં એમ માનતો હતો. હું જ્યારે ઈન્ટરમાં હતો ત્યારે આ કૃપાની વિરુદ્ધમાં મેં લખેલું કે આપણે જીવનમાં નવું કોઈ તત્ત્વ ઉત્પન્ન કરતાં નથી. ઊલટા આપણે માનેલાં ધોરણ પ્રમાણે ટ્રેડિશનલ-(રૂઢિગત) ચાલ્યાં કરીએ. એટલે આપણા જીવનનો ઉદ્ધાર થતો નથી. એવું બધું લખેલું હોં ! પણ ત્યાર પછી હું જાગ્યો. અભ્યાસ કરવા માંડ્યો. ત્યાર પછી ધીરે ધીરે એનું રહસ્ય સમજ્યો.

કૃપા એક એવું ઍલિમેન્ટ-(તત્ત્વ) છે કે તમારી ભયંકર સ્થિતિ હોય એમાં-આ ભગવાનને માર્ગે જતાં ખાસ કરીને ૯મી ભૂમિકાથી શરૂ થાય, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩મીમાં થોડી હોય. ૧૩મી પછી બિલકુલ નહિ. એને કોઈ હર્ડલ-(વિઘ્ન) નહિ. એને કશું કંઈ નડે નહિ. ત્યાં સુધી હોય, પણ એ ભયંકરમાં ભયંકર હોય, પણ ત્યાં સુધી બિયૉન્ડ અવર કન્સેપ્શન-(આપણી ગ્રહણશક્તિની બહાર) એટલી બધી ભારે લડાઈઓ-સંગ્રામો આવે છે. એ સંગ્રામોમાં-આગળના જે સંગ્રામો આવ્યા હોય તેમાં પેલો મર્દાનગીથી લડતો હોય, ત્યારે એની બુદ્ધિ, એની હિંમત, એનો ઉલ્લાસ, એનો ઉત્સાહ, એનો ઉમંગ, એનો ખંત આ બધા ગુણો લડીને તેજ થયા હોય તે બધા એને મદદ કરે છે અને આવી વખતે જે ખુમારીથી, મર્દાનગીથી, ટટારીથી, ખમીરથી જે આ બધાંની સામે થાય છે ત્યારે કૃપા એની સાથે જ હોય છે. કૃપા કંઈ એનાથી વેગળી

નથી હોં ! આવી સ્થિતિથી જે જીવન જીવે છે એની સાથે ને સાથે જ કૃપા હોય છે. ધારો કે એવો માણસ પડે છે તો કૃપા ક્યાં ગઈ ? પડ્યોને ? એવો પ્રશ્ન થાય. મને પણ થયેલો. હું પ્રાર્થના કરતો ત્યારે મનમાં પ્રશ્ન થાય ખરો. ના થાય એમ નહિ, પણ ત્યારે હું ભગવાનને પ્રાર્થના કરું કે મારી શી ભૂલ ? મને ભૂલ બતાવવી જોઈએ. મને ઉદ્યમ સુઝાડો કે જેથી હું એમ કરી શકું. આમ, આખરે ૧૫મી ભૂમિકાએ-જેને પુરુષોત્તમ ભૂમિકા કહે છે, તેમાં તો કામ, ક્રોધ, લોભ, મોહ-બધાથી પર થવાનું. તેમાં આપણે પ્રત્યક્ષ હોવા છતાંય નથી. એવો આપણને પ્રત્યક્ષ અનુભવ થાય. એવો યોગ પુરુષોત્તમયોગ કહ્યો. એ પુરુષોત્તમયોગમાં જવા માટે બાકીની બધી ૧૪ ભૂમિકાઓ છે. એ બધી આની તૈયારી માટેની છે. 'એ તૈયારીમાં લડતો લડતો ભગવાનની કૃપાએ અહીંયાં સુધી આવ્યો. હવે તું મને અધવચ ના મૂકી દઈશ. હવે તારે મને સાથ આપવો જોઈએ. મારી મહેનતમાં કોઈ કચાશ હોય તો બતાવ, તો હું તૈયારી કરું અને તે પ્રમાણે મહેનત કરું. મને બુદ્ધિમાં કંઈ સૂઝતું નથી. મને બુદ્ધિમાં સૂઝ્યું અને મને લાગ્યું તે પ્રમાણે મેં પુરુષાર્થ કર્યો છે-કર્મનો પુરુષાર્થ. મેં માથું નમાવ્યું નથી કે મેં મારી ખુમારી કે ટટારી ગુમાવી નથી. એવો ને એવો જ છું. ભલે હું હાર્યો એ હું કબૂલ કરું છું, પણ મેં માથું આપ્યું નથી. માથું હું આપું, પણ નમાવું નહિ. હજુ પણ હું ઝૂઝ્યા કરીશ, પણ તું મને માર્ગ બતાવે-સમજાવે તો મને સરળતા થાય'-એમ હું કૃપાને પ્રાર્થના કરતો ત્યારે તે તે વખતે અને ત્યારે તો મને ઉત્સાહ નહિ મળતો, વાર લાગતી. બે-ચાર-પાંચ-આઠ દિવસ થઈ

જાય ત્યારે મગજમાં ઓચિંતું લાઈટ ઝબકે, હોં સાહેબ ! થિંકિંગ-(વિચાર) નહિ ત્યારે, પણ લાઈટની પેઠે એ ઝબકે કે, 'અલ્યા મૂર્ખ, આનું આમ કરવાનું-આનું આમ કરવાનું-આ તો સરળ છે એટલું સૂઝ્યું નહિ ? એટલી તારી અક્કલ ના પહોંચી !?' મને લાગ્યું કે આટલી અક્કલ ના પહોંચી ! એટલે મેં કહ્યું, 'આટલા ગુનામાંથી પ્રભુ મને માફ કરો. મારી અક્કલ ના પહોંચી.' આવું અનેક વાર મારા જીવનમાં થયેલું અને કૃપાની મેં મદદ માગેલી.

જીવનમાં આપણે માગીએ કે 'બા, દૂધ લાવ, તલપાપડી લાવ.' અને બા આપણને આપે. એવું ત્યાં નથી હોતું. તરત ને તરત ન બને. અધીરાઈ તો તમારામાંથી સો ટકા જવી જ જોઈએ. અધીરાઈ ત્યાં નહિ ચાલે. સંપૂર્ણ ધીરજ. તે એને મરજીમાં હોય ત્યારે આપણને આપે. તે એનો સ્વામી છે. તે આપણો ગુલામ નથી. કંઈ આપણે કહીએ ત્યારે આપણને આપે એમ નહિ બને. બે-ચાર-પાંચ-છ-આઠ-દસ દિવસ પછી જ્યારે મરજીમાં આવે ત્યારે આપણા મગજમાં જ્ઞાનની પેઠે એક સ્ફોટ થાય અને ત્યાં તેલના ફુવારાની પેઠે આપણા મગજમાં થાય. એ વખતે એ જ્ઞાન સ્ફુરે ત્યારે આપણા મોંનો ચહેરો, આ તે બધું બદલાઈ જાય અને આખા શરીરમાં રોમાંચ થઈ જાય. મને લાગ્યું કે, આમ આપણે અનુભવ કરીએ એટલે પછી બધું સાચું જ પડે. એટલે એમ થતાં થતાં કેટલીય વાર કૃપા આપણને મદદ કરે છે. આ માર્ગ બહુ મિસ્ટીરિયસ-(ગૂઢ) છે અને એટલું જ નહિ, પણ આપણે ધારીએ છીએ એટલો

બધો સરળ પણ નથી. ખાસ કરીને આઠમી ભૂમિકા પછી તો બિલકુલ સરળ ના બને.

**સ્વજન :** આપણે કઈ ભૂમિકામાં છીએ, એ આપણને કેમ ખબર પડે ?

**શ્રીમોટા :** એ જાણ્યા સિવાય આપણો વિકાસ નહિ થાય. એ પહેલું જાણવું જોઈએ. હવે તમે મૂળ સવાલ પૂછ્યો તે બહુ ઉત્તમ છે. ભાઈ, આપણી ભૂમિકા કેવી હોય ?-કેટલામી ભૂમિકા પછી આપણને શાંતિ મળે ? તો આપણે આપણા મનમાં થતા વિચારો-કામ, ક્રોધાદિ, લોભ, મોહાદિના વિચારો આ બધી વૃત્તિઓ જે ઊઠે છે-તે ઉપરથી તપાસીએ કે આપણામાં અનેક પ્રકારના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષાદિની વૃત્તિઓ ઊઠ્યા જ કરતી હોય તો આપણે કોઈ જ ભૂમિકામાં નથી. પહેલી ભૂમિકામાં પણ નથી. જ્યારે પહેલાં તો એમ થાય કે આ જીવનમાં સુખ નથી અથવા તો આ જીવનથી કોઈ ઊર્ધ્વ પ્રકારનું જીવન છે, જેમાં જીવવાથી અનંત પ્રકારનો નર્યો એકલો આનંદ જ છે. ગમે તેવી પરિસ્થિતિ આવે, ગમે તેટલાં દુઃખ આવે, ગમે તેટલાં દરિયાનાં જેવાં તોફાનો આવે તોપણ તેનો આનંદ સ્થિર ટકી રહે છે. એવી કોઈ ભૂમિકા છે એવું આપણને બરોબર ચોક્કસ લાગે અને જ્યારે આ કૉન્ટ્રાસ્ટમાં-(વિરોધમાં) એના જેવી ભૂમિકા નથી અને આ ભૂમિકામાં મુદ્દલે સુખ નથી અને આ ભૂમિકામાંથી આપણે હટવું જ છે એવું જ્યારે થાય ત્યારે જાણે કે એમ લાગે કે આ રસ્તે જવાને માટે એ જીવ પ્રયાણ કરશે. પછી જે તે કોઈ સાધન લે અને એ રસ્તે જવાનો પ્રયત્ન ધીરે ધીરે કરે અને તેમ

કરતાં કરતાં, આગળ જતાં એ પ્રયત્ન ચાલુ રાખે તો એને બધી સમજણ પડે, પણ એકદમ તો સમજણ નહિ પડે.

જો એકદમ સમજણ પાડવી હોય તો માત્ર દ્રષ્ટા તરીકે રહો-દ્રષ્ટા તરીકે એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, રાગદ્વેષ, અહમ્ તો એટલા બધા પ્રકારના છે, એ કહી શકાય નહિ-એ કેવી રીતે વર્તે છે, એ માત્ર દ્રષ્ટા તરીકે જોયા કરે. માત્ર એટલો જ જો સાચેસાચો અભ્યાસ તમારાથી થઈ શકે તો એને પણ એક સાધના ગણાય. જે કર્મ કરતી વખતે પણ તમે જોયા કરો. એવી રીતે તમે જોયા કરો તો એ બહુ મોટી સાધના છે અને એનો અભ્યાસ પાકો થતાં એ બધાંમાંથી ધીરે ધીરે કરીને તમારી મુક્તિ થશે, પણ આમ સાક્ષી થવું એ પણ દુર્લભ છે. જોકે અઘરું નથી. આ સહેલામાં સહેલો માર્ગ છે, પણ એ માટે બહુ વૉલ્કેનિક એસ્પિરેશન-જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના ન હોવાથી પેલી સાક્ષીની લાગણી આપણને રહેતી નથી. જ્યારે એવી વૉલ્કેનિક એસ્પિરેશન થાય તો જ પેલી સાક્ષીપણાની ભાવના આપણને રહે, નહિતર રહે નહિ. ઘડીભર છમકલું આવે. એક દિવસમાં એકાદ વાર તમે જુઓ-જાણો તો પત્તો નહિ ખાય, પણ આવી જ્યારે વૉલ્કેનિક એસ્પિરેશન જાગે છે ત્યારે એનો સાચો ભાવ ઘણી મદદ કરે છે. એને લાવવો પડતો નથી. એ આપમેળે રહે છે. વૉલ્કેનિક એસ્પિરેશન-જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના જેને જાગે છે તેને રહે છે.

**સ્વજન :** સંસારમાં રહીને પણ આવું થઈ શકે ?

**શ્રીમોટા :** કેમ ના થાય ? આ સંસાર જ એટલા માટે

બનાવ્યો છે કે તમે બધું જોઈ શકો કે આ સાલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, તે સાલા કેવાં કામ કરી રહેલાં છે ! એ ચિત્ર જોવાનું. તમારું જાતોજાત જોવાનું થાય, પણ એના તરફ ડાઈવર્ઝન-(વળવાનું) આપણું થયેલું નથી. એટલે જ એના તરફ આપણે વળી શકતાં નથી. એ જ આપણો મોટામાં મોટો વાંધો છે. જો એ થઈ જાય તો વાંધો નહિ. તરત જ સમજણ પડી જાય. એટલા માટે આપણા લોકોએ-અસલના અનુભવી લોકોએ સંતસમાગમની જે વાત કહેલીને ! એનો હેતુ એ જ કે સંતસમાગમ કરતાં કરતાં કોઈક વખત એનું મન ચોંટી જાય તો એને કામ લાગશે. એટલા માટે સંતસમાગમ ચૂકવો નહિ. સંતસમાગમ કર્યા જ કરવો, પણ એ તો ભૂંસાઈ ગયું. પણ મેં એ પકડી રાખેલું. સાધના પણ પ્રચંડ રીતે કરતો હતો. ગુજરાતના જાણીતા કેટલાક પ્રત્યક્ષ એવા સંતમહાત્મા હતા, તેમનો સમાગમ પણ કરતો. ગોદડિયા મહારાજ, જાનકીદાસ મહારાજ-એ પેટલાદવાળા રમણભાઈ રંગવાળા શેઠના ગુરુ હતા-અને કેશવાનંદજી મહારાજ એવા એવા મહાત્મા હતા. એમની સેવા કરું-લૂગડાં ધોઉં-એમની બેસવાની જગા સાફ કરું. જો મોજમાં હોય તો વળી પગ દાબું. મોજમાં હોય તો-નહિતર નહિ. મોજમાં હોય તો કરું-એવું બધું કરું. જાનકીદાસ મહારાજનું વધારે કરતો. આ જાનકીદાસ મહારાજ સંતરામના હતા. મેં તેમની સેવા કરેલી. આ લોકો મને સંતસમાગમનું આવું મહત્ત્વ સમજાવતા. એને બુદ્ધિપૂર્વક આજે પણ સમજાવી શકાય છે સાહેબ ! જેમ કોઈ વિષય આપણને આવડતો ન હોય તો આપણે તે વિષયના નિષ્ણાત પાસે

શીખવા જઈએ છીએ. શીખવાને જઈએ ત્યારે આપણા મનને ઉદ્દંડ રાખતા નથી. ઉદ્દંડ એટલે કે એનાથી ઊંચા છીએ એવો ભાવ તેની પાસે આપણે રાખતાં નથી. એવી રીતે પેલાની પાસે પણ આપણે જવું જોઈએ-નમ્રતાથી, ભક્તિથી, તો આપણને એનો લાભ મળે.

એમને પ્રશ્ન પૂછવો હોય તો એકદમ આપણે ન પૂછવો. થોડો પરિચય થવા દેવો. પ્રેમપૂર્વક એની સાથે પરિચય થાય પછી જ પ્રશ્ન પૂછવો. આ તો મારી સમજણ સાહેબ. મેં આ રીતે કરેલું. એકદમ નહિ પૂછવું. એની સેવા કરવી. એનું કામ કરવું. એના પરિચયમાં આવવું. એની સાથેની આપણી આત્મીયતા કેળવાય, પછી આપણે પૂછીએ, તો આપણને એની મજા ઓર આવે છે અને પેલાને જવાબ આપતાં આનંદ આવે છે અને બહુ ખુલાસાથી, બહુ પ્રેમથી આપણને જવાબ આપે છે અને આપણને રીતો પણ બતાવે છે. પહેલાં સેવા કર્યા પછી પ્રશ્ન પૂછવો. પહેલાં સેવા કરો. એમ ને એમ નહિ.

**સ્વજન :** સેવા કરવાથી રિસેપ્ટીવિટી-(સ્વીકારાત્મકતા) વધે ?

**શ્રીમોટા :** હા, ઘણી વધે. એ મેં જોયેલું. પેટલાદમાં ભણતો. ત્યાં રહેતો હતો. મારે ઘણું કામકાજ કરવું પડે. મને વાંચવાનો ઘણો ઓછો વખત મળે. ફૂટપાથ પર જતાંઆવતાં વાંચું. જાનકીદાસને ત્યાં જઉં ત્યારે વાંચું. જાનકીદાસ મહારાજનાં લૂગડાં પણ રોજ ધોઉં. જગા વાળીને એટલી બધી ચોખ્ખી કરું કે સુંદર લાગે. મહારાજ પણ ખુશ થઈ જતા. બે કામ કરું. વાળવાનું અને એમનાં લૂગડાં ધોવાનું. લૂગડાં એમનાં ખૂબ

ચોખ્ખાં ધોઉં અને વાળવાનું તો એટલું બધું સુંદર કરું કે કંઈ એક તણખલું પણ ન પડી રહ્યું હોય. મહારાજ એટલા બધા ખુશ થતા કે સાહેબ, એમણે મને એનો બદલો પણ આપલો. એમણે કહેલું કે, છોકરા, આ સાલ તું પાસ થઈ જા, 'ગુરુમહારાજ, મારે પાસ થવું જ છે, પણ ગણિત, વિજ્ઞાન અને સંસ્કૃત એ વિષયો મને બહુ અઘરા પડે છે. મને સમય મળતો નહિ. ગરીબ વિદ્યાર્થી, પારકાંને ત્યાં રહેવું-કામકાજ કરવું, એટલે મને કહે, 'કંઈ વાંધો નહિ.' એમણે ગણિત અને સાયન્સના શિક્ષકને બોલાવ્યા. એમને કહે, 'આ છોકરો આવે ત્યારે એને ભણાવવો.' તમારા ટાઈમે નહિ-આ છોકરો તમારે ત્યાં ગમે તે ટાઈમે આવે ત્યારે તમારું ગમે તે કામ પડતું મૂકીને એને તમારે ભણાવવો. સંસ્કૃત, ગણિત અને સાયન્સ-એ ત્રણેની સાથે મેળ કરી આપ્યો. હું ગમે ત્યારે જઉં ત્યારે પેલા મને શિખવાડે. ત્રણ મહિનામાં હું તૈયાર થઈ ગયો. છેક મૅટ્રિકની પરીક્ષા આપવા સુધીનું શીખી લીધું. બે વાર તો રિવિઝન-(પુનરાવર્તન) કરી ગયો.

તા. ૧૯-૯-૧૯૭૪

❑

# (૭) જીવમાત્રમાં નિગૂઢ પ્રભુ

**સ્વજન : :** ચેતન તરફ જવાની ગતિ દરેકમાં રહેલી જ છે ?

**શ્રીમોટા :** હા, દરેકમાં રહેલી છે. હવે, ધારો કે આપણે જીવદશામાં છીએ, જીવદશામાં હોવા છતાં કોક વખત આપણને ભાવ જાગે છે. શુભ કરવાની, સારાં કર્મ કરવાની, બીજાનું ભલું કરવાની પણ કેટલીક વખત વૃત્તિ જાગે છે, તો કોઈ વખત એવો ભાવ થાય છે, તો જ્યારે કોઈ સંકલ્પ વિકલ્પ ન હોય એવી સ્થિતિ પણ આપણી ક્યારેક આવે છે. આપણું તટસ્થતાપૂર્વક પૃથક્કરણ થાય, આપણા હાલના પ્રકૃતિના જીવનમાં પણ કોઈક કોઈક પળ એવી જાગે છે. એ જ બતાવી આપે છે કે આપણામાં માત્ર એકલી પ્રકૃતિ જ-નરદમ એકલી જ-હોત તો આ જાગત નહિ. આ જાતની સેન્સ-(સમજણ) જાગત નહિ. એ આપણે બુદ્ધિથી સમજીએ તોપણ કબૂલ કરીએ. એટલે આવું પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું બીજ કંઈક આપણામાં છે. એને 'આત્મા' નામ કહો, 'ચેતન' નામ કહો, ગમે તે નામ કહો અથવા તો કંઈક કહો. હવે, એ તત્ત્વ તરફ આપણને સભાનતા થવી જોઈએ.

આ દ્વંદ્વ એટલે કે એકબીજાથી તદ્દન વિરુદ્ધ કરણ. સદ્-અસદ્, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, પ્રકાશ-અંધકાર, એ એકબીજાંની વિરુદ્ધનાં જે પાસાં એ દ્વંદ્વ અને ગુણ-સત્ત્વ, રજસ, તમસ-આ બેની બનેલી પ્રકૃતિ છે. એનાથી પણ બીજું કોઈ તત્ત્વ છે, એટલું બુદ્ધિથી આપણે સમજ્યાં, તો પછી એને અનુભવવા માટેનું જો ખરેખર ધગધગતી તમન્નાવાળું દિલ જાગે છે, તો એ

તરફ એનું મનનચિંતવન વિશેષ ને વિશેષ રહે. જેનું જે પ્રકારનું મનનચિંતવન અને એ કન્ટિન્યુઅસ-(એકધારું) રહે તો તેનું હાર્દ મળે છે. કરાંચીમાં હતો ત્યારે માદામ ક્યુરીની ફિલ્મ જોવા ગયો હતો, તો તે એના ફિયાન્સ સાથે બીચ પર ફરવા જતી હતી. રેડિયમની શોધ કરતી હતી, પણ એના મનમાં શોધખોળ કરતી હતી. સિનેમા જોતી હતી ત્યારે પણ એ જ મનનચિંતવન. અધૂરી ફિલ્મ છોડીને તે ઊઠી ગઈ હતી. એકધારું જેનું મનનચિંતવન જે વિષય પરત્વેનું હોય તેને તેનું હાર્દ મળે. આ એક સાયકૉલૉજિકલ પ્રૂફ-(મનોવૈજ્ઞાનિક સાબિતી) છે. જ્યારે પેલા ચેતન પરત્વેનું મનનચિંતવન જાણતા નથી કે ચેતન શું છે, એ પણ જાણતા નથી. છતાં આપણને પ્રકૃતિથી બીજી જાતનો અનુભવ કોઈક વખત અજાણપળે પણ થાય છે. એ રોજબરોજના વહેવારમાં આપણે જાણીએ છીએ. જે જાણ્યું છે, તેના પરત્વે આકર્ષણ થયું. હવે જે કેટલાંકને આકર્ષણ થાય છે, તે આકર્ષણ પછી ધીરે ધીરે કરીને વધે છે એ હકીકત એ તરફની જ પ્રગતિ છે. એ આકર્ષણ જેમ જેમ વધે છે, તેમ તેમ એ એકાગ્ર થતો જાય છે. અને જેમ જેમ એકાગ્ર થયો તેમ તેમ એ કેંદ્રિત થતો જાય છે. ત્યાર પછી પેલું હાર્દ એને મળે છે. એ હાર્દ એને મળે છે ત્યારે એના આનંદનો પાર રહેતો નથી. એને એવી રીતે કોઈ પણ વિષયમાં એનું મનનચિંતવન કન્ટિન્યુઅસ-(એકધારું) રહે અને એને એમાં ઊંડાણ આવે. ઊંડાણ ઘણું આવે. પછી એનું હાર્દ એને મળે છે. એટલે આ પ્રકૃતિમાં ભલે આપણે હોઈએ, પણ આપણી આ પ્રકૃતિની સાથે સાથે પણ આ ચેતન રહેલું જ છે.

આપણા રોજબરોજના જીવનમાં પણ આપણે અનેક પ્રકારના ફેરફારો અનુભવીએ છીએ. પોતાના જીવનમાં પણ-જન્મ્યા તે અત્યાર સુધી-અનંત પ્રકારના ફેરફાર થયેલા આપણે આપણા જીવનમાં જોઈએ છીએ. ગતિ એકલી જ હોત તો આપણને કંઈ ફેર ના પડે. **'ગીતા'**માં કહ્યું કે 'એને હું ચાકડા ઉપર મૂકીને બધે ફેરવ્યા કરું છું.' કેવી રીતે ફેરવ્યા કરે છે ? પણ એમાં નવીનતા-કશું ને કશું, ભલે પ્રકૃતિનું ક્ષેત્ર હોય-અંદર આવતી જાય અને આપણે જોઈએ તો રોજબરોજની અંદર એની એ જ-એની એ જ ક્રિયા કરીએ છીએ. જડ રીતે કરીએ છીએ. પેલો જેમ ઘાંચીનો બેલ-શું કહેવાય ? ઘાણીની આગળ પાછળ જ બળદિયો ફર્યા કરે છે. એ જ રીતે આપણી લીધેલી પ્રવૃત્તિમાં રમમાણ જ રહ્યા કરીએ છીએ ! તેમ છતાં આપણને તેમાં રસ છે. જો રસ ના હોત તો એમાં આપણું મન ના રહ્યું હોત. એ રસ છે. એ પોતે બ્રહ્મ છે. એ પોતે ચેતન છે. એ રસ છે માટે આપણે એમાં પરોવાયેલાં રહીએ છીએ. ત્યારે જે રસ છે એ ચેતન છે.

બીજું, સલામતીની સ્થિતિ સ્ટૅગ્નન્ટ-(બંધિયાર) છે. સલામતી રહી તો તમે સ્ટૅગ્નન્ટ થયા. આ મારે મન એટલું બધું સાચું છે. સલામતીમાં જ્ઞાન નથી, અનુભવ નથી. આ બધા લોક પોતે જ સલામતી શોધે. પછી કેવી રીતે નબળાઈ જાય ?

તા. ૧૬-૬-૧૯૭૪

❑

# (૮) સલામતી

**સ્વજન :** મોટા, આ જેને ઉદ્યોગો ચલાવવા છે, તેનેય સલામતી ના જોઈએ !

**શ્રીમોટા :** 'ના જોઈએ ?'-એમ પૂછો છો ?

**સ્વજન :** ના. 'સલામતી ના જોઈએ' એમ કહું છું.

**શ્રીમોટા :** શાબાશ. ધન્યવાદ.

**સ્વજન :** એને કંઈ ને કંઈ નવું ખોળ્યા જ કરવું પડે અને ખોળવા માટે રિસ્ક-(સાહસ) લેવું જ પડે. સંશોધન કરીને તેની પાછળ લાખો રૂપિયા ન ખર્ચીએ અને નવું કંઈ ન કરીએ-માત્ર એનું એ જ કર્યા કરીએ તો ડાઉન થઈને ખલાસ થઈ જાય.

**શ્રીમોટા :** એ વાત તદ્દન સાચી. એમાં સાહસ લેવું જ પડે. સાહસ ના લો તો ગયા તમે.

**સ્વજન :** સાહસ લેવું જ પડે. નવી નવી વસ્તુઓ બનાવ્યા જ કરવી પડે. અત્યારે દવાના ઉદ્યોગમાં એક મુશ્કેલી આવી છે, પણ તે અત્યારે અમારા માટે એક નવું બળ છે, પણ એને માટે અમે નવી વસ્તુઓમાં મંડ્યા છીએ. બે પાંચ વર્ષે અમે ખોળી કાઢીશું. એમાંથી નવું નીકળી આવશે.

**શ્રીમોટા :** જરૂર. સાચી વાત છે. એ વખતે તેમાં હિંમત અને આનંદ રહે એ મને ગમે. આ વાત સાચી છે. એટલી બધી સાચી છે કે આધ્યાત્મિક માર્ગને માટે આમ જ કે સલામતીમાં તમે નહિ રહો સાહેબ. જો પ્રોગ્રેસ-(પ્રગતિ) ઇચ્છતા હોવ તો સલામતીમાં બિલકુલ નહિ રહો. એમાં પણ આગળ પાછળના જીવોનો સાથ નહિ મળે એ મુશ્કેલી છે. એમાં સાથ નહિ મળે. એ તો એકલાએ જ જવાનું છે. ટાગોરે

ગાયું છે : 'એકલો જાને રે'-જોકે તેમણે લખેલું ગાંધીજી માટે. જ્યારે દાંડીકૂચ કરવાના હતા ત્યારે એમણે ગાંધીજીને લખેલું. તને કોઈ સાથ નહિ આપે. હવે તું એકલો જા. એકલા જવામાં જ મર્દાનગી છે. માટે સમજુ માણસે સલામતીમાં કોઈ દિવસ રહેવું નહિ. નહિ તો એ ડૂબ્યો જ સમજવું.

**સ્વજન :** મોટા, નિશ્ચિંતતા, સ્પષ્ટતા, એ બધું જિજ્ઞાસાથી આવે કે મનનચિંતવન થવાથી આવે ?

**શ્રીમોટા :** મનનચિંતવન થવાથી જ. જ્યારે એક જ વિષય પરત્વેનું મનનચિંતવન થાય ત્યારે આપણો જીવનનો રસ વધે.

જીવતોજાગતો ચેતનાત્મક રસ એમાં પ્રગટે. પહેલાં સતત અભ્યાસ થયા કરવાને લીધે જ એકાગ્રતા છે. હવે, એમાં રસ પેદા થાય છે. અને રસને લીધે જ એકાગ્રતા થાય છે. એ એકાગ્રતા બહુ જુદી જાતની છે. એવો જે અભ્યાસ છે-મથામણનો અભ્યાસ છે, એને લીધે જે એકાગ્રતા થાય છે અને એ એકાગ્રતા પણ વિસ્તાર પામતી હોય છે. કંઈ કશું સ્થિતિસ્થાપક રહેતું નથી. બધું વિસ્તારને પામવાનું જ. દા.ત., ક્રોધ થયો, તો તે પણ વિસ્તાર પામે છે. લોભ થયો, તો તે પણ વિસ્તાર પામે કામ થયો, એ પણ વિસ્તાર પામે. જીવદશાની પ્રત્યેક વૃત્તિ, પ્રત્યેક ટેન્ડન્સી-(વલણ), પ્રત્યેક વલણ વિસ્તાર પામે છે. ગતિશીલ છે એટલે વિસ્તારને પામે છે. એવી રીતે આજે મથામણના અભ્યાસને લીધે જે એકાગ્રતા છે, એ પણ વિસ્તાર પામે છે. એમ કરતાં કરતાં રોજબરોજનો કાળ એમાં જે વધે છે એમાં અભિમુખતા થઈ. જીવતીજાગતી અભિમુખતા જાગે છે. એને લીધે એમાં આપણો રાગ થાય છે. અનુરાગ થાય છે

એ એકાગ્રતા જુદા પ્રકારની. રસ જાગે છે એ આત્માનો મૂળ સ્વભાવ અથવા તો આત્માનું સ્પષ્ટ મૅનિફેસ્ટેશન-(વ્યક્તપણું) કે જેના વડે આત્મા ઓળખી શકાય. જેમ માણસ લક્ષણ વડે ઓળખાય. માણસ તેની સ્થિતિ વડે ઓળખાય. એની પાસે શી શી અસ્કામતો-(મિલકત) છે, એને લીધે ઓળખાય એવાં અનેક કારણોને લીધે માણસનો સ્વભાવ, એની પ્રકૃતિ, સ્થિતિ, આ બધું ઓળખાય. એવી રીતે આત્માને ઓળખવા માટે મુખ્યમાં મુખ્ય પ્રત્યક્ષ આંગળી ચીંધીને બતાવી શકાય એવું લક્ષણ હોય તો એ રસ છે. માણસને કઈ બાબતમાં, કેવો, કેટલો, કેટલા પ્રકારનો ઊંડો રસ છે, એ જાણી શકીએ તો આપણે તરત જ ઓળખી શકીએ કે આ માણસ આ પ્રકારનો છે.

રસ એ જીવનના પ્રત્યેક તબક્કામાં, પ્રત્યેક સ્થિતિમાં છે. રસ ના હોય તો માણસ ક્ષણવાર પણ જીવી શકે નહિ. ઈવન એની પ્રકૃતિની નિમ્નમાં નિમ્ન વૃત્તિઓમાં પણ એને રસ છે. એ વૃત્તિમાં રસ હોવાથી એ માણસ જીવે છે. એવી રીતે જ્યારે ઊર્ધ્વમાં જવા માટે આપણું મનનચિંતવન રહે તો પ્રકૃતિથી આપણે ઊર્ધ્વમાં જઈ શકીએ. પ્રકૃતિનું મનનચિંતવન રહે તો પ્રકૃતિમાં જ ડૂબેલા રહ્યા કરીએ. એટલે જો ચેતનને આપણે અનુભવવું હોય, ચેતનમાં આપણો રસ જગાડવો હોય, ચેતન પરત્વેની ટેન્ડન્સી-(વલણ) આપણે જીવતીજાગતી કરવી હોય તો પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનો જે વિષય છે, એનું મનનચિંતવન કરવું જોઈએ.

હવે, એમાં તર્કદોષ છે. પ્રકૃતિ તો આપણી પકડમાં છે. આપણા જ્ઞાનમાં છે, આપણી સમજણમાં છે. એની તો પકડ

કરી શકીએ. ગ્રીપ આવી શકે, પણ આ જે ચેતન છે, એ કંઈ ઈન્ટેલૅક્ચ્યૂઅલ ગ્રીપમાં-(બુદ્ધિની પકડમાં) આવી શકે એવું નથી. તો એનું મનનચિંતવન શી રીતે કરવું ? કેવી રીતે કરવું ? કન્સેપ્શનમાં-(વિચારણામાં) શું લાવવું ? એવો તર્ક થાય છે ત્યારે આપણા શાસ્ત્રકારોએ-અનુભવીઓએ-જોયું કે સામાન્ય બધા જ જીવોની આ મુશ્કેલી છે, ત્યારે એ લોકોને કૉંક્રિટ-(નક્કર) શું આપવું ? જેમ પ્રકૃતિનાં લક્ષણો કૉંક્રિટ છે અને ઈન્ટેલૅક્ચ્યૂઅલ ગ્રીપમાં એ આવી શકે એમ છે. એને ચેતન પરત્વેની અભિમુખતા પ્રગટાવવી છે એ વાત સાચી હોય, તો એની પાસે એ પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું કોઈ સાધન જોઈએ, એ સાધન શું હોય ? એની બુદ્ધિની પકડમાં આવી શકે એવું સાધન કયું ? એ વિશે એ લોકોએ વિચાર કર્યો. સર્વસામાન્ય બધાંને જ લાગુ પડે એવું કૉમન-(સર્વસામાન્ય) સાધન જોઈએ. તો પછી એ વિચાર આવ્યો કે ભગવાનનું સ્મરણ-જપ કરવું. **યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે,** તો પછી એ બધાંને લાગુ નહિ પડે. બધી પ્રકૃતિવાળા બધાં નોખા નોખા હોય. બધાંના સ્વભાવ નોખા નોખા હોય. સામાન્ય રીતે ઠીક છે આ. ભગવાનનું સ્મરણ, જપ, એનું નામ બરોબર છે-એ જેને લેવું હોય તે લે. પોતાની અભિરુચિ પ્રમાણે પણ ભગવાનનું નામ લે. પછી એને લાગ્યું કે આ બધાંથી નહિ લઈ શકાય ત્યારે એણે બીજાને માટે કહ્યું કે, પ્રાર્થના કરો-તમારે જે જોઈએ છે એ કહો. માની પાસે બાળક બધું માગ્યા કરે. જો માનો મૂડ સારો હોય તો કંઈક એને લઈ આપે, પછી ના પણ લઈ આપે. ભગવાનને એવું કંઈ હોતું નથી. માને તો એનો મૂડ હોય તો બાળક કહે તો આણી આપે. નહિતર નાયે આણી આપે. જ્યારે ભગવાનને

અને આપણે એવી વાત હોતી નથી. એટલે આપણા લોકોએ કહ્યું કે, ‘ભાઈ, પ્રાર્થના કરો. પહેલાં સ્થૂળ માગો. તમારી જે ડિમાન્ડ-(માગણી) હોય તે વાત કરો.’ આપણે માગીએ તે ફુલફીલ-(પ્રાપ્ત) ના થાય. સંસારવહેવારમાં આપણે માગીએ તે મા ફુલફીલ કરતી હોતી નથી. તો બાળક કંઈ માગવાનું છોડી દેતું નથી. તેવી રીતે ભગવાનની પાસે પ્રાર્થના કરો, માગો, એની પાસે આ એક રસ્તો છે. પછી ભજન-કીર્તન કરો, સત્સંગ કરો, સત્કર્મ કરો, સત્સોબત કરો, પરમાર્થ કરો, ત્યાગ કરો-આ બધાં સાધનો એણે બતાવ્યાં. આમાંથી તમને કોઈ પણ અનુકૂળ પડે, સાનુકૂળ પડે, એવું સાધન કરો અથવા તો કોઈ એવી પ્રૅક્ટિસ-(અભ્યાસ) કરો-ઊર્ધ્વમાર્ગે જવાને માટે પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું એવું સાધન કરો. અભ્યાસ કરો. પણ એટ ધી વેરી મોમેન્ટ કરો-(એ જ પળે) એ અભ્યાસ, જે સાધન તમે કરતા હોવ તે સાધન કયા હેતુને માટે છે, એનાથી શું ફલિત થવાનું છે, તે હેતુની સભાનતા તે સાધન કરતી વખતે આપણામાં જીવતીજાગતી ચેતનાત્મક રહેવી ઘટે. આ સાધન કયા હેતુને માટે છે. દા.ત., અમને પહેલાં સાધનામાં તો ગુરુમહારાજે, ‘આસન સિદ્ધ થવું જોઈએ.’ એમ કહેલું. સાલું, મને થયું કે આસન તો પગ વાળીને-પલાંઠી વાળીને બેઠા. આ તો જડ છે. એમાં શું મોટું ! આટલો બધો ઝોક કેમ આપે છે ? કાળ એવો કે કશું પુછાય નહિ. તમારી મેળે સમજો. મને સમજણ ના પડે. આ તો જડ છે. આમાં શું મોટી વાત છે ? પછી ધીરે ધીરે કરતાં મને તો સમજણ પડી. આ તો અચળપણું, નિશ્ચળતા, નિશ્ચય, પાવર ઑફ ડીટર્મિનેશન-(નિર્ણયની શક્તિ), આપણા શરીરનો આધાર. પ્રકૃતિ અને

બીજું બધું ચંચળ છે. તેમાં આપણે આવી રીતે સ્થિર થઈએ તે બહુ મોટી વાત છે. આનાથી આવા ગુણ આવે. આ જ્યોતિબહેન કયું સાધન કરે છે, તે મને ખબર છે, પણ જે સાધન કરતા હોઈએ એ સાધનામાં પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનો હેતુ કયો છે ? તે આપણે સમજી લવું જોઈએ. ભલે તમારા પેલામાં ના હોય, પણ આપણને સભાનતા ન રહી તો એ કર્મ જડ છે. એ કર્મ જડ ના થઈ જાય માટે હેતુની સભાનતા એસેન્શ્યલ-(અનિવાર્ય) છે. ત્યારે આ બધાં સાધન કહ્યાં છે- જપ, સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, સદ્‌વાંચન, સત્કર્મ, પરમાર્થ-આ બધું કરતાં રહો. આ બધું બહુ સામાન્ય.

આ બધાં સાધન એવાં નથી, જેથી આપણને એકદમ ચેતનનો અનુભવ થાય, પણ આ પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનાં છે. એ જો કરતાં કરતાં સમયનો ગાળો આપણે વધાર્યા કર્યો, એમાં એકાગ્રતા થઈ, તો એ એકાગ્રતાથી બીજાં કયાં સાધન કરવાં એ આપણને આપમેળે સૂઝે છે. એમાં કોઈને પૂછવા જવાની જરૂર નહિ. એ તો પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારના વિષયમાં આપણી અભિરુચિ વિશેષ ને વિશેષ જેમ જેમ જાગતી જાય છે તેમ તેમ આપણને આપણા સાધનમાં એકાગ્રતા થતી જશે. જેમ પેલી અભિરુચિ જેમ જેમ વધતી ગઈ અને વધારે કાળ તેમાં જવા લાગ્યો પછી કર્મ કરતાં કરતાં જીવનના સ્થૂળ વહેવાર-આપણા શરીરને, કુટુંબને, પરિવારને, આપણી પ્રવૃત્તિને ચલાવવા માટે જે પ્રવૃત્તિ આપણે લીધેલી, તે પ્રવૃત્તિ કરતાં કરતાં પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારના વિષયમાં આપણી અભિરુચિ વધતી જશે, કારણ કે આપણા જીવનનો આદર્શ-નેમ-ધ્યેય-આ પ્રકારનો આપણે નક્કી કરેલો છે. એમાં આપણો પ્રાણ પ્રગટે એટલા માટે આપણે અમુક અમુક પ્રકારનાં સાધનો કરીએ છીએ અને એ સાધનોમાં

હેતુની સભાનતા રહેવી જોઈએ.

એમાં હેતુની સભાનતા રહે એનો મર્મ-હાર્દ શું છે ? હેતુની સભાનતા ત્યારે જ રહે જો બુદ્ધિ સંકળાયેલી હોય. જો બુદ્ધિ એની સાથે સંકળાયેલી ના હોય, તો હેતુની સભાનતા તો રહી જ ન શકે. એટલે બુદ્ધિ સંકળાયેલી હોય અને બુદ્ધિની સાથે પ્રાણ સંકળાયેલો છે અને પ્રાણ જોડાયેલો હોવાથી, બુદ્ધિ પણ જોડાયેલી હોવાથી તેની સાથે અહમ્ જોડાયેલો છે, કારણ કે તે ગતિ કરાવે છે અને મનના સંકલ્પ વિકલ્પ પણ ત્યાં ઘટે છે. એકાગ્રતામાં મનના સંકલ્પ વિકલ્પ પણ ત્યાં ઘટે છે. એટલે શું થાય છે ? પ્રકૃતિનું જોશ પણ નરમ પડતું રહ્યા કરે છે. થોડા ઘણા અંશે કરોડમાં પાંચ કે સાત અંક ગણીએ એટલું પણ ઓછું થાય-પ્રત્યેક એકાગ્રતા વખતે. પ્રત્યેક વખતે એકાગ્રતા જાગે. એ એકાગ્રતા જાગવામાંથી ધીરે ધીરે કરીને અભ્યાસમાં આપણી અભિરુચિ વધતી જાય છે, કારણ કે એકાગ્રતા થઈ એટલે મનાદિકરણ એટલો સમય શાંત રહ્યાં, એ આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેવી હકીકત છે. જેટલો વખત મનાદિકરણ શાંત રહ્યાં એટલો વખત પ્રકૃતિની આપણા પર જે ગ્રીપ છે, પકડ છે, એ બહુ થોડા પ્રમાણમાં-હિમાલય આગળ તલ જેટલી-મોળી પડે છે ત્યાર પછી એમાં આપણને રસ જાગે છે, કારણ કે આત્માનો મુખ્ય ગુણ રસ છે. એ રસ જાગ્યો પછી આપણને એ સહજ આવી જાય. પછી આપણો ઍફર્ટ-(પ્રયત્ન) ત્યાં નથી રહેતો. રસ જાગે એટલે સહજ આવી જાય, એટલે એમ કરતાં આવી રીતે સાધનનો અભ્યાસ કરતાં કરતાં જે નિશ્ચિંતપણું, નિશ્ચિંતતા, અભય, નિશ્ચયશક્તિ-એ બધા ગુણો પ્રગટે છે.

❑

# (૯) અનુભવ : અદ્વૈતનો-દ્વૈતનો

**સ્વજન :** મોટા, તમે એકવાર કહેલું કે શંકરાચાર્ય છે એમને અદ્વૈતનો અનુભવ થયેલો અને પછી એને પ્રકૃતિ ઉપર પકડ આવેલી, પછી એમને દ્વૈતનો અનુભવ થયેલો. એટલે શું ?

**શ્રીમોટા :** એટલે પહેલાં તો જે તે બધું એક જ છે. એકમ્-અદ્વિતીયમ્. તે પાછું અદ્વિતીય છે. કોઈની સાથે સરખામણીમાં ઊભું ન રહી શકે તેવું અજોડ અદ્વિતીયમ્ અનોખું એવું જે તે બધું એક જ છે. આપણે બધાં એક જ છીએ. જે જે બધું જુદું જુદું લાગે છે, એ ચેતનની અપેક્ષાએ મિથ્યા છે. ચેતનની અપેક્ષાએ જે તે બધું મિથ્યા છે. એટલે જે તે બધું અદ્વૈત છે. અને જે જે બધું થાય છે, તેમાં એક જ તત્ત્વ પ્રવેશેલું છે. એમાં એના સિવાય બીજું કંઈ જ નથી. તે જ્ઞાનનો એમણે પ્રચાર પણ કર્યો છે. પછી જ્યારે એ કાશ્મીરમાં ગયા. ત્યાં આગળ ધ્યાનમાં બેઠેલા અને ત્યાં એમને અદ્વૈતનો અનુભવ-શક્તિનો અનુભવ-થયેલો. ત્યાં એ ટેકરીને 'શંકરાચાર્ય હિલ્સ' કહે છે અને ત્યાર પછી એમણે પ્રાર્થનાના શ્લોકો લખવા માંડ્યા. પછી તંત્રમાં પણ અભ્યાસ કરતા થાય છે. અભ્યાસ એટલે એમને કંઈ અભ્યાસ કરવાની જરૂર નહિ. એમને તો સૂઝે એટલે એનું હાર્દ હાથમાં આવી જાય. તંત્ર ઉપર એમણે સારાં સારાં પુસ્તકો લખ્યાં છે, પણ સમજવાં અઘરાં છે-એટલે આલંકારિક ભાષામાં અંદરનો અર્થ જુદો હોય, ઉપરનો અર્થ જુદો હોય. **'સૌંદર્યલહરી'** આદિ એવાં ઘણાં પુસ્તકો લખ્યાં છે.

**સ્વજન : 'સૌંદર્યલહરી'** એ તંત્રનું પુસ્તક છે ?

**શ્રીમોટા :** હા, તંત્રનું પુસ્તક છે, પણ આપણને લાગે

નહિ. ઉપરનો અર્થ જુદો છે, અંદરનું રહસ્ય જુદું છે, પણ એ આપણને સમજણ ના પડે, પણ બહુ સુંદર પુસ્તકો લખેલાં છે. એટલા બધા પ્રાર્થનાના શ્લોકો લખ્યા છે. એમણે તે પહેલાં **'બ્રહ્મસૂત્ર'** અને તે પરનાં ભાષ્ય લખ્યાં. બધું અદ્વૈત ઉપર જ હતું.

જે તે બધું એક જ છે. એટલે આખા ભક્તિ સંપ્રદાયોનું ખંડન કરી નાખે છે. ભક્તિ સંપ્રદાયો મોક્ષની ના પાડે છે, એટલા માટે કે ભગવાન તો છે અને આપણે પણ છીએ. બેઉ છીએ અને બેઉ છે તો જ એકબીજાનો આનંદ છે. પરસ્પર સામસામે હોવાથી પરસ્પરને મળવાનો-કરવાનો, સમજવાનો, અનુભવવાનો, પરસ્પરની સાથે વ્યક્તતાનો જે આનંદ છે, એ આનંદ અદ્વૈતમાં નથી લાગતો. એટલે એમને આ આનંદ વિશેષ લાગ્યો.

બીજું કારણ, જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી સુખદુઃખ છે તો મોક્ષ નથી. સુખદુઃખ કંઈ ના હોય, રોગ આદિ કંઈ ના હોય ત્યારે મોક્ષ. આવી ભક્તિમાર્ગમાં સમજણ છે. એટલે અદ્વૈતના મોક્ષ કરતાં ભક્તિમાર્ગના મોક્ષની સમજણ જુદા પ્રકારની છે. આવું બધું કંઈ ના હોય. શરીરનો ગુણધર્મ પણ બદલાય, શરીરનું પણ સબ્લિમેશન-(ઊર્ધ્વીકરણ) થાય, ત્યારે મોક્ષ. શરીરને ચેતનના ગુણધર્મ લાગુ પડે ત્યારે એ મોક્ષ. એટલે ભક્તિમાર્ગમાં એવું છે. દુઃખ, રોગ, ચિંતા, ફિકર-જે પ્રકૃતિની નિમ્ન પ્રકારની વૃત્તિઓ છે, તે બધું ના હોય ત્યારે મોક્ષ. જ્યારે પેલામાં એવું નથી. અદ્વૈતમાં મોક્ષ એટલે જન્મ મરણ નહિ એવું નહિ, પણ પ્રકૃતિથી મોક્ષ-રાગદ્વેષાદિથી મોક્ષ.

દ્વંદ્વાતીત, ગુણાતીત-દ્વંદ્વ અને ગુણ-પ્રકૃતિનો ગુણ.-પ્રકૃતિને સહેલામાં સહેલી રીતે સમજાવવી હોય તો-પ્રકૃતિ એટલે શું ? દ્વંદ્વ અને ગુણ. ત્યારે દ્વંદ્વાતીત અને ગુણાતીત થાય તે મોક્ષ. દ્વંદ્વથી પર અને ગુણથી પર. એમાં હોવા છતાં એની પકડ આપણા પર ના રહે. એથીય વિશેષ તો જ્યારે એને રજસ વાપરવો હોય ત્યારે રજસ વાપરી શકે, તમસ વાપરવો હોય તો તમસ વાપરી શકે, સત્ત્વ વાપરવો હોય તો સત્ત્વ વાપરી શકે, એવી માસ્ટરી-(સર્વસત્તા) એનામાં આવી જાય. એનું નામ મોક્ષ. જ્ઞાનની સમજણ આ જાતની અને પેલા લોકો કહે કે જ્યાં સુધી રોગ છે, દુઃખ છે, અશાંતિ છે ત્યાં સુધી મોક્ષ નહિ.

આમાં પણ રોગ દુઃખાદિ હોવા છતાં આત્મા સાક્ષી છે. એ સાક્ષી શેનો ? તો ત્યારે આ સકળ બ્રહ્માંડ છે. આપણું શરીર છે. શરીરની સાથે આપણને દુઃખ થાય, દર્દ થાય, વેદના થાય, રોગ થાય એનો સાક્ષી છે. એમાં એ ડૂબી જતો નથી, લેવાઈ નથી જતો, પણ એ દર્દ થાય છે એ જાણે છે. જ્યાં સુધી શરીર છે, શરીરના ગુણધર્મ છે ત્યાં સુધી દર્દ છે. પેલા ભક્તિ સંપ્રદાયવાળા કહે છે કે દર્દ છે એટલા પ્રમાણમાં તમારા ભગવાન છે તે ત્યાં નથી. દર્દ હોવા છતાં દર્દ બિલકુલ લાગે નહિ, તો પેલા વેદાંતના અનુભવી શું કહે છે કે, આત્માનો ગુણધર્મ સાક્ષી છે. સાક્ષી છે કે નહિ તે કબૂલ કરો, તો ભક્તિ માર્ગવાળા કહે સાક્ષી ખરો, પણ ભગવાનનો સાક્ષી કેવી રીતે રહે ? એ તર્કદોષ આવી જાય છે. પેલા કહે સાક્ષી શેના ? વેદાંતના અનુભવવાળા પેલા ભક્તિ માર્ગવાળાને કહે, જો આ

બધું હોય નહિ, તો પછી આત્માનો ગુણધર્મ સાક્ષીપણું છે, તે શાનું સાક્ષીપણું ? તો આ બધું સકળ બ્રહ્માંડ, તમારું શરીર, તમારી પ્રકૃતિ, એનો સાક્ષી-એમ પેલા ભક્તિવાળાને જવાબ આપે છે, તો પછી વેદાંત પણ એમ જ કહે છે. આ એક જ છે. આ જે તે બધું એક જ છે અને ભક્તિ માર્ગવાળા એમ કહે છે કે 'તું અને હું' બે છીએ. 'એ અને હું', 'તું અને હું' એમ કહે છે. 'તું અને હું' અમે બે જ છીએ. પણ એ બે કેવાં ? એકબીજામાં ભળી ગયેલા, એકબીજામાં તદ્રૂપ થઈ ગયેલા, એકબીજામાં, ભક્તિમાં, પ્રેમમાં, એકબીજામાં તલ્લીન થઈ ગયેલા એવા અમે બે છીએ. જુદા લાગીએ છીએ ખરા, પણ પ્રેમની અને ભાવની દૃષ્ટિએ અમે એક જ છીએ. એ આ લોકોની સમજણ છે. મને તો બેઉનો સમન્વય સારો લાગે છે.

તા. ૧૬-૬-૧૯૭૪

❑

# (૧૦) ત્યાગ અને તપ

**સ્વજન :** મોટા, ત્યાગ અને તપ, એ બે વસ્તુઓ વિશે આજે સવારે તમે જે સમજાવ્યું, એમાં જો રસ ઉત્પન્ન થાય તો ત્યાગ અને તપ ઑટોમેટિક-(આપમેળે) થાય ?

**શ્રીમોટા :** ઑટોમેટિક થાય. રસ ઉત્પન્ન થાય ત્યારે સહજ, સરળતાથી થાય. આમાં ઍફર્ટ-(પ્રયત્ન) ના કરવો પડે. રસમાં ઍફર્ટ નથી. એની મેળે થાય છે, પણ એની પહેલાં પણ આપણે પ્રકૃતિમાં છીએ. પ્રકૃતિમાં ત્યાગ શા માટે ? ત્યાગ એટલા માટે કે પ્રકૃતિમાં આપણે દ્વંદ્વ અને ગુણની પકડમાં છીએ. એટલે કે આપણે જીવદશાની સ્થિતિમાં છીએ. એટલે આપણે બરાબર સમજીએ તો આપણે એકલાં નથી. આ જગતમાં આપણે સમાજની સાથે સંકળાયેલાં છીએ. એટલે સમાજની આખી ટોટાલિટી-(સમગ્રતા) ના લો, પણ આપણો જેટલા પ્રકારનો અને જેવી રીતનો વ્યવસાય હોય એટલી મર્યાદામાં તેટલી તેટલી વ્યક્તિઓ સાથે આપણે સંકળાયેલાં છીએ. એ વાત ચોક્કસ. એને સંકળાયેલા હોવાથી કંઈ ને કંઈ થોડું ઘણુંયે કોઈને માટે કરવું પડે છે. આપણે ઇચ્છતા હોઈએ કે ના ઈચ્છતા હોઈએ તોપણ આપણે કરવું પડે છે. ત્યારે ખરી રીતે જોઈએ તો એ ત્યાગ છે. કરીએ છીએ એ ત્યાગ છે, પણ એ ત્યાગમાં ત્યાગની સેન્સ-(સમજ) નથી. આપણે કરવું પડે છે અને કરીએ છીએ, પણ એ વખતે જો એ સભાનતા આપણને હોય, બીજાને માટે કંઈક કરવાનો આપણો ધર્મ છે, ફરજ છે અને એ ફરજથી પ્રેરાઈને, ધર્મ સમજીને આપણે કરવું જોઈએ, એવી જો હેતુની સમજણ અંદર ઉમેરાય તો

ઘણું સારું થાય, પણ સામાન્ય રીતે એવું હોતું નથી, પણ મારો કહેવાનો હેતુ એ છે કે ઈવન જીવદશાની સ્થિતિમાં પણ જાણેઅજાણે પણ માણસને ત્યાગ કરવો પડતો હોય છે. જો કરવો જ પડતો હોય તો વ્હાય નૉટ વિલિંગલી ?-(ઇચ્છાપૂર્વક કેમ નહિ ?) એ સાચી હકીકત હોય અને વિચાર કરતાં આપણને એમ લાગે છે કે કરવો પડે છે. એ સિવાય આ સમાજ ના ચાલી શકે.

એકબીજાને માટે એકબીજા જો ઘસાતા ના હોઈએ તો સમાજનું બંધારણ ચાલી ના શકે. એકબીજાને માટે ઇચ્છે કે ના ઇચ્છે તોપણ એકબીજાને માટે માણસોને ઘસાવું પડે છે. સંસાર વહેવારમાં, સગાંવહાલાંમાં, વહેવારમાં, રીતરિવાજમાં દરેકને કંઈક ને કંઈક રીતે ઘસાવું જ પડે છે. એ ત્યાગ છે, પણ એ ત્યાગનું પરિણામ ઉત્તમ નથી આવતું, કારણ કે એમાં સહજપણાનો ગુણ નથી અને સરળપણાનો ગુણ નથી. ‘કરવું પડે છે અને કરે છે’ અને જો એમાં આ જ પ્રમાણે એને વહન કરવાની ગતિ છે. આ જ પ્રમાણે ચૅનલ છે, તો માણસ જો સમજીને કરે તો માણસનો વિકાસ થાય. માણસ ગુણમાં પ્રગટતો રહે. જો એની મેળે, સહજપણે, ભાવનાથી એ કરે, એટલે ત્યાગ એ એનો ગુણ થઈ જાય. એકબીજાને માટે ત્યાગ કર્યા સિવાય છૂટકો નથી. કારણ શું છે ? એકબીજાને માટે ઘસાવું પડે છે. એનું મૂળ કારણ શું છે ? કે બધાં એક છે. બધાંની સાથે આપણે સંકળાયેલાં છીએ. બધાં એક છીએ એ જ્ઞાન આપણને ત્યારે નથી હોતું. એકબીજાને માટે આપણે પ્રેમ રાખીએ છીએ. એકબીજાને માટે ભાવ રાખીએ છીએ, એ બધું

થવાનું કારણ શું છે ? કે એ બધાં સાથે આપણે સંકળાયેલાં છીએ. વહેવારની રીતે, સંસારી રીતે, સત્ત્વની રીતે, ઉદ્યોગની રીતે, પ્રકૃતિની રીતે અનેક રીતે અનેક જીવોની સાથે આપણે સંકળાયેલાં છીએ. આપણામાં રહેલું તત્ત્વ-જીવન તત્ત્વ છે. એને લીધે પણ આપણે બધાંમાં સંકળાયેલાં છીએ, પણ તે વખતે આ પ્રકારની સભાનતા આપણામાં હોતી નથી. એટલે પેલી પ્રકૃતિમાં ને પ્રકૃતિમાં આપણે રહીએ છીએ. આપણે આપણા જીવનનો આદર્શ માન્યો કે માત્ર જીવદશામાં આપણે રહેવું નથી. તેનાથી આપણામાં પણ ઊર્ધ્વ પ્રકારનું ઊંચા પ્રકારનું તત્ત્વ છે. જેના વડે આપણે જોઈ શકીએ છીએ, સાંભળી શકીએ છીએ, સૂંઘી શકીએ છીએ, સ્વાદ કરી શકીએ છીએ. એ આ જીવદશાના પ્રકારની ક્રિયાઓ પણ એના આધારે છે

તા. ૧૬-૬-૧૯૭૪

❑

## (૧૧) અનુભવીનું હાર્દ સમજવું મુશ્કેલ

**શ્રીમોટા :** નડિયાદમાં શેઢી નદીને કિનારે ટેકરા પરના વડ પર મને બેસાડ્યો અને પૂજ્ય બાળયોગીજીએ કહ્યું, 'તારે ભગવાનનું નામ લીધા કરવાનું.' એકવાર મારી પાસે પથ્થર લઈને આવેલા. મને કહે, 'મારીશ.' મેં માન્યું કે એ તો અમસ્તા કહે-કંઈ મારે ખરા ? ખરેખર એમણે પથ્થર માર્યો. તે પછી મારામાં એવી કળ આવી કે પડતો પડતો-મારા હાથમાં ડાળ આવી તે બચી ગયો. પછી મેં કહ્યું, 'પ્રભુ, તમે મને માર્યો. આટલી કળ આવી. હું તો મરી જાત.' 'ના, તું મરત નહિ. મને ખાતરી છે.' મેં કહ્યું, 'તમે તો મોઢેથી કહો. અહીં મારી શી સ્થિતિ થાય છે ?' 'હું તને કહું છું, તને કંઈ ખબર નહિ પડે. અહીં તારો આશ્રમ થશે અને તારાથી ઘણાં મોટાં મોટાં કામ થશે.' તે વખતે મારાથી શી રીતે મનાય ? મનાય જ નહિ. આ તો મને માર્યો છે, એ લાગણી ભુલાઈ જાય તેથી સારું લગાડવા કહે છે. એ રીતે જ મેં એ હકીકત માનેલી, પણ એ હકીકત બની ત્યારે એ વાત મને યાદ આવેલી કે આવા લોકો કહે પણ આપણી તૈયારી ના હોય તો એ હકીકત સાચી હોય છતાં પણ આપણને એ હકીકત સાચી ના લાગી શકે આવી વાત છે.

તા. ૧૬-૬-૧૯૭૪

**સ્વજન :** એમને ખ્યાલ તો આવી જ જાયને ?

**શ્રીમોટા :** આવી જ ગયેલો-એટલે કહેલું કે 'અહીં તારો આશ્રમ થશે.'

**સ્વજન :** આપને માર્યા હશે એમાં કશો હેતુ હશેને ?

**શ્રીમોટા :** જાણી જોઈને મારેલો-જ્ઞાનપૂર્વક, સમજીને. એમ ને એમ નહિ. ત્યારે હું ભગવાનનું નામ બોલતો હતો. હેતુ એ કે, 'તંદ્રામાં બોલે તે નહિ ચાલે. જાગૃતિપૂર્વક, સમજણપૂર્વક બોલો.' ત્યારથી આ વાત મને ગળે ઊતરી ગયેલી. જરા પણ તામસ કે અજ્ઞાનની રીતે કે ગમે તે રીતે આપણે કોઈ પણ કામ કરીએ તો એનું પરિણામ ઉત્તમ નહિ આવે, તો આપણે સમજણપૂર્વક જે તે કરવું જોઈએ. આપણે શા માટે કરીએ છીએ ? એટલે આપણા હેતુની સભાનતા રહેવી જ જોઈએ. દરેક કર્મમાં-સંસારવહેવારની રીતે વિચારીએ, તો આપણને સ્વાર્થ હોય છે, તો એ સ્વાર્થની સભાનતા આપણને રહે છે જ. જો એ સભાનતા ન રહે તો એમ માનવું કે એટલા પ્રમાણમાં આપણને સ્વાર્થ લાગ્યો નથી. મને સ્વાર્થ લાગ્યો હોય ત્યારે સભાનતા રહે, રહે ને રહે જ. એ સાઇકૉલૉજિકલ ટ્રુથ-(મનોવૈજ્ઞાનિક સત્ય) છે. એટલે ત્યારથી હું એ સમજી ગયેલો. ગુરુમહારાજે ભલે મને પથ્થર માર્યો પણ ત્યારે એમણે મને જ્ઞાન આપી દીધેલું અને હંમેશને માટે એ ટકેલું રહ્યું એ એની મોટામાં મોટી કૃપા. એટલે આવા માણસનું દેખીતી રીતનું કર્મ તદ્દન અયોગ્ય લાગે પણ એનું પરિણામ શુભ આવે. તે વખતે હું તો બહુ જીવદશાવાળો માણસ. કંઈ સમજતો ન હતો, પણ મને એ તદ્દન ખ્યાલમાં બેસી ગયું કે કોઈ પણ કર્મ કરવું તો યોગ્ય પ્રકારની સમજણથી અને તેની પાછળ હેતુની સભાનતા જીવતીજાગતી ચેતનાત્મક હોવી જ જોઈએ. એ ત્યારથી બરાબર બેસી ગયું. એ પથ્થર માર્યો એ આપણા માટે સામાન્ય રીતે તો ખરાબ કર્મ કહેવાય, પણ મને એ જ્ઞાન બરાબર બેસી ગયું.

કેટલીક વાર એવું હોય છે કે સાહેબ, સત્ય પ્રગટ થાય. આપણી કલ્પનામાં પણ ના આવે પણ સત્ય પ્રગટ થાય. એના પૂરેપૂરા અંશમાં, તોપણ આપણાથી યોગ્ય રીતે ઝીલી ના શકાય-માણસની તૈયારી ના હોય તો. મને સાંઈબાબા મળેલા ત્યારે એમણે મને ચાંદીનો એક રૂપિયો આપ્યો. કહ્યું, 'આ રૂપિયો તું રાખ. તને આપું છું. તને રૂપિયા મળ્યા જ કરશે. તારી માને મોકલ. પૂજા કરે. ગરીબી દૂર થશે.' આ બધા શબ્દો રણકારની પેઠે યાદ રહે છે. મને થયું બહુ સારી વાત થઈ. ચાલો ભગવાને કૃપા કરી. પછી મેં તો રજિસ્ટર પોસ્ટ મારફત મારી માને એ રૂપિયો મોકલી આપ્યો અને લખ્યું કે 'તું રોજ આની પૂજા કરજે.' એ તો સાંઈબાબાનું કંઈ નામ જાણે નહિ. એટલે મેં લખેલું 'સાધુ મહારાજ'. મારી માએ તો એને કશું ઈમ્પૉર્ટન્સ-(મહત્ત્વ) આપ્યું નહિ અને રૂપિયો ખોઈ નાખ્યો અને ગરીબી તો એવી ને એવી જ રહી. મને ભગવાનની કૃપાથી મળ્યા કર્યા. હવે બે જ જીવો એકની સાથે સંકળાયેલા, એક જ હકીકત સાથે. એકને ફળ્યું અને એકને ના ફળ્યું, તો સત્ય અવતરવાની તૈયારીમાં એની ઈચ્છા પૂરેપૂરી. સોએ સો ટકા. પણ પેલાને ના થયું.

તા. ૧૬-૬-૧૯૭૪

❑

# (૧૨) સત્ય ઝીલવાની તૈયારી

**સ્વજન :** મોટા, તમે જે કહ્યું કે સત્ય અવતરવાની તૈયારી તો હોય, પણ તેને રિસીવ-(સ્વીકાર) કરવાની તૈયારી ના હોય. રૂપિયાનો એગ્ઝામ્પલ-(ઉદાહરણ) આપ્યો.

**શ્રીમોટા :** એ તો પ્રતીકરૂપે કહ્યું કે જે થવાનું છે તે મારા માટે સાચું પડ્યું, પણ મારા કુટુંબની ગરીબી જવાની હતી તે ના ગઈ. મને રૂપિયો આપેલો. મારી માને લખીને બધું મોકલેલું.

કઈ વ્યક્તિ સાંઈબાબા એ પણ હું જાણતો નહિ. નામ પણ જાણું નહિ, કારણ કે હું તો કામમાં જ રાચવાવાળો. હું છાપાંબાપાં બિલકુલ વાંચું નહિ. બીજે દિવસે સવારે-કરાંચીમાં અમારે ત્યાં રોજ એક ભાઈ આવે. મિ.શર્મા કરીને હતા. એ પાકિસ્તાનથી આવ્યા પછી બિરલાને ત્યાં રહેલા. તે રોજ આવે. તેમની વીંટીમાં સાંઈબાબાનો મોટો ફોટો. તે હું જોયા કરું. એ દિવસે મેં એમને કહ્યું, ‘આના જેવો જ ફેસ-(ચહેરો) મેં જોયો હતો.’ ‘મોટા, ઊભા રહો. મારી પાસે બીજો મોટો ફોટો છે. લૉકેટ છે.’ એમની પાસે મોટી રુદ્રાક્ષની માળા હતી, એમાં મોટો ફોટો હતો. મેં કહ્યું, ‘આ જ માણસ રાત્રે આવેલા.’ પછી તેમણે ગજવામાંથી કાઢી કાર્ડ સાઈઝનો ફોટો બતાવ્યો. મેં કહ્યું, ‘આ જ માણસ’ ‘આ તો ના હોય, કારણ કે આ તો મરી ગયા છે-૧૯૧૮ની સાલમાં.’ તો મેં કહ્યું, ‘મરી ગયા હોય કે ના મરી ગયા હોય, એ કંઈ હું જાણતો નથી, પણ આ જ હતા અને ફેસ આ જ જાતનો બરાબર.’

**સ્વજન :** શરીરથી મળેલા ?

**શ્રીમોટા :** શરીરથી મળેલા. તે કેવું ? આપ જેમ બેઠા છો એમ જ. ત્રણચાર વાર આમ બનેલું.

મને નગ્ન કરીને ફેરવ્યો. એ પહેલાં હું રોજા કરું. રોજા કઈ રીતે ? સંયમની રીતે. તે દિવસે પાણી પણ પિવાય નહિ, થૂંક પણ ગળાય નહિ. કંઈ જ નહિ. ગળાની નીચે કંઈ કશું જાય નહિ. લાળ પણ ન જાય. મારા મનમાં એમ કે સંયમની આપણામાં દૃષ્ટિ કેળવાય છે ! પણ મુસલમાનની રીતે હું થોડુંક જ જમું અને તે પ્રવાહી માત્ર. અને સવારમાં ઊઠીને કશું લઉં નહિ. રાત્રે બાર વાગ્યે ઊઠીને પાણી પી લઉં. પાણી હું થોડું પીતો. એટલે સંયમની દૃષ્ટિ કેળવવા હું રોજા કરતો અને તે કાળે હિંદુમુસ્લિમ એકતા માટે ગાંધીજી બહુ કહેતા. એટલે એ માટે પણ મારો ભાવ ખરો અને ૨૮ દિવસના રોજા કરતો. ત્યારે રોજાને દિવસે મને થયું : મેદાનમાં હું નમાજ પઢવા જઉં. અમે તો ક્લિફ્ટનમાં રહીએ એટલે મેદાન તો છેક શહેરની અંદર. એટલે આ લોકો મને જવા ના દે. 'લોકો તને મારશે. અરે, તું ધોતિયું પહેરે છે.' ત્યારે તો હું કાછડીવાળું ધોતિયું પહેરતો. પછી મેં કહ્યું, 'મને કંઈ નહિ થાય, તમે મને જવા દો. આજ મારું મન બહુ જ છે.' એટલે ગયો. જ્યાં ગાડીઓ ઊભી રાખે છે ત્યાં ગાડી રાખીને હું અંદર ગયો. સાંઈબાબાને બેત્રણ વાર હું મળી ચૂકેલો હતો. ત્યાં બેઠેલા બધા નમાજ પઢતા. મારા આશ્રમમાં (હરિજન આશ્રમ) કુરેશી સાહેબ હતા, તેમને ત્યાં હું જતો અને જે નમાજ પઢે તે બધું જોયેલું ખરું. એટલે બધા ઊભા થાય અને નીચા પડે તેમ હું કર્યા કરું. જરા ફરક નહિ. હું તો મારી પ્રાર્થના કર્યા કરું. એ એમનું બોલ્યા

કરે. એટલે કોઈએ વાંધો નહિ લીધેલો. હું તો બધું બરાબર એ પ્રમાણે કરું. એટલે બધાંએ મને જોયેલો ખરો કે આ કોઈક નવતર છે, પણ હું એમની રીતે નમાજ પઢ્યા કરતો. પછી મેં તો 'પેલા'નાં દર્શન કર્યાં. જોયા. એટલે પછી એમણે મને હુકમ આપેલો કે 'નાગો થઈને આખા શહેરમાં ફર-જા'. ત્યાર પછી સાહેબ, મને આ પહેલાં શર્માજીને લીધે ખબર પડેલી કે એ તો સાંઈબાબા છે ! એ પહેલાં મને મારા ગુરુમહારાજનો અનુભવ થયેલો કે, આવા લોકો શરીર ના હોય તોપણ શરીર ધારણ કરી શકે છે. તા. ૧૬-૬-૧૯૭૪

**સ્વજન :** મોટા, તમે જે આ કહ્યું કે રૂપિયાની પૂજા કરજે, તેની પાછળનો હેતુ શો ?

**શ્રીમોટા :** એનો હેતુ કે મારી ગરીબાઈ દૂર થાય. 'એ'નો હેતુ સજાગ, પણ કેમ ફળ્યો નહિ ? આવા માણસોનો સંકલ્પ કેમ ફળ્યો નહિ ? જ્યાં ફળવાનો હતો એ જાતની સ્થિતિ એને માટે ન હતી. વાવણી માટેનાં જો બી લઈને કચ્છના રણમાં રોપવા જાઓ તો નહિ ચાલે. કચ્છના રણમાં જો તમારે રોપવું હોય તો પચાસ ફૂટ ખોદીને એમાં માટી ભરો. પછી વાવો અને રોજબરોજ વધારે ને વધારે સવિશેષપણે કાળજી રાખ્યા કરો તો કદાચ થાય. એવી રીતે સત્પુરુષનો આ જાતનો જે સંકલ્પ છે, તે સંકલ્પ ફળ્યા વગર રહેતો નથી. એ વાત જેટલી સાચી છે તેટલી જો રિસેપ્ટીવ ઍપ્ટિટ્યૂડ-(સ્વીકારાત્મક વલણ) ડિવોશનલ ઍપ્ટિટ્યૂડ-(ભક્તિભર્યું વલણ) ના હોય તો એ નહિ ફળે. નહિ ફળે તે પેલાને લીધે નહિ, પણ તમારે લીધે.

**સ્વજન :** મોટા, હું એ જ કહેવા જતો હતો કે રિસેપ્ટીવ-(સ્વીકારાત્મક) નહિ, એટલે એનો અર્થ એ કે આ તો બીજી

રીતે કહું છું, જે માણસો ગરીબ છે એમને પૈસા તરફની અભિમુખતા જાગી નથી એટલે એવું થતું હશે ? મોટા, એમણે એવું કહ્યું કે તું આની પૂજા કરજે. પૂજા કરવાના બે હેતુ : એક તો મારામાં ડિવોશન-(ભક્તિ) પ્રગટાવે. બીજું, રૂપિયો છે એ એની વૅલ્યુ-(કિંમત) છે, એવું એને જ્ઞાન થાય.

**શ્રીમોટા :** મેં તો મારી માને ચોખ્ખું લખેલું. 'આની પૂજા કરજે. તમારા કુટુંબની ગરીબાઈ દૂર થશે.' પણ આ બધી બાબતમાં એને શ્રદ્ધા જ નહિ. હું ભજનકીર્તન કરતો એ બધું જુએ. ભજન ગાતાં ગાતાં બેભાન થઈ જઉં. આ બધું એ જુએ, પણ એને કંઈ કશી ગતાગમ નહિ. એને તો એમ કે આ હિસ્ટીરિયા છે. એ તો એમ જ માને બાપડી. ગરીબ માણસો બિચારા. એને કશી ગતાગમ નહિ. માટે એ કંઈ સમજી નહિ. એને સાધુઓ, મહાત્માઓમાં વિશ્વાસ નહિ. તે એણે પૂજાબૂજા કરી નહિ. રૂપિયો પૂજાના ગોખલામાં રાખી મૂક્યો. એમ તો મારા ગુરુમહારાજનો ફોટો પણ રાખેલો. નાગાબાવા હતા એટલે એને ગમે નહિ, પણ એના એક બીજા શિષ્ય હતા-છોટાબાવા. એનો ફોટો ઘરમાં રહેલો, પણ એ રૂપિયાની પૂજાબૂજા કરેલી નહિ અને પછી ખોવાઈ ગયો.

તો એ સંકલ્પ ફળ્યો નહિ. એનું કારણ ? તો કોઈ કહેશે કે એ તો સતમાં છે અને અસતમાં હોય અને અસતમાંય સત તો પ્રિડૉમિનન્ટ-(મોખરે) છે. તો સત ફળવું જોઈએ. આ તો દ્વંદ્વ છે. જ્યારે એ છે દ્વંદ્વાતીત. એને સતેય નથી અને અસતેય નથી. એવી રીતે એનો ખુલાસો થઈ શકે છે. બીજી રીતે મને આજે પણ લાગે છે કે આજે નહિ તો કાલે આ લોકોનો સંકલ્પ

ફળ્યા વગર રહેવાનો નથી. એ ફળવાનો, ફળવાનો ને ફળવાનો જ. આજે નહિ પણ કાલે આ કુટુંબમાં સારું થશે ખરું. આજે પણ મને વિશ્વાસ ખરો હોં સાહેબ, કેમ કે મારી માએ એની અવગણના નથી કરી, પણ એનું અજ્ઞાન-ઘોર અજ્ઞાન. એટલે આવું ના થયું. એનાથી ના થઈ શક્યું. એવો મને વિશ્વાસ હોવાથી મારા મોટા ભાઈના દીકરાનો દીકરો તે ભણવામાં ફર્સ્ટ ક્લાસ આવતો. મેડિકલમાં ફર્સ્ટ આવત, પણ ગરીબ માણસ. એટલે લાગવગ ચાલે નહિ. બીજા લોકો આવી ગયા. છતાં સર્જરીમાં ફર્સ્ટ ક્લાસ આવ્યો. એને ગોલ્ડમૅડલ પણ મળ્યો. મને થયું, 'આ છોકરો અમેરિકા જાય અને નોકરી મળે તો કમાય અને કુટુંબ તરી જાય.' મેં પ્રયત્ન કર્યો અને હવે મલેશિયામાં પરીક્ષા આપવા જવાનો છે. પાસ થશે એવી ખાતરી છે. મા અને બાપ મોકલશે તો પાંચસાત વર્ષમાં તરી આવે. છોકરો સારો છે. હોશિયાર છે. આ વસ્તુ બહુ ધ્યાનમાં રાખવા જેવી છે. 'આવા' લોકો જ્યારે કંઈ કહે ત્યારે તેમ કરવામાં આપણે કશું વિચારવું જ નહિ. જોકે એ પણ આપણાથી ના બને. કશું વિચારવું જ નહિ એવી આપણી ભૂમિકા જ ના હોય. જ્ઞાન થાય ત્યારે જ કશું ક્યારે ના વિચારાય-અનુભવની સ્થિતિ થાય ત્યારે કશું ના વિચારાય. બાકી તો માણસ વિચાર કર્યા વિના રહે જ નહિ. માણસને માટે અશક્ય. વિચાર કરે જ છે એ. ઘણું કહેવાય કે તમે આ બાબત માટે વિચાર ના કરો, પણ એ કેવી રીતે બને ? માણસ વિચાર તો કરવાનો જ. બહુ બહુ તો આપણામાં તટસ્થતા પ્રગટી હોય તો એમ કરી શકે : એને લેટ ગો-(જતું) કરી

શકે, તટસ્થતા એવી જીવતીજાગતી ચેતનાત્મક પ્રગટી હોય તો જ માણસ એમ કરી શકે. બાકી, એ શક્ય નથી-પૉસિબલ નથી.

**સ્વજન :** મોટા, એનો અર્થ એમ થયો કે જેમ જેમ તમારી શ્રદ્ધા ઊંડી-ડીપ-થતી જાય તેમ તેમ વિચારો ના આવે ?

**શ્રીમોટા :** હા, બસ ચોક્કસ.

**સ્વજન :** એટલે વિચાર ત્યાં સુધી થાય કે તમારામાં શ્રદ્ધા ઓછી હોય ત્યાં સુધી...

**શ્રીમોટા :** શ્રદ્ધા પાકી થાય, શ્રદ્ધા જ્ઞાનાત્મક થતી જાય છે ત્યારે વિચારની અવસ્થા ઊભી થતી નથી.

તા. ૧૬-૬-૧૯૭૪

❑

# (૧૩) જન્મ પુનર્જન્મ

**સ્વજન :** મોટા, જ્યારે માણસ જન્મે ત્યારે એની આજુબાજુના સંસ્કારો...

**શ્રીમોટા :** એ બધું લઈને જ જન્મે છે. લઈને જ આવે. જ્યારે જ્યારે જન્મ લીધો ત્યારે ત્યારે આમ જ થયેલું. એટલે પોતાના એકલાના જ સંસ્કાર નહિ, અનેક જીવોની સાથે સંકળાયેલા છીએ અને જેની સાથે બધું તાદાત્મ્ય છે, એવા બધાય જીવો આપણી સાથે આવેલા છે.

**સ્વજન :** શરીર છૂટી જાય પછી આ નિમિત્ત...

**શ્રીમોટા :** જ્ઞાનની દશામાં નિમિત્ત. બાકી, આપણને તો ટેન્ડન્સી-(વલણ). જીવદશામાં વલણ અને જ્ઞાનની દશામાં નિમિત્ત.

**સ્વજન :** મોટા, જો આ સાંઈબાબા અને બીજાઓ જે થઈ ગયા-આપણને મળ્યા હોય અને પછી તો એનો વિલય થઈ જાય. પછી પણ કોઈ એમને યાદ કરે તો તે વખતે ફરી પાછા મળે ?

**શ્રીમોટા :** એટલી ઇન્ટેન્સિટી-(તીવ્રતા) જોઈએ. ડિવોશન-(ભક્તિ) જોઈએ.

**સ્વજન :** તો એ સાકાર થાય ?

**શ્રીમોટા :** દા.ત., એવા દસબાર માણસો છે. એ લોકો તીવ્રતાથી અને ભક્તિથી એને યાદ કરે છે, તો દરેકની આગળ એ સાકાર નહિ થાય. એ જે જે પ્રકારની એની સાથેની એના માનસના સંતોષવા માટેની શક્યતા છે, જેટલી એની રિઆલિટી-(વાસ્તવિકતા) છે, એ પ્રમાણે એ થશે, કારણ કે દરેકની એક જાતની તમન્ના છે એ વાત સાચી. જિજ્ઞાસા છે. પણ દરેકમાં,

એમના હેતુમાં, એમના સ્વભાવમાં ફરક રહે છે, દરેક જણ એની ભક્તિ કરતો હોય છે, પણ દરેક જણમાં એની પાછળ અમુક જીવ પ્રકારનો અંશ રહેલો હોય છે. જ્યારે હું કાળીચૌદશની રાત્રે ટેકરા પર સૂતો હતો ત્યારે મારા મનમાં કે કોઈ કૉન્શ્યસનેસમાં પ્રવેશેલો તે પહેલાંના વખતમાં સાંઈબાબાનો કશો ખ્યાલ ન હતો. સાંઈબાબાના નામ તરીકે પણ જાણતો ન હતો. એવી મારી સ્થિતિ હતી. એટલે જ મેં એવું ઘટાવ્યું. મારું નિમિત્ત છે. કોઈ પૂર્વજન્મમાં એની સાથે સાધનામાં હું સંકળાયેલો હોઈશ. સાધનાની રીતે એ જીવ સાથે-મહાત્માની સાથે-આ જીવ સંકળાયેલો હશે એમ મેં સમાધાન કરેલું, કારણ કે આશ્રમમાં (હરિજન આશ્રમ) રહ્યા કરેલો, છાપાંય વાંચું નહિ અને મને ખ્યાલ નહિ કે આ સાંઈબાબા. એ પેલા શર્માજી હતા તેમણે કહ્યું કે, આ જ બાબા. ત્યારે જ મેં માનેલું કે આ જ માણસ હતો. તેના પરથી માનેલું કે આ જ સાંઈબાબા. બાકી તો મને ખબરેય નહિ.

એટલે નિમિત્તથી આપણે એકબીજાની સાથે સંકળાયેલાં છીએ. એ લોકો કહેતા પણ હોય છે, પણ આપણા માન્યામાં ના આવેને ! મને મળ્યા ત્યારની વાત જુદી. દા.ત., ભગવાન, અર્જુનને કહે છે કે, અલ્યા, તારા અને મારા તો ઘણા જન્મ થયેલા છે. તું જાણતો નથી, હું જાણું છું. એવું ગીતામાં કહ્યું છે. એવી રીતે આવા પુરુષો આપણને મળે ત્યારે એની રિઆલિટી-(વાસ્તવિકતા) આપણાથી સ્વીકારાય નહિ. નડિયાદના આશ્રમમાં બેઠેલો ત્યારે મને એમણે કહેલું, ‘ભાઈ, અહીં તારો આશ્રમ થશે !’ એ હું નહિ સ્વીકારી શકેલો. ત્યારે હું તો ગરીબ

માણસ, મારાથી આશ્રમ થાય નહિ. અહીં કેવી રીતે આશ્રમ થાય ? આ શક્ય નથી, પણ મારી ભૂમિકા જ એ જાતની નહિ. હું કેવી રીતે સ્વીકારી શકું ? પણ વાત એની સાચી હતી. કેટલાં બધાં વર્ષો સુધી હું ભૂલી જ ગયેલો, કારણ કે એ તો મેં ફેંકી દીધેલું, કેમ કે અશક્ય વસ્તુ છે ! પછી, ૧૯૫૩-૧૯૫૪ની સાલમાં મને મારા ભાઈ મૂળજીએ કાગળ લખેલો કે 'મારે કામ છે અને તમે આવો.' કામમાં કશુંય ના રહ્યું. મને ફાવે નહિ. મેં કહ્યું, 'ચાલો દખ્ખણિયે ઓવારે જઈએ. એક લારી ભાડે કરીને અમે લઈ આવેલા. એમાં સૂવા માટે શેતરંજીઓ નાખી, ઓશીકાં નાખ્યાં, સ્ટવ લીધો, ખાવા કરવાનું કંઈ લીધું. બે દિવસ રહેવાનો મારો વિચાર હતો. તે રાત્રે મને યાદ આવ્યું કે 'ઓહો, ગુરુમહારાજે મને કહેલું કે અહીં તારો આશ્રમ થશે.' એટલે મેં કહ્યું, 'આપણે પ્રગતિ કરો.' મેં કંઈ કોઈની પાસે પૈસાબૈસા માગ્યા નથી. મારા મિત્રો નંદુભાઈ કે હેમંતભાઈને પણ કહ્યું નહિ કે, મારે આશ્રમ કરવો છે તો લાવો પૈસા. મારી નાતના એક મિત્ર મળી ગયા અને તે કહે 'ચાલ.' તે ત્યાંથી અમે આવ્યા, તો કહે, 'ચાલોને મોટા, આપણે ચા પીતા જઈએ.' મેં કહ્યું, 'ચાલો.' કુબેરદાસ મને ઓળખે, હું એમને ઓળખું. જતાં આવતાં એ મને સલામ ભરે, હું એમને રામરામ કરું. તે સિવાય બિલકુલ પરિચય નહિ. તે મને કહે, 'કેમ ભગત, ઘણા વખતે આવ્યા !' તો મેં કહ્યું, 'આ જરા કામ હતું તે આવ્યો હતો.' 'મારે લાયક કંઈ કામકાજ હોય તો કહેજો.' એમ મને કહ્યું. 'કંઈ ખાસ કામ નથી.' તો કેમ આવ્યો ?' 'અહીં આશ્રમ કરવો છે-દખ્ખણિયે ઓવારે.' તો કહે, 'જાઓ, હું તમને પૈસા

આપીશ.' 'વર્ષ દોઢ વર્ષમાં હું તમને પાછા આપી દઈશ.' સાહેબ, બારતેર હજાર એમણે મને આપેલા અને આશ્રમ શરૂ કર્યો. પૈસા પણ મને મળી ગયા.

પહેલવહેલા મને પૈસા આપનાર સી. ડી. મહેતા. સુરતના આશ્રમમાંય આપેલા અને આમાંય આપેલા. વર્ષમાં મને મળી ગયા. જેટલાના લીધા હતા તે બધાના ત્યારે હું સ્વીકારી નહિ શકેલો. આવા લોકો કોઈ હકીકત કહે અને આપણાથી સ્વીકારાય નહિ તો એમાં મને જરાકે આશ્ચર્ય લાગે નહિ. ઘણાંની બાબતમાં-ઘણાંને જોઉં છું અને ઘણાંના સંપર્કમાં આવું છું. મને બરોબર અનુભવ થાય છે કે હું સ્વીકારી શક્યો ન હતો તો બીજા કેવી રીતે સ્વીકારી શકે ? તો દરેકની જેવી ભૂમિકા હશે તે પ્રમાણે જ સમજવાનું. આ તો સોએ સો ટકા સાચું હોય, પણ એને સમજવાની પોતપોતાની ભૂમિકા હોય. કોઈ પણ જીવ પેલાના સત્યને સત્ય તરીકે સ્વીકારી નહિ શકે. એટલું બધું અનુભવથી ઠસી ગયેલું છે. તા. ૧૬-૬-૧૯૭૪

**સ્વજન :** (જ્યોતિબહેન) કોઈ જીવ આઉટ ઑફ સ્ટેટમાંથી આવે અને આ પૃથ્વીના વાતાવરણમાં રહે ?

**શ્રીમોટા :** એ બધું મને કંઈ સાચું નથી લાગતું. એનું કારણ કહું તને. એ આઉટ ઑફ સ્ટેટમાંથી આવે, જે વાતાવરણ હોય એ વાતાવરણમાંથી આવે, તો તે ટકી ના શકે. એનું શરીર જે વાતાવરણમાં રહેલું છે, એને એ જ પ્રકારનું વાતાવરણ જોઈએ. આમ, આઉટ ઑફ સ્ટેટમાં લઈ જાય છે ત્યારે એના શરીરને અંદર એવી હવા-બવા કંઈ રાખતા હશે ! એ મને ખબર નથી. શું કરતા હશે ! એ હવા એ જાતની અનુકૂળ હોય. મારી અત્યારની સમજણ પ્રમાણે એ શક્ય નથી.

એમ બની શકે કે દેવપુરુષ કોઈકનામાં એનું મિડિયમ-(માધ્યમ) બનાવી પોતાની ભાવનાને પોષે એ પૉસિબલ-(શક્ય) છે. જેમ પ્રેત કોઈકનું મિડિયમ બનાવીને પોતાની લાલસા અને બધું ભોગવે છે, તેવી રીતે એ જો એવા પ્રકારની છઠ્ઠી ભૂમિકાવાળો જીવ હોય તો એનામાં અવતરણ થઈ શકે, પણ એ ત્યાંથી બીજા કોઈ આકાશમાંથી આવેલો જીવ આપણી પૃથ્વી પર, આ વાતાવરણમાં ટકી શકે એમ મને લાગતું નથી. પછી એ વાતાવરણમાંથી આ વાતાવરણમાં પોતે રહી શકે એવી શક્તિવાળો હોય તો બને. અશક્ય પણ કશું નથી. આ યુગમાં કશું અશક્ય નથી. એવો કોઈ બળવાન જીવ હોય તો પોતાનું વાતાવરણ બદલી શકે. એવા આવે છેય ખરા, પણ સામાન્ય જીવો નહિ, બહુ બળવાન. આત્માની શક્તિવાળા જીવો. દા.ત., આપણી પૃથ્વી પર ઉત્તમ કર્મ કરતાં કરતાં બહુ પુણ્યશાળી થયો. બહુ પુણ્યશાળી થયો, એનો અર્થ એનાં માનસ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-જે છે તે સબ્લિમેટ-ઊર્ધ્વ પ્રકારની સ્થિતિમાં રૂપાંતર પામ્યાં. એટલે એ જેનાં થયેલાં છે- પાંચે પાંચ તત્ત્વ-એ જીવો ઊર્ધ્વમાં જાય છે. બીજે ઠેકાણે જન્મે છે. આવા જીવો જે છે તે તેવા પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. આપણા બ્રહ્માંડમાં અને ત્યાંથી જે નિમ્ન પ્રકારના થયા-ત્યાં જેમની ક્ષતિ થઈ તેથી નિમ્ન પ્રકારના થયા, તે આપણે ત્યાં આવે છે. આપણે ત્યાં જે નિમ્નમાં નિમ્ન, ખરાબમાં ખરાબ પ્રકારના થયા, એ એવી બીજી સૃષ્ટિ છે ત્યાં જન્મે છે, પણ અહીં આવવાની જે વાત છે તે જન્મ-બન્મ લીધા વિના સ્વયં આવે છે, તેવા કોઈક હોય છે-ભાગ્યે જ. બાકી, સામાન્ય રીતે

તો આવા અવતારી પુરુષો પણ માના પેટે જ જન્મે છે. કોઈક અપવાદ રૂપ હોય છે. એવી પણ શક્યતા છે. હવે નકારી શકાતું નથી.

'કરાટે' વિદ્યા જાણવાવાળા ઝાડને પણ ઉખાડી નાખે. મહાભારતમાં જે ભીમ છે, એ ઝાડ ઉખાડી ઉખાડીને લડતો હતો. એ વાત હવે માનવી પડે. આ તો એક સામાન્ય માણસ કરાટેની વિદ્યા જાણતો હોય તો ઝાડને પણ ઉખાડી નાખે. એવી કળા એની હોય તો આ તો ભીમ તો બહુ મોટો જબરજસ્ત. બહુ જાતની કળા જાણવાવાળો હશે.

ઝાડ ઉખાડીને નાખે તે તો માન્યામાં જ નથી આવે એવું, પણ એ પ્રયોગ કરીને બતાવવાનું છે.

તા. ૧૬-૬-૧૯૭૪

**સ્વજન :** જે લોકો બીજા દેશમાં જન્મવાનું વિચારતા હોય તો શું એનો જન્મ એ દેશમાં થાય ?

**શ્રીમોટા :** દા.ત., આપણા હિંદુસ્તાનમાં જન્મનારા. આપણી રીતે રહેનારા, આપણે છીએ. તે આપણે એકબીજાની સાથે સંકળાયેલાં છીએ. એકબીજાની સાથે એટેચમેન્ટ-(આસક્તિ) છે. હવે એવા જીવો અમેરિકામાં કે બીજા દેશમાં નહિ જન્મે. જ્યાં જ્યાં પોતાના જે જે જીવોની સાથે જેટલું એટેચમેન્ટ છે, તે વાતાવરણમાં જન્મે છે. જન્મથી જ યુરોપનું વાતાવરણ અને એવું બધું જેના માનસમાં હોય એવા ત્યાં જન્મે. અહીં રહેતો હોય પણ બધું યુરોપિયન રીતે જ વિચારવા કરવાનું બનતું હોય, એની રહેણીકરણી બધું જ એ જ રીતનું હોય, એવો અહીં રહેતો હોય તોય એ ત્યાં જન્મે. જે પ્રકારની

ઘણા લાંબા કાળ સુધીની જેવી જેની વિચારસરણી, જે પ્રકારની જીવસૃષ્ટિ એ ત્યાં જન્મે. કોઈક વખત આવો ખ્યાલ આવે. એટલું નહિ, પણ એ જાતની સભાનતા લાંબાગાળા સુધી ઘણાં વર્ષો સુધી જેની રહ્યા કરતી હોય તો ત્યાં તેનો જન્મ થાય. પણ કોઈક કોઈક સમયે ત્યાંનો વિચાર આવે એથી ત્યાં જન્મ ન થાય. તા. ૧૬-૬-૧૯૭૪

**સ્વજન :** તે મોટા, હવે જે પૉપ્યુલેશન-(વસ્તી) વધે છે, તેવા જીવો ક્યાંથી આવતા હશે ?

**શ્રીમોટા :** વાતાવરણમાંથી. અનંત જીવો છે. જેનો કંઈ આપણને ખ્યાલ નથી. એકદમ કેમ વસ્તી વધતી જાય છે ? એમ આપણને થાયને ! બે વર્લ્ડ વૉર-(વિશ્વયુદ્ધ) થઈ. લાખો લોકો ગુજરી ગયા અને એકસામટા ગુજરી ગયા, તો એકસામટા જન્મે. બુદ્ધિથી આમેય ઠોકાય અને આમેય ઠોકાય, પણ એ સાચી વાત નથી. આ તો હું કહું છું. આ તો કોઈ અમને અલેલટપ્પુ સવાલ પૂછે અને કોઈ અલેલટપ્પુ જવાબ આપે. એવું કંઈ અક્કલવાળાની અંદર-આપણી આ પ્રકારની બુદ્ધિની અંદર નથી. મેઇન-(મુખ્ય) વાત એ છે કે ત્યાં જે બુદ્ધિ છે એ જુદા પ્રકારની છે. ત્યાં કઈ રીતે વર્કિંગ ચાલે છે એનું હાલની બુદ્ધિથી તમે એની સાથે કોઈ જસ્ટીફાય કે સમાધાન કે ક્લૅરિફિકેશન-(ચોખવટ) નહિ કરી શકો. એ ભૂમિકામાં જાઓ ત્યારે તમને સમજણ પડે. એ બધા સવાલો ભલે પૂછો. જોકે એ બધા જન્મવાના તો ચોક્કસ. કોઈ જન્મવાના નહિ એમ નહિ. જ્યારે જ્યારે વસ્તી ખૂબ જ વધી ગઈ હોય ત્યારે કાં તો એવા ભયંકર રોગો આવે કે લોકો ખલાસ થઈ જાય. આપણે

ત્યાં ૧૯૧૮ કે ૧૯૧૯ની સાલમાં આ મેનેન્જાઈટીસ આવ્યો, તે ૫૦ લાખ માણસો ગુજરી ગયા-હિંદુસ્તાનમાં. એટલે આ તો આશરે જાણેલી વાત કહું છું. એના સ્ટૅટિસ્ટિક્સ-(આંકડા) મેં વાંચ્યા નથી. એમ ચાલ્યા કરવાનું.

તા. ૧૬-૬-૧૯૭૪

❑

# (૧૪) શબ્દની શક્તિ

**સ્વજન :** મોટા, શબ્દની ઉપાસના અથવા શબ્દ જે ઑરિજિનલ-(મૂળ) થયેલો કે વિચારના મૂળરૂપે હતો ? એમાંથી આખી સૃષ્ટિ થઈ ?

**શ્રીમોટા :** આપણે મનુષ્ય છીએ એટલે મનુષ્યની રીતે જ આપણે વિચાર કરી શકીએ, કારણ કે આપણી બુદ્ધિ, આગળ પાછળનું વાતાવરણ-આ છે તે છે-આગળ પાછળ આપણે જે બધું જોઈએ છીએ, કરીએ છીએ અને એટલું સમજીએ છીએ. જેટલું લખાયું છે એટલું આપણી સમજમાં આવ્યું છે. આપણે સાંભળેલું છે તેટલા જ પ્રમાણમાં આપણે વિચાર કરી શકીએ. તેની બહાર તો આપણે વિચાર નહિ કરી શકીએ. એ શક્યતા નથી. એટલે આપણા લોકોએ વિચાર્યું. જે જે બધું થાય છે એ શબ્દ દ્વારા થાય છે, એ બધું આપણે અનુભવમાં જોયું 'આ કર, તે કર, ફલાણું કર, ઢીકણું કર. એમ જે કંઈ કરાવવું હોય છે, જે કંઈ જન્માવવું હોય છે, સર્જાવવું હોય છે, વ્યાપાર છે, પ્રગતિ છે, સંસારની પ્રગતિ છે કે બીજું કંઈ છે તે બધું જ માત્ર કહેવાથી-શબ્દથી-થાય છે. એ તો આપણે જોઈએ છીએ. એટલે પછી એ રીતે એ લોકોએ વિચાર્યું. આ બધું જ, બ્રહ્માંડ માત્ર શબ્દથી જ થયું છે. પછી આપણે મૂળ ખોળ્યું. પણ એ મૂળ ખોળવા પણ કેવી રીતે જઈએ છીએ આપણે ? પોતાની માનસિક પરિસ્થિતિ-મનુષ્ય સ્વરૂપમાં-જે કંઈ આપણી પ્રગતિ છે. એ શબ્દની તાકાત છે. એ નિરાકાર છે. એ નિરાકાર કેવી રીતે ? આપણે બોલીએ છીએ ! એ તો સાકાર છે. એમ સમજમાં આવ્યું એટલે સાકાર થયું, પણ જ્યારે શબ્દ હોય જ

નહિ, આપણે બોલતાં જ નથી, મૌન રહીએ છીએ ત્યારે એ નિરાકાર છે, પણ તેમ છતાં એનું સ્થાન છે. આપણા સંસ્કારમાં, આપણાં મનાદિકરણમાં, આપણા મગજમાં એનું સ્થાન છે, એ આપણે ના નથી કહી શકતાં. એટલે નિરાકારમાં હોવા છતાં એ અસ્તિત્વમાં છે. એ આપણે કબૂલ કરીએ છીએ કે, ભઈ ખરું ! શબ્દ બોલાતો ન હોય તો એ નિરાકાર હોવા છતાં એનું અસ્તિત્વ છે.

ટોચ ઉપરથી આ શબ્દથી બધું થયું અને આ થયું હોવા છતાં શબ્દ પાછો નિરાકાર છે, પણ નિરાકાર હોવા છતાં એનું અસ્તિત્વ છે. એ જ પ્રમાણે બ્રહ્મ વિશે, ભગવાન વિશે સમજણ કે એ નિરાકાર હોવા છતાં એનું અસ્તિત્વ છે અને નિરાકારમાંથી જ એ સાકાર-શબ્દરૂપે-થયો. એટલે આપણે સકળ જે કંઈ પ્રવૃત્તિ ઉપજાવીએ છીએ, જે કરવાનું બને છે અથવા તો જે થવાનું છે એ પણ શબ્દથી બને છે. એ આપણી સમજમાં આવે છે, કારણ કે એ રીતે આખું એન્વાયરમેન્ટ-(વાતાવરણ) હોય, આપણી સમજ હોય, આપણું ગ્રાઉંડ-(ભૂમિકા) હોય, આપણી જે કંઈ વિચાર થયેલી શક્તિ હોય, એ પ્રમાણે જ આપણે સમજવાનાં. બીજી કોઈ રીતે આપણે સમજી નહિ શકવાનાં. એટલે આપણા શાસ્ત્રકારોએ, અનુભવીઓએ, આ શબ્દને આ રીતે સ્વીકાર્યો. શબ્દથી જ જે તે બધું થાય છે, એ અનુભવમાં પણ એમણે એમ જ જોયું.

જ્યારે પ્રત્યેક ભૂમિકા ઉપર શબ્દનું સ્વરૂપ જુદું જુદું. પાછું જેમ સંગીત છે તે સંગીતના શબ્દનો શરૂઆતમાં લય જુદો હોય, અમુક આરોહ અવરોહ થાય ત્યારે એનો લય જુદા

પ્રકારનો અને જ્યારે છેક ઊંચે લઈ જાય ત્યારે પણ જુદા પ્રકારનો. જેમ સંગીતમાં શબ્દના રાગ હોય તેમ રાગની ભૂમિકામાં એનું સ્વરૂપ જુદું જુદું હોય. એના સરગમ પણ જુદા જુદા થઈ જાય-એની ભૂમિકા પ્રમાણે. જેવી રીતે ચેતનનું અવતરણ જુદી જુદી ભૂમિકામાં થયું ત્યારે એ જુદાં જુદાં રૂપે થયું, કારણ કે ચેતનનો ગુણધર્મ જ્યાં મળે ત્યાં એકરૂપ થઈ જવાનો છે. માટે તે તે રૂપ થયું. જો ચેતનનો ગુણધર્મ એ ના હોય-તાદાત્મ્ય થવાનો-તો તે તે રૂપે એ ના થયો હોય-તે શક્ય જ ન હતું, પણ તેનો ગુણધર્મ છે. જેમાં જેમાં ભળી જાય તે રૂપ થઈ જાય અને પાછો પોતે નોખો રહે. તેવી રીતે શબ્દ પણ જે જે ભૂમિકામાં વ્યક્ત થયો તે તે ભૂમિકાની અસર તેને તે રીતે વ્યક્ત થાય. એટલે કામક્રોધાદિ રીતે શબ્દ વ્યક્ત થયો તે તે જાતની ગતિમાં આપણને જોવા મળે. જો લોભની ભૂમિકાથી વ્યક્ત થયો તો તૃષ્ણાની ભૂમિકામાં લઈ જાય. એ જેમ આપણને સમજાય છે, એ રીતે આધ્યાત્મિક ઊંચી ઊંચી કક્ષાઓમાં જે શબ્દ વ્યક્ત થયો તે તેમાં જ તેને ગતિ કરાવશે. તે પ્રકારની સભાનતા-તે પ્રકારનું જ્ઞાન તેને થશે એ આપણી સમજમાં આવે છે. તા. ૧૪-૬-૧૯૭૪

**સ્વજન :** મોટા, આ લક્ષ્મીનો ઉપયોગ, જે અનુભવી પુરુષો થઈ ગયા, અમુક વૃત્તિવાળા, એ જેમ કરતા એવી રીતે અત્યારે પૉલિટિશિયન્સ-(રાજકારણીઓ) એમનો પાવર-(સત્તા) જમાવી રાખવા કરે છે. એને ....

**શ્રીમોટા :** અનુભવી પુરુષોને એમ નથી થતું કે હવે આ અમારી શક્તિ છે એ ટકાવી રાખવી. જેમ પેલા પૉલિટિશિયન્સ

પોતાની સત્તાને ટકાવી રાખવા માગે છે એવી રીતે આ અનુભવી પુરુષને કંઈ પડેલી ના હોય ! અનુભવી એમ કહે છે કે આ સત્તા તો છે જ. આ જે ચેતનની સત્તા એટલે કે અમારી સત્તા. પોતે ચેતનવાળા જ છે. અમારી સત્તા તો છે જ. એ સત્તા આ પ્રકૃતિવાળા માયાવી જીવો સમજતા નથી. જેમ આપણી પૃથ્વીની ઉપર જેમ જેમ ઊંચે જઈએ છીએ તેમ તેમ બધું જુદું જુદું છે, એ હકીકત જે છે તે સાચી વાત છે, પણ સામાન્ય જીવો બધું સમજતા નથી. એની અંદર ઘણો મોટો ભાગ ૯૦ ટકા ભાગ નહિ સમજતો હોય કે ઉપર બધું આવું આવું છે. એવી રીતે પેલા લોકો કહે છે કે સત્તા તો અમારી છે જ, પણ જીવો નથી સમજતા એ તેમનું અજ્ઞાન છે. એટલે સત્તા તો છે જ એ એમને પોતાને સો ટકાની ખાતરી છે. પછી એ શા માટે કરે ?

પેલા પૉલિટિશિયન્સ છે, એ પોતાની શક્તિ પ્રાપ્ત કરીને એ શક્તિ વડે કરીને પોતાનો પ્રભાવ જળવાઈ રહે એવા પ્રયત્નો કરે છે, કારણ કે એમને ખબર નથી અથવા તો એ જાણતા નથી. અમારી સત્તા છે એમ તો એમને ખાતરી છે જ નહિ. એ જતીય રહેશે. માટે જેટલો કાળ ટકાવી રખાય તેટલો વધારે કાળ ટકાવી રાખો. આ દૃષ્ટિએ પોતાની શક્તિનો પ્રભાવ જન્માવવા માટે લક્ષ્મીનો ઉપયોગ કરે છે. તોય સત્તા સનાતન તો રહી શકતી નથી. જ્યારે પેલા અનુભવીને તો પોતાની સત્તા તો છે, છે ને છે જ ! એવી એને સો ટકાની ખાતરી છે. એટલે એને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. પ્રયત્ન ક્યારે કરવો પડે ? જ્યારે જીવદશામાં તેઓ હતા ત્યારે એ પ્રયત્ન

કરીને એ સ્થિતિ પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત કર્યા પછી એ તો જાણે છે કે પોતે સર્વત્ર પ્રસરેલો છે.

જેમ વા-હવા સર્વત્ર પ્રસરેલી છે. એ હવા મેળવવા માટે આપણે કંઈ પ્રયત્ન કરવો પડતો નથી. એ જો ના હોય તો પળવાર પણ આપણે જીવી ના શકીએ. એ એટલી બધી મહત્ત્વવાળી ચીજ છે. કરોડોગણો પુરુષાર્થ કરો તોપણ તે મેળવી ના શકો. તેમ છતાં એવી ચીજ તમને મળેલી છે. જેનું મૂલ્યાંકન જીવથી થતું નથી. આકાશ, અગ્નિ, તેજ, વા, એ બધાં છે કે જે જીવવા માટે એસેન્શ્યલ-(અનિવાર્ય) છે. એટલી બધી એસેન્શ્યલ છે કે લક્ષ્મી કરતાં પણ વિશેષ, અનાજ કરતાં પણ વિશેષ. અનાજ વિના ચાર-પાંચ-દસ દિવસ કાઢી નંખાય-પાણી વિના થોડો ગાળો કાઢી નંખાય, પણ હવા વગર નહિ જીવી શકો. તેજ વિના નહિ જીવી શકો. એવી વસ્તુઓ આપણને સહજ રીતે મળી હોવાથી એનું મૂલ્યાંકન-એનું મહત્ત્વ-આપણે આંકી શકતાં નથી. તેવી રીતે આ ચેતન છે. એના કરતાં પણ સહજ છે. સર્વત્ર છે, આપણા અણુએ અણુમાં પ્રગટી રહેલું છે. પણ જેમ તેજ, વા, જળ, રસ, એ બધાંનું અસ્તિત્વ હોવા છતાં અને આપણે જેના વડે કરીને જીવી શકીએ, એ ના હોય તો જીવી ના શકીએ એ પણ આપણી બુદ્ધિ સ્વીકારે છે. તેમ છતાં તેના મહત્ત્વની સભાનતા આપણામાં નથી. એ જેમ હકીકત છે તેવી રીતે ભગવાનનું છે. એવો ભગવાન છે અને આપણને એની અવેરનેસ-(સભાનતા) કેમ નથી રહેતી ? અરે, વા જેવાની-હવા જેવીની નથી રહેતી-તેજ જેવાની નથી રહેતી-તો ભગવાનની કેવી રીતે

રહે ? આ તો તમારા રોજબરોજમાં પળેપળ ઉપયોગમાં આવે છે, જેના વગર તમે જીવી ના શકો. આટલી બધી જે મહત્ત્વની વસ્તુ છે, તેની પણ તમને અવેરનેસ નથી તો ભગવાનની તો હોય જ ક્યાંથી ?

મને દમ ચઢે ત્યારે શ્વાસની રિબામણ થાય-ગભરામણ થાય ત્યારે પેલા વાની-હવાની કિંમત સમજાય. ત્યારે અછતપણાની કિંમત સમજાય છે. છતાં નહિ સમજાય. અછતમાં સમજાશે. મેં એક બહેનને એમના હસબન્ડ-(પતિ) ગુજરી ગયા ત્યારે લખ્યું છે-કે દુઃખને આશીર્વાદ ગણજે, કેમ કે વિકાસની શક્યતા દુઃખમાં છે, સ્ટ્રગલમાં છે. સંગ્રામમાં છે-સુખમાં નથી. આ વાતનો ખ્યાલ જ નહિ આવે. બહુ ઓછા લોકો સમજે છે કે દુઃખમાં, મુશ્કેલીઓમાં, આપત્તિઓમાં, ગૂંચોમાં, સંઘર્ષણોમાં જેટલો માણસ જાગૃત રહે તેટલો તેનો વિકાસ થાય, પણ જાગૃતિ પર આધાર છે. દુઃખમાં માણસ જડ રીતે દબાઈ જાય તો નકામું. દુઃખ કોઈ પણ માણસને જગાડવા માટે છે. એમાં જાગીને પુરુષાર્થ કરે છે-ઉપર આવવાનો-એનો વેગ કંઈ ઓર હોય છે. મેં **'દુઃખ'** પર ૧૯૪૨માં લખેલું.

તા. ૧૪-૬-૧૯૭૪

**સ્વજન :** એ વાંચ્યા પછી જ મને ખ્યાલ આવ્યો. એ પહેલાં મને ખ્યાલ જ ન હતો. મોટા, હવે આ જે વિસ્તારને પામે છે તે તમે કહ્યું, એકાગ્ર થયા પછી વિસ્તારને પામે છે તો એ વખતે....

**શ્રીમોટા :** એ ભૂમિકામાં-૧૪મી ભૂમિકાની વાત કરીએ

કે, જ્યારે આત્માને આત્માનું સંપૂર્ણપણે ભાન થઈ જાય, એ ૧૪મી ભૂમિકા ગણાય. એક વખત માણસ એકાગ્ર-કેંદ્રિત થઈ ગયો પછી પહેલી એકાગ્રતાની ભૂમિકા-એને ટોચમાં ટોચ એકાગ્રતા થઈ જાય. પછી કેંદ્રિતતામાં પ્રવેશે. પછી કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચી જાય. પછી વિસ્તારની સ્થિતિ આવે. જેમ પહેલાં માણસ કમાય ત્યારે વાપરવાનું ઓછામાં ઓછું, કારણ કે મૂડી હોતી નથી. ત્યારે મૂડી કમાવવાનો પ્રયત્ન કરે, જેમ જેમ મૂડી થાય તેમ તેમ તે વાપરી નહિ શકે, મેળવ્યા કરે. મેળવ્યા કરવાની એને ધગશ-તમન્ના બહુ છે. એટલે જે કંઈ મળ્યું એ એને ખાવાપીવા વહેવાર પૂરતું વાપરવું પડે. તે પણ કરકસરથી વાપરશે અને વધારેમાં વધારે મૂડી મેળવશે. પછી જ્યારે સંપૂર્ણપણે ધરાઈ જાય, સૌ સૌની શક્તિ પ્રમાણે ધરાઈ જાય, પછી એનો ઉપયોગ કરે, વાપરે. તેવી રીતે આ જ્યારે આત્મા છે તે આત્માના પોતાપણાની, પોતાની શક્તિની, પોતાનાં અનંત પાસાંઓની, અનંત પાસાંઓમાં પોતાના અસ્તિત્વની એવી જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતા ધરાવે છે, ત્યારે એ વિસ્તારને પામે છે. એ વિસ્તારને એ કેવી રીતે પામે છે ? કે એણે પહેલાં સમજી લીધું કે જ્યાં ત્યાં સર્વત્ર મારું અસ્તિત્વ છે. એ અંદર સમજ્યો તો ખરો, અંદર ને અંદર સમજ્યો, પણ બહાર જ્યારે બધે 'હું છું' બહાર મારું અસ્તિત્વ છે. જેમ માણસ સમજે છે કે કરોડ-બે કરોડની સંપત્તિ મારી પાસે છે, પણ જ્યારે એ વાપરે છે ત્યારે તેની મજા, તેનો આનંદ, તેની સભાનતા-જુદા પ્રકારની છે. 'પોતે આમ છીએ' એ વાત સાચી, પણ એ જ્યારે સત્તારૂપે વપરાય છે, ઉપયોગ

થાય છે, ત્યારે એ વિસ્તારને પામે છે. રણછોડભાઈ શેઠને વિચાર આવ્યો કે આપણે મિલ કાઢીએ. પહેલાં તો વિચાર આવ્યો પછી એને રૂપ આપ્યું. સંચા આણ્યા. પછી એ શક્તિ સાકારરૂપે ઊભી થઈ-પછી એ બધામાં વિસ્તાર પામી. વિસ્તાર પામી ત્યાંથી તૈયાર થઈ. જે બધું હતું તે પણ વિસ્તાર પામ્યું. બધાં લૂગડાં પહેરતાં થઈ ગયાં. એટલે એકાગ્ર અને કેંદ્રિત થયા. વિસ્તારદશા આવે છે એટલે જેમ આપણે ધરાઈ જઈએ એટલી સંપત્તિ થઈ પછી આપણે કેટલું ભેગું કરવાનું ? પછી એ વાપરવા માંડે. પછી વાપરવા માંડવાની સ્થિતિ વિસ્તરી ત્યારે જે પેલી ૧૪મી ભૂમિકામાં આત્માને પોતાની શક્તિની, પોતાના સર્વત્રપણાની, સર્વત્ર ઠેકાણે પોતાના અસ્તિત્વની-આ બધી સભાનતા થાય છે, પણ પોતાના અંદર ને અંદરમાં-બહાર નહિ. ખરી રીતે બહાર તો સમજવા પૂરતું જ બોલીએ છીએ, પણ એને તો અંદરબહાર બધું એક જ છે. એ શરીરધારી હોવાથી એ શરીરધારીને અનેક પ્રકારનાં નિમિત્તો છે. શરીર ન હોય તો એને કશું નથી, પણ શરીર છે અને શરીરની સાથે આત્મા અણુએ અણુ સંકળાયેલો છે. અણુએ અણુ પ્રાણ-એનર્જી છે. એ આજે પણ આપણે સમજીએ. જ્યાં જ્યાં નિમિત્ત ત્યાં ત્યાં પોતે છે એની સભાનતા. અને એ સભાનતા પણ તે તે પ્રકારની પાછી, કારણ કે ચેતનનો ગુણધર્મ પાછો તાદાત્મ્ય છે. એ જેની સાથે ભળે તે પાછો તેવો જ થઈ જાય. ત્યારે એ જે ચેતન છે, બ્રહ્મનું લક્ષણ એ પોતે અંદરથી જાણેલું છે, પણ નિમિત્ત થતાં એ પોતે પ્રયોગાત્મક રીતે એને આમ થાય. એ તે તે નિમિત્ત સાથે તે રૂપ થઈ જાય છે. વળી પાછો નોખો રહે

છે. તેથી પેલામાં ભળી જાય છે તેવું નથી. તદ્રૂપ થાય છે ખરો, પણ તેથી કરીને પેલાના ગુણધર્મ જાણી લે છે. એના સ્વભાવને જાણે છતાં એ બોલતો નથી. કંઈયે ના બોલે. કોઈ પૂછે તો એ કંઈ કહેતો નથી. બહાર તો બીજા કોઈને 'આ શું સમજતો હશે?' એવું લાગે. એના દીદાર ઉપરથી કોઈ એને કહી શકે નહિ કે આ આટલો બધો હોશિયાર હશે. બિલકુલ કહી ના શકે. ખરેખરો અનુભવી પુરુષ અંદરથી બરોબર સમજતો હોય છે. ત્યારે એણે ૧૩મી ભૂમિકામાં જે કંઈ અનુભવ્યું તે પ્રયોગાત્મક રીતે ૧૪મી ભૂમિકામાં વિસ્તારની દશામાં તે અનુભવે છે કે, 'હું સર્વત્ર છું. એક ઠેકાણે હોવા છતાં અનેક ઠેકાણે છું.'

અનેક ઠેકાણે કેવી રીતે હોય ? આપણે તો એક ઠેકાણે શરીરથી છીએ, પણ અનુભવીનું શરીર આકાશ તત્ત્વ છે. આકાશ તત્ત્વ સર્વત્ર વિકસેલું છે. એટલે જ્યાં જ્યાં નિમિત્ત ત્યાં ત્યાં એનું અસ્તિત્વ એ પોતે અનુભવે છે. બીજા કોઈને ખબર ના પડે. એ તો કહે, 'આ તો ગપ્પાં છે.' તો જેને જે કહેવું હોય તે કહેવા દો, પણ આ સાયન્સ-(વિજ્ઞાન) છે. આધ્યાત્મિક વિજ્ઞાનનું વિજ્ઞાન છે. એકીપળે અનેક નિમિત્ત છે. તો એકેએક નિમિત્તમાં એ હાજર છે. આપણી બુદ્ધિથી વિચારીએ તો સમજાય ખરું કે આકાશ તત્ત્વ એનામાં વિકસેલું છે અને આકાશ તત્ત્વ એનામાં જામ્યું છે અને તેના લીધે એ જ્યાં ત્યાં જઈ શક્યો.

બીજાઓને તેનો પ્રયોગાત્મક રીતે અનુભવ ના હોય તો કદાચ સ્વીકારી ના શકે. એના ઉપર આ લોકો સ્ટ્રેસ-(ભાર)

આપતાં નથી. આમ પ્રયોગ કરો તો તમને કેમ સમજ ના પડે? મારા જેવાને તો મારા ગુરુમહારાજ સદેહે હતા ત્યારે પણ મને એનો અનુભવ થયેલો. હું જ્યાં હતો ત્યાં મને બે અનુભવ થયેલા. પછી શરીર ના હોય ત્યાં પણ એની હાજરી અનુભવેલી. ત્યારે મને ખબર પડી કે આ તો છે, છે ને છે જ. ભલે શરીર ના હોય. તેથી તે કંઈ જતો રહ્યો છે તેમ નથી અને મને સદેહે જેવા હતા એવા સ્વરૂપે દર્શન દીધાં. એમને (આમ થવાનું કારણ એ કે) અનુભવ થયા પછીથી જ શરીર પરત્વેનું મમત્વ એને નથી હોતું. જેને દેહાધ્યાસ કહે છે એવી દેહાધ્યાસની મડાગાંઠ પેલામાં નથી. જ્યારે આપણી સર્વ પ્રવૃત્તિ કહો-આપણા વિચારમાં જીવદશામાં તો એ શરીરને માટે જ થાય છે. વેપાર-ઉદ્યોગ પણ શરીરને માટે જ-બીજા કશાયને માટે નહિ. બહુ બહુ તો શરીરને માટે એટલે શરીરને લાલનપાલન માટે થાય છે.

❑

# (૧૫) ઊર્ધ્વગમન કરવા....

**શ્રીમોટા :** *'પૂરેપૂરું દટાઈને ગળી જવું પડે,*
*પાછું નામશેષ થવું પડે.*
*સ્વભાવ મૂળનો છોડી દેવો પડે પૂરેપૂરો,*
*ત્યારે જ ફણગો કેવો તેમાંથી ફૂટી નીકળે !'*

**સ્વજન :** બિલકુલ શાંત થયા પછી જ આમ થાય ?

**શ્રીમોટા :** હા, પૂરેપૂરું...સંપૂર્ણ...બીજ છે, ઘઉં છે તે જમીનમાં નાખ્યા. પૂરેપૂરું દટાઈને ગળી જવું પડે, પાછું નામશેષ થવું પડે. આ નામશેષ થવા માટે પાછો મૂળનો સ્વભાવ છોડી દેવો જોઈએ. એટલે કે આખો ઘઉં જે હોય છે તે દળાઈ જાય પછી એ રોટલી રૂપમાં ખાવાના ખપમાં લાગે છે. સ્વાદ લાગે છે. તો તે ઉપરનો સ્વભાવ છોડીને બને છે. 'સ્વભાવ મૂળનો છોડી દેવો પડે પૂરેપૂરો, ત્યારે જ ફણગો કેવો તેમાંથી ફૂટી નીકળે !' તે જેમ બીજની બાબતમાં છે તેવું જ આપણી પોતાની બાબતમાં છે. પહેલાં તો આપણે જામવું પડે. પણ જામતાં પહેલાં શું શું કરવું પડે ? પૂરેપૂરું આપણે જામીએ ત્યારે જ મજા પડે. સંગીતમાં પણ-સંગીત જ્યારે બરાબર જામે ત્યારે એના હાર્દની આપણને ખબર પડે છે, રસ પડે છે. એટલે પૂરેપૂરું જામવું પડે-કોઈ પણ વિષયમાં. કોઈ પણ વિષયનું હાર્દ મેળવવું હોય તો તેમાં આપણે સંપૂર્ણ જામવું પડે. તો જામતાં પહેલાંની સ્થિતિ કેવી હોય એ આપણને આમાં બતાવ્યું છે :-

*'સ્વભાવ મૂળનો છોડી દેવો પડે પૂરેપૂરો,*
*ત્યારે જ ફણગો કેવો તેમાંથી ફૂટી નીકળે !'*

જે આમાં છે-ફણગો જ્યારે ફૂટી નીકળે છે ત્યારે એની બહુ કાળજી રાખવી પડે છે. એવી જ રીતે આધ્યાત્મિક વિકાસના પંથમાં જ્યારે ઊર્ધ્વગમન-ચડવાની-બાબતનું આપણી પ્રકૃતિ બાબતનું-પ્રકૃતિ તરફનું આપણું વહેણ ઘટીને ઉપર ચડવાની શરૂઆત થાય છે, એ જાતની ખરેખરી અભીપ્સા જાગે છે અને આપણી એ માર્ગે જવાની નિશ્ચિત ગતિ થઈ ગઈ હોય છે ત્યારે જ ખરેખરી કાળજી લેવાની હોય છે, કારણ કે ત્યારે આપણામાં જે પ્રકૃતિ છે તે પ્રકૃતિ પોતાની ગ્રીપ-(પકડ) છોડી દેવા માગતી નથી હોતી, કારણ કે એનું પણ જ્યાં ત્યાં સામ્રાજ્ય છે જ. એ પ્રકૃતિ છે તે વધારે બળવાન બને છે. બીજી રીતે એને માર્ગ કરી આપ્યો છે-ઉપર જવાનો. એટલી બધી ઉત્કટ પ્રમાણમાં હતી કે એની માનસિક ભૂમિકા એવા પ્રકારની છે કે તેના વડે કરીને પેલી પ્રકૃતિમાં હવે રમી શકે એવી સ્થિતિ રહી નથી. ત્યારે એ આઇડલ-(આળસુ) કેવી રીતે બને ?

ધારો કે માણસ અત્યંત દાઝી ગયો હોય અને વેદના થતી હોય ત્યારે કામક્રોધાદિ, લોભાદિમાં તેની પ્રવૃત્તિમાં પડી નહિ શકે. એ જેમ સાચું છે તેવી રીતે આ જાતની ભભૂકેલી એની ચેતન પરત્વેની જિજ્ઞાસા એકધારી સતત સળગેલી રહ્યા કરતી હોય ત્યારે પ્રકૃતિની રમતના રસમાં પેલી એની ઇંદ્રિયો પડી જ નહિ શકે. એટલે ઊર્ધ્વગમનની એની પાકી તૈયારી થઈ ગઈ. હવે એ કાળે આ પ્રકૃતિ છે, તે એનું કંઈ ચાલતું હોતું નથી. એવી શક્યતા જ નથી. પ્રકૃતિનાં પાછાં સ્વરૂપો છે : પરા અને અપરા. શાસ્ત્રમાં પ્રકૃતિ પણ બે પ્રકારની જણાવી

છે, પણ તેના કરતાં પણ પ્રકૃતિના જુદા જુદા પ્રકાર છે. પ્રકૃતિમાં રહેલા જે અસુરો છે, એ અસુરો આપણામાંનાં નિમ્નગામી વલણો છે. એ નિમ્નગામી એટલે પ્રકૃતિના કામક્રોધાદિ તરફ વહેનારાં પરિબળો. એ પરિબળો એ અસુરો છે. એ અસુરો એ વખતે વિશેષ જાગૃત થાય છે. જેમ એકબાજુ ઊર્ધ્વ ચેતન તરફ જવાની આપણી પાકી તૈયારી થઈ ગઈ, એટલું જ નહિ પણ એ તરફ આપણે વહેવાની શરૂઆત કરી દીધી. પ્રકૃતિ તરફનું આપણું વલણ ઘટી ગયું. એટલે ઊર્ધ્વ તરફનું વલણ આપણું વધ્યું. તે વખતે આપણામાં રહેલાં આપણાં કામક્રોધાદિરૂપી રાગાદિ જે વલણો છે, એ વલણો અત્યારે એટલાં જબરજસ્ત પ્રમાણમાં ઊગે છે કે સામાન્ય જીવદશાની અંદર સામાન્ય પ્રમાણમાં જે ઊગે એ કરતાં કેટલાંય બધાં મોટાં પ્રમાણમાં તે ઊગે છે. જોકે પ્રકૃતિમાંથી એક એવા પ્રકારની જિજ્ઞાસા પેલા શ્રેયાર્થીની હતી કે એને જે જે પ્રકારના સક્રિય અભ્યાસ વડે કરીને એને પ્રકૃતિનાં વલણમાંથી ખસી ખસીને તટસ્થ રહ્યા કરીને ઊર્ધ્વ તરફની ગતિને એ પ્રકારની જિજ્ઞાસાને ધગધગતી અગ્નિના જેવી બળતી કરી દીધી છે. ત્યારે તેને જવાની શરૂઆત થાય છે ત્યારે જ તેણે વધારેમાં વધારે સંભાળ રાખવાની જરૂર રહે છે. ત્યારે કામક્રોધાદિ એટલા મોટા પ્રમાણમાં ભભૂકેલા હોતા નથી. તે કાળે જ્યારે એ ભભૂકે છે ત્યારે શ્રેયાર્થીના જીવનમાં આ તટસ્થતા બહુ કામ કરતી થઈ ગઈ હોય છે, કારણ કે એનામાં તટસ્થતા જાગી હોય છે. ત્યારે તો પ્રકૃતિનાં વલણમાંથી ખસી ખસીને પોતાના સક્રિય અભ્યાસ વડે કરીને પુરુષાર્થ વડે કરીને

ચેતનના પ્રવાહ પરત્વે પોતાનું વલણ જીવતુંજાગતું કરી દીધું. એ સ્થિતિ હોય છે ત્યારે એની તટસ્થતા પણ એટલી બધી જબરજસ્ત પ્રમાણની હોય છે કે એ તટસ્થતાને કારણે પેલાં કામક્રોધાદિ વલણો ભયંકર જાગે છે તોપણ ટકી રહે છે. ઊભો રહે છે, પરંતુ કોઈક કોઈક વાર આ સાધકને કે શ્રેયાર્થીને પતન થવાની શક્યતા આ કાળમાં વિશેષ હોય છે. ત્યારે પાછો એ કામક્રોધાદિનાં વલણમાં પડી જાય છે. એ પડે છે, પણ એની ખૂબી એ છે કે એ પડતો હોય-પ્રેજન્ટ કન્ટિન્યુઅસ ટેન્સ-(ચાલુ વર્તમાનકાળ) એ પળે પણ એને સભાનતા જાગી જાય કે, 'અરર, આ શું કરું છું ?' એટલે એ સ્થિતિમાંથી જાગ્રત થઈને પાછો પેલામાં આવી જાય છે. એવી રીતે આ ગાળામાં જે વખતે પ્રકૃતિમાંથી પોતે મુક્ત થઈને મુક્તતાની સ્થિતિ પ્રાપ્ત થઈ અને ઊર્ધ્વારોહણ-ચેતન પરત્વેના આરોહણમાં-એની પાકી તૈયારી થઈ ગઈ છે, જવાની તૈયારી થઈ ગઈ છે, થોડો ઘણો ચાલે છે પણ ખરો. ગતિ પણ થાય છે. તે વખતે એને આ જે અસુરોની ટેન્ડન્સી-(વલણ) જાગે છે ત્યારે તે કેટલીક વાર પડી જાય છે, પણ તરત જ જાગૃત થઈને પોતાના પ્રયત્નમાં લાગી જાય છે. એવું આ ગાળામાં વધારે થાય.

અને બીજી એક ભૂમિકા એવી છે-બારમી ભૂમિકા વટાવી ગયા પછી એમાં પતન નથી. કોઈ પણ કાળે એનું પતન ના થાય. ગમે તે કરે તોપણ. દસ, અગિયાર અને બાર-એ ભૂમિકાઓની વચમાં એનું પતન થઈ જાય. ઘણી વાર સામાન્ય જીવદશાવાળો માણસ હોય તો એને પતન થતાં વાર લાગે

અને આને પતન ક્ષણવારમાં થઈ જાય. 'તો એવી તમે કેવી રીતે વાત કરો છો ? માન્યામાં ના આવે' એવો પ્રશ્ન થાય.

અહીં જો સાઈકલ પૂર ઝડપથી જતી હોય અને વચ્ચે આટલો જ કાંકરો આવ્યો તો અથડાઈ પડાય. એવી રીતે પેલો એકધારો જબરજસ્ત ગતિમાં જતો હોય ત્યાં જરાક એની ગતિને ભંગ કરાવે એવું વલણ આવી જાય છે ત્યારે એ શ્રેયાર્થી એકદમ શૂન્યની સ્થિતિમાં આવી જાય. એટલે તો ૧૦મી-૧૧મીમાંથી આવીને શૂન્યમાં આવી જાય છે. એવી સ્થિતિ થઈ જાય. પણ ત્યારે એને જાગી જતાં વાર નથી લાગતી અને જાગ્યો તો પછી તરત જ પોતે પાછો હતો ત્યાં ને ત્યાં. એને વચલી ભૂમિકાઓને પ્રાપ્ત કરવાને માટે મથામણ કરવી પડતી નથી. ત્યાંથી પતન થતી વખતે પણ એને સભાનતા થઈ જાય છે. સભાનતા આવી એટલે હતો ત્યાં ને ત્યાં. એની ખૂબી એ કે જ્યારે પતન થયા કરે છે એ વખતે પણ એને સભાનતા રહે છે કે 'આના કરતાં હું નોખો.' એ પતનની સ્થિતિમાં પણ એની જે અવેરનેસ-(સભાનતા) છે, તેને કારણે પેલામાં એકરૂપ નથી થઈ શકતો. એટલે એમાં ગયેલો હોવા છતાં એનો પાસ એને લાગતો નથી. હું કહું છું એ સમજણ-બુદ્ધિમાં તો આવે એવું છે. એની સભાનતા-અવેરનેસ-એટલી બધી એલર્ટ-(સચેતન) થઈ ગયેલી છે કે પતન થાય છે ત્યારે પણ એની સભાનતા કાયમ છે. એ એની સભાનતા કાયમ હોય છતાં એ પડતો હોય તોય પડવાની સ્થિતિની અસર એના પર થતી નથી અને પડી ગયા પછી પણ એની સભાનતા બહુ વધારે ને વધારે એકાગ્ર થતી જાય છે. ત્યાર પછી તરત જ ત્યાં પાછો આવી જાય છે. ૧૨મી

સ્થિતિ વટાવ્યા પછી એ પૂર્ણ સ્થિતિમાં પહોંચે છે. અને ચૌદમી સ્થિતિ એ વિસ્તારની ભૂમિકા છે. એટલે પોતે પોતાનામાં એકાગ્ર, કેંદ્રિત થઈ ગયો. પોતે પોતાના માંહ્યલાના સ્વરૂપને અનુભવી લીધું. પછી એ જેમ વિસ્તાર પામે તે અનંતાનંત સુધીનો વિસ્તાર, કે અનેક જન્મો એણે લીધા છે. અનેક પ્રકારનાં નિમિત્તો એની સાથે છે. આપણે જાણીએ કે આપણે પૃથ્વી ઉપર જ છીએ. એવું કંઈ નહિ. આ બ્રહ્માંડની અંદર કેટલે વખતે કેટલાય પ્રકારનાં આપણે રૂપો લીધાં હશે-જીવોએ. તે કેટલેક ઠેકાણે-આપણી સૂર્યમાળામાં જ માત્ર નહિ, પણ બીજે બધે ઠેકાણે-આખા બ્રહ્માંડમાં નિમિત્ત હોય છે. જ્યાં એનાં નિમિત્ત ત્યાં ત્યાં એનો વિસ્તાર, ૧૪મી ભૂમિકામાં, એ અનુભવે છે. ૧૩મી ભૂમિકામાં આત્માના શરીરમાં એ સિદ્ધ થાય છે. એટલું જ નહિ, પણ આત્માની શક્તિનો પણ એને અનુભવ થાય છે. જે સંસ્કૃતિમાં રિદ્ધિ સિદ્ધિની વાત આવે કે આ સિદ્ધિ વાપરે તો માણસનું પતન થાય, પણ એવું છે કે માણસ કરોડો રૂપિયા કમાય-બે કરોડ રૂપિયા કમાય તોય વાપરે, પણ એ વેપારમાં જ વાપરે તો કંઈ એનું પતન થાય છે ? તો એવી કેટલીય ઊંધી સમજણો છે ! જેમ જેમ એ શ્રેયાર્થીને-એની શક્તિની સભાનતા જાગે તેમ તેમ એ શક્તિનો ઉપયોગ પોતાના વિકાસના પંથમાં જ કર્યા કરતો હોય છે. જેમ વેપારી કમાઈ કમાઈને પાછી એ મૂડી વેપારમાં જ નાખે છે. પોતે વાપરવા પૂરતું-ખર્ચ જોગું લે, પણ ઘણો મોટો ભાગ તો વેપારમાં જ નાખે છે. તેવી રીતે આ શ્રેયાર્થીને પણ પોતાની શક્તિની સભાનતા જાગે ત્યારે એમ કરે છે. સભાનતા ન જ જાગે તો

મેળવ્યાનો કંઈ જ અર્થ નથી. જેમ વેપારીને એની મૂડીની સભાનતા છે તેમ શ્રેયાર્થીને કે સાધકને જે આગળ જતાં શક્તિ પ્રાપ્ત થાય છે, એ શક્તિની સભાનતા એને આવ્યા વગર રહેતી નથી. એને જો ના આવે તો એ શ્રેયાર્થી નથી કે સાચા ભાવમાં સાધક નથી. એટલે શક્તિ જેમ જેમ આવતી જાય તેમ તેમ એનો ઉપયોગ કરતો જાય અને ઉપયોગ કરતાં છેવટે ૧૨મી કે ૧૩મી ભૂમિકામાં એ સ્થિતિ થાય છે. તે શક્તિના ઉપયોગનું ભાન છે, તે સિદ્ધિ અમુક કક્ષાએ આવી ગયા પછીની વાત છે.

આ ૧૩મી ભૂમિકામાં આત્માને આત્માએ જાણ્યો. એના પૂરેપૂરા અનુભવમાં આવી ગયો. એ સ્થિતિમાં એને જે કોઈ સિદ્ધિનો અનુભવ થયો. એ સિદ્ધિનો ઉપયોગ કરી શકે, કારણ કે ત્યાં કોઈ એને નુકસાન નથી. પણ સામાન્ય ચોથી, પાંચમી, છઠ્ઠી ભૂમિકાની અંદર એને સિદ્ધિ પ્રાપ્ત થતી હોતી નથી. જે સિદ્ધિ પ્રાપ્ત થવાની વાત તો ૧૩મી ભૂમિકામાં આત્માને આત્માની શક્તિનું સંપૂર્ણ ભાન જાગે છે ત્યારે થાય છે. એ સંપૂર્ણ ભાનની સ્થિતિમાં પોતાને પોતાની શક્તિનું ભાન થાય છે, 'ઓહો, મારી પાસે તો અઢળક શક્તિ છે !' ત્યારે રિદ્ધિ-સિદ્ધિનો પોતાને ખ્યાલ આવે છે કે એનો સંકલ્પ માત્ર સાકાર થઈ જાય છે. એવી સ્થિતિમાં જ્યારે આવે ત્યારે ૧૩મી ભૂમિકામાં તો-આત્મા એવા પ્રકારનો છે કે કંઈ કશું એનું પ્રકૃતિની રીતે કશું બગડી જ ના શકે. એટલે જેમ વેપારી કરોડાધિપતિ હોય, લક્ષાધિપતિ હોય તો એની મૂડીનો ઉપયોગ કરે છે. એ મૂડીનો ઉપયોગ કરતાં કરતાં એમાં એમ પણ થાય કે કદી ખોટ પણ આવે-વેપારીને-પણ પેલામાં ખોટ નહિ આવે.

આત્માની શક્તિની એને સભાનતા થઈ ત્યારે એને ખોટ નથી, પણ અમુક સ્થિતિમાં-આત્માની સ્થિતિમાં જેને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે, તે પોતાની સ્થિતિનું નિમિત્ત જાગતાં ઉપયોગ થઈ શકે છે. ત્યાં એનું પતન નથી. આત્માની શક્તિ એ જ સિદ્ધિ. આત્માની અનંત શક્તિ અને જે જે પ્રકારનું જ્યાં નિમિત્ત આવે ત્યાં એવા પ્રકારની શક્તિ વાપરે છે. જેમ ઍંજિનની અંદર વરાળ થઈ ગયા પછી એને ૪૦ માઈલની ઝડપે લઈ જવું હોય તે ઍંજિનમાં તે પ્રકારની તે પ્રમાણે કળ વાપરે. ૬૦ માઈલની, ૨૦ માઈલની, ૧૦ માઈલની, ૧ માઈલની-જેમ કરવું હોય તેમ તે એ કરી શકે છે. એમ આત્માની શક્તિની સભાનતા એને જ્યારે જાગે છે ત્યારે એ જે જે પ્રકારનાં નિમિત્ત મળ્યાં તે તે પ્રકારની પોતાની શક્તિ ત્યાં તેટલા પ્રમાણમાં, તેટલા વેગથી, તેવી રીતે એ વાપરે છે. એને કોઈ પ્રકારનું પતન થઈ શકે જ નહિ એવી સ્થિતિ એની થઈ હોય છે. અને કોઈક કહેશે, એવી સ્થિતિ ના થઈ હોય અને સિદ્ધિ થઈ હોય અને વાપરે તો ? ત્યારે એને સિદ્ધિ આવી જ શકતી હોતી નથી. ૧૨મી કે ૧૩મી ભૂમિકા સિવાય સિદ્ધિ આવી શકતી નથી. એ શક્ય નથી, પૉસિબલ નથી. એટલે આ પૂરેપૂરું જાણ્યા વગર આપણાં બધાંમાં સિદ્ધિ અંગે આવી માન્યતા ફેલાયેલી છે ! તેવી જ રીતે આ સમાજમાં આ જે પાપપુણ્યની વાતો છે. 'કર્મથી પાપ થાય', એ વાત ખોટી. પાપકર્મથી તો માનસિક વિકૃતિ થાય એટલે ટેન્ડન્સી બગડે. એટલે કે સત્કર્મ પરત્વેની, સદ્ભાવ પરત્વેની, સત્ય પરત્વેની એ અભિમુખતા હોવી જ જોઈએ એ ખંડિત થઈ અને બધી માનસિક વિકૃતિ

થાય એ પરિણામ. પાપકર્મથી આ રોગો આવે, આપણી અવગતિ થાય, ગરીબાઈ આવે એમ ઘણાં બધાં કહે છે એ વાત ખોટી.

એ તો આપણને કલ્પનાય ના આવે, આપણી બુદ્ધિમાંય ઊતરી ના શકે કે એક જીવ છે તે અનેક પ્રકારના અનુભવ લેવાની એની ટેન્ડન્સી હોય છે. દુ:ખનો પણ અનુભવ લેતો હોય છે. અત્યંત એવું નહિ. રક્તપિત્તિયો ફૂટપાથ ઉપર પડી રહ્યો હોય એવી સ્થિતિનો પણ અનુભવ એ લે છે. એવી એની ગતિ હોય છે. કોઈ વખત એ મિલિયોનેર-(કોટ્યાધીશ) થાય, કોઈ વખત રાજા. પણ રાજા તો ગયા. એવી સ્થિતિનો પણ અનુભવ લે. ખેડૂતનો લે, સ્ત્રીનો લે.

પુરુષ જીવ થયો હોય છે તેને સ્ત્રીજીવમાં જન્મ લેતાં વાર લાગે છે, કારણ કે એને સ્ત્રીની એવી અખંડ ઝંખના રહેવી જોઈએ અથવા તો કોઈ એવો બહુ શક્તિવાળો જીવ હોય તો એને કંઈ એવું કરવું પડે.

તા. ૧૪-૬-૧૯૭૪

❑

# (૧૬) સંસારમાં તરવાની રીત

**શ્રીમોટા :** આપણે જીવદશાવાળા છીએ એટલે આપણને શરીર પ્રિડૉમિનન્ટ-(મોખરે) અને અનુભવીને આત્મા પ્રિડૉમિનન્ટ છે. એટલે જે તે બધી પ્રવૃત્તિ એ માત્ર શરીરને માટે જ છે. શરીર સિવાય એને કંઈ બીજા કશાને માટે પ્રવૃત્તિ છે જ નહિ-જીવદશાવાળાને. તેવી રીતે અનુભવીને પ્રિડૉમિનન્ટ છે બ્રહ્મ. એટલે એની સકળ પ્રવૃત્તિ બ્રહ્મને માટે છે. દેખીતી રીતે એની પ્રવૃત્તિ શરીરથી થયા કરતી હોય, કેમ કે શરીર હાજર હોવાથી શરીરથી એની પ્રવૃત્તિ થયા કરે, પણ એની અંદરની જે મુવમેન્ટ-(ગતિ) છે, તે આત્મા દ્વારા જ. અને જેમ આપણે જીવદશાવાળા જીવો સકળ પ્રવૃત્તિ કર્યા કરીએ છીએ એમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ જ વપરાતાં હોય છે, પણ તે શરીરને માટે જ. તેવી રીતે ત્યારે પેલા અનુભવીને શરીર દ્વારા પ્રવૃત્તિ થાય છે. જીવદશાવાળા માનવીને પણ શરીર દ્વારા પ્રવૃત્તિ થાય છે. જીવદશાવાળા માણસો શરીર દ્વારા પ્રવૃત્તિ કરે છે, પણ એનાં કરણો-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ છે. અને અનુભવીને શરીર દ્વારા પ્રવૃત્તિ થાય છે ખરી, પણ અંદરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ જે છે, પણ એની સાંકળ જોડાયેલી છે ચેતનની સાથે. જ્યારે જીવદશાવાળા માણસનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ રાગદ્વેષાદિ પ્રકૃતિ સાથે જોડાયેલાં છે, અનુભવીને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ છે ખરાં, પણ એ ચેતનની સાથે સંકળાયેલાં છે. એટલે એની સકળ પ્રવૃત્તિ ચેતનની સાથે છે. એની સ્પષ્ટતા બુદ્ધિ સમજી શકે એવી રીતે મેં કરી આપી.

આપણે માત્ર શરીરની ઇંદ્રિયો દ્વારા જ પ્રવૃત્ત છીએ. એમાં જ આપણે રચ્યાંપચ્યાં રહેવું છે. બુદ્ધિવાળા માણસે આ વિચાર કરવો જોઈએ કે, સાલું, આપણે આ શરીરની પ્રવૃત્તિમાં જ રચ્યાંપચ્યાં રહેવું છે કે આ શરીરની ઇંદ્રિયોને શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આદિને પ્રેરણા આપી જે ગતિમાં લાવી શકે એવું જે કોઈ તત્ત્વ-ઈનર-(આપણા પોતાની અંદર વસેલું) છે-તેવા તત્ત્વને જ મહત્ત્વ આપવું કે ? એવું વિચારનારા કોઈક જ હોય, પણ શ્રેયાર્થીએ તો એ જ વિચારવું જોઈએ કે આ જે અંદર છે-આપણું જે તત્ત્વ-આ બધાંને પ્રેરણા આપે છે એને આપણે મહત્ત્વ આપવાનું છે. આ સંસાર વહેવાર ભલે ચાલે, એને ઉવેખવાનો પણ નથી, કારણ કે એના વડે જ આ બધું ઉત્પન્ન થયું છે. આને ઉવેખીએ છીએ, તો પેલાને ઉવેખીએ છીએ. આની અવગણના કરીએ છીએ તો બ્રહ્મની અવગણના કરીએ છીએ, કારણ કે બધું બ્રહ્મથી જ ઉત્પન્ન થયેલું છે. એટલે જુદી જુદી ભૂમિકામાં જુદે જુદે અવતરણ થયું તે તે રીતે એ બધું વર્તે છે. માટે એ બ્રહ્મ નથી એવું નથી. બ્રહ્મ અવતર્યો એ ભૂમિકામાં એટલે એ એ રીતે વર્તે છે. બ્રહ્મ જે ભૂમિકામાં અવતર્યો એટલે એ ભૂમિકાના ગુણધર્મો લાગ્યા. ઝાડમાં અવતર્યો તો એને ઝાડના ગુણધર્મો લાગ્યા. એટલે ઝાડની રીતે જ એ વર્તે છે. છતાં એનાથી એ પોતે નોખો છે. એ બધું જોયા કરે છે. ત્યારે આને પણ આપણાથી ઉવેખી નહિ શકાય. આને ઉવેખીએ તો બ્રહ્મને ઉવેખીએ. એટલે આપણું ભલે ચાલ્યા કરે. પણ ખરી રીતે એમાંથી આપણો સ્વાદ ઊડી જવો જોઈએ. રસ નીકળી જવો જોઈએ. રસ તો પેલા એકલામાં જ રહે કે

આ બધાંને પ્રેરણા આપનાર, આ બધાંને ગતિ આપનાર, આ બધાંનું મૂળ જે છે તે મૂળમાં આપણે રહેવું છે. સ્થિત થવું છે. સંસાર વહેવારમાં આપણે સંસારી થવાનું નથી. સંસારમાં આપણે તરતાં રહેવાનું છે. એ મુખ્ય ખ્યાલ આપણે રાખવાનો છે. ભલે બધાં આગળ પાછળના કહ્યા કરે, તો તેને કહેવા દો. તેની અવગણના ન કરવી. એમને મનથી 'આ બધાં કેટલા લોઅર-(ઊતરતી કોટિના) છે' એમ પણ ના સમજવું. તો તો ભૂલ્યાં આપણે, પણ સૌ સૌની ગતિ પ્રમાણે, સૌ સૌની ભૂમિકા પ્રમાણે લોકો સમજવાના. બીજી રીતે સમજી નહિ શકે. જેની જેવી સમજણની ભૂમિકા-તે તે રીતે જ બધાં સમજવાનાં. આપણને મિસઅન્ડરસ્ટૅન્ડ-(ખોટા સમજશે) પણ કરશે. તે કરવા દો. ત્યારે પણ આપણા મનમાં કંઈ ભાવ ન આવવો જોઈએ કે આ બધાં આપણને સમજે એમ પણ આપણને ના થવું જોઈએ. ત્યારે આપણી ભૂમિકા પાકી ગઈ ગણાય. તે તે સ્થિતિમાં સૌ કોઈ યથાયોગ્યપણે છે એમ જ્યારે આપણને લાગશે ત્યારે એટલો બધો આનંદ થશે. મેં તો એ અનુભવેલો છે. આવી રીતે વર્તતાં વર્તતાં આપણે સંસારથી તરતાં રહેવાનું છે. સંસારમાં ડૂબી નથી જવાનું. સંસારના ગુણધર્મ આપણે પાળવાનાં નથી. એટલે સંસારનાં બધાં કામ આપણે કરવાનાં, પણ એમાં લેપાયા વગર-તટસ્થતાથી. બને એટલી તટસ્થતા કેળવી કેળવી એ પ્રમાણે વર્તવાનું છે. નહિતર મરી જઈએ. ખલાસ થઈ જઈએ. એમાં જ ડૂબી જઈએ. આ સંસાર આપણને મળ્યો છે, તે એમાં ડૂબી જવાને માટે મળ્યો નથી. એમાં તરવાને માટે મળ્યો છે.

બીજી એક સમાજની ભ્રમણા છે કે બહુ પુણ્ય કરે એટલે લક્ષ્મી મળે. તે ખોટી વાત છે. ગપ્પાં છે લોકોનાં. પુણ્ય કરવાથી તમારી સદ્ભાવના જાગે છે. તમારી બુદ્ધિનો વિકાસ થઈને બુદ્ધિ સન્માર્ગે પ્રેરાય છે. એનું પરિણામ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ઉપર થાય છે. આ લક્ષ્મી મળે એટલે પુણ્ય કરો, પણ પુણ્ય કરીને અંદર કેટલો બધો અહમ્ રાખીએ. અહમ્ વાપરે અને ગતાનુગતિક રીતે પુણ્ય કરે છે. એનો ભોગ પણ બને છે. તમે સભાનતા રાખો કે 'ચેતન' છે. ચેતનને માટે જ હું વાપરું છું. હું નનએન્ટીટી છું-(કશું જ નથી). આ એનું જ છે. બધું એને જ માટે વાપરું છું. એવું આપણે બુદ્ધિથી ઠઠારી દો. એકદમ અંદરનો એવો અનુભવ આપણને છે નહિ એટલે બુદ્ધિથી વિચારતાં વિચારતાં આવશે. પછી ભાવનાથી કરો અને એમાં અહમ્ની સેન્સ-(વૃત્તિ) સમજપૂર્વક ના આવવા દો. કોઈ પ્રકારે કોઈ ઠેકાણે અહમ્ની સેન્સ ના આવે તેવી આપણે બને તેટલી સો ટકા કાળજી રાખવાની. પહેલાં તો અહમ્ ડોકિયું ન કરે એમ બુદ્ધિથી આપણે સમજવું પડે. પછી એ પ્રૅક્ટિસ-(અભ્યાસ) વધારે ને વધારે થતાં થતાં આપણને સભાનતા આવતી જશે. પછી ભાવના જાગે છે. એટલે આ બધી રીત, સાધના જ છે. માત્ર કલાક, અડધો કલાક, બેઠા ના બેઠા અને નામસ્મરણ કર્યું અને આ કર્યું-એ કંઈ સાધના નથી. આપણા રોજબરોજનાં વર્કિંગ-(કાર્ય)માં, વર્તનવહેવારમાં કેમ કરીને તટસ્થતા, સમતા જાગે એ મોટામાં મોટી સાધના છે. તો જ આપણે બધાંથી નોખા પડી શકીશુંને ? આત્માને આત્માનું ભાન કેવી રીતે થવાનું ? હજી તો અંદર ભેરવાઈ પડેલો છે.

એટલે પહેલાં તેનાથી નોખા પડો. એનાથી તટસ્થ રહેતાં શીખીએ. આવી રીતે અભ્યાસથી જ થાય. બીજા કશાથી થાય નહિ. રોજબરોજનાં વર્તનવહેવારમાં બુદ્ધિથી આ પ્રમાણે આપણે વર્તતાં થઈએ તો બની શકે એવું છે.

❑

# (૧૭) રાજા રામમોહન રાય અને ટાગોર

રાજા રામમોહન રાય તે કાળમાં સારામાં સારા અને વૈભવ વિલાસમાં ઉછરેલા, પણ જ્ઞાની પુરુષ છે. ઇંગ્લૅંડમાં તેમની કદર થયેલી. ત્યાં એમની સમાધિ પણ છે. એ લોકોએ કરેલી. એટલે અનુભવી પુરુષ અમુક જ વર્ગમાં હોય એવું કંઈ નહિ. રાજા રામમોહન રાયની તો સ્થિતિ આપણે જાણીએ છીએ. ટાગોર હતા ખરા. એમણે તો ઉપનિષદોનો અભ્યાસ કરેલો, પણ મને અનુભવી બહુ ઓછા લાગેલા. આપણાથી કોઈની એવી સરખામણી થાય નહિ. હું એક મહિનો શાંતિનિકેતનમાં રહેલો. એમાં બે વાર મુલાકાત માગેલી અને મને મળેલી. બહુ સારી રીતે બેઠેલા. એ વખતે તો બહુ નાનો માણસ એટલે ઓછામાં ઓછું બોલે. કંઈક પૂછું ત્યારે એ વ્યક્ત થયેલા. એ બોલેલા મારા પૂછવાથી કરીને. ત્યારે પણ મને સમજણ પ્રગટી ગયેલી. સંપૂર્ણ સમજણનો મને પાકો અનુભવ આજે પણ છે. એટલે એ આધારે મને એમ લાગેલું કે આ પૂરેપૂરા અનુભવી નથી, પણ એ જાતની એમની સદ્‌ભાવના પૂરેપૂરી.

એમણે કબૂલ પણ કરેલું કે મેં આ બધા ઉપનિષદ વાંચેલા છે. આ 'ગીતાંજલિ' લખી છે, એમાં એનો બધો સાર છે. આ લખતી વખતે મેં કશું જોયેલું નથી. આપમેળે બધું મેં લખેલું છે. 'ગીતાંજલિ'માં ઉપનિષદનું જ બધું હાર્દ છે. મારું ઑરિજિનાલિટી-(મૌલિકતા) લાગે એ એમને માટે સ્વાભાવિક છે. આપણા લોકોને માટે એટલું બધું ઑરિજનલ-(મૌલિક) નથી. એમાં તો ઉપનિષદનું જ હાર્દ છે એમ એમણે કહેલું. એમના જેવા માણસે આવી રીતે ફ્રેન્કનેસથી-(નિખાલસતાથી)

કહ્યું ત્યારે એમને માટે બહુ આદર-માન થયેલાં. મને બહુ આદર થયેલો, કેમ કે માત્ર વિદ્વત્તાવાળો હોય એનામાં આવી ફ્રૅન્કનૅસ નહિ આવી શકે. શ્રેયાર્થીમાં જ આવી સંપૂર્ણ ફ્રૅન્કનૅસ હોઈ શકે-આવી શકે. એ જ મોટામાં મોટું લક્ષણ. ખુલ્લાપણાનું લક્ષણ જ્યાં છે ત્યાં આપણું માથું નમવું જોઈએ. તે મને બહુ ગમેલું, પણ રાજા રામમોહન રાય તો ખરેખર અનુભવી પુરુષ. મેં તો એમનું થોડું ઘણું લખાણ જોયેલું, તે ઉપરથી કહું છું, પણ એ કેટલો બધો વૈભવશાળી માણસ. અનુભવી પુરુષ ગમે તે વર્ગમાંથી પાકતો હોય છે.

તા. ૧૪-૬-૧૯૭૪

**સ્વજન :** મોટા, તમે કહ્યું કે રક્તપિત્તવાળોય...અનુભવી હોય ?

**શ્રીમોટા :** હોય, પગ ફોગાઈ ગયા હોય અને એ જ્ઞાની હોય. નિમિત્તના હિસાબે કહો કે કંઈ શરીરના કારણને અંગે રોગ થયેલો હોય. એ ચેપી રોગ નથી. ગાંધીજીએ પણ ઘણી વાર રક્તપિત્તિયાની ઘણી સેવા કરેલી. બહુ મોટા વિદ્વાન હતા. પરચુરે શાસ્ત્રી એ અનુભવી કેટલા હશે એ મને ખબર નથી. એ કંઈ ગાંધીજીએ કહેલું નથી, પણ ગાંધીજી એમની પ્રેમથી સેવા કરતા. એના ઘા ધોતા. ગાંધીજીનો હંમેશાં નિયમ જ.

શરીરથી વેશ્યા હોય છે એમાંય ઘણી સમજુ હોય છે. મને પોતાને તો કંઈ અનુભવ નહિ, પણ ૧૯૪૨ની સાલમાં હરિજન આશ્રમને માટે પૈસા ઉઘરાવતો. હેમંતભાઈની બહેનને ત્યાં ખારમાં મુંબઈમાં રહેતો. રોજ સવારે હું વહેલો નીકળી જઉં. એક દિવસ જે ગાડી હાથમાં આવી તે પકડી લીધી. થઈ

ક્લાસમાં બધી બહેનો બેઠેલી. પછી હું તો ત્યાં બેઠો. ત્યાં મારા પર જે કાગળ આવતા તે ગાડી ચાલતી હોય તોય એના જવાબો લખું. પછી તો બીજાં બધાંને ત્યાં જવાનું. ત્યાં વાતો કરવાની. એથી વખત મળે નહિ. તેથી જે તે કંઈ વખત મળે તેનો બહુ જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી લેતો. તે એક બાઈ હતી. તેણે પૂછ્યું, 'ભાઈ, આ શું લખો છો ?'

'મારા મિત્રનો કાગળ આવેલો તેનો જવાબ લખું છું.'

'તો તમને નવરાશ નથી મળતી-બીજે ઠેકાણે નિરાંતે લખવાની ?'

'ના બહેન, હું આવું કામ કરું છું.' એમ કહીને બધાંને મારે સમજાવવું પડે. ૧૯૪૨ની લડતની આખી વાત એને સમજાવેલી. તે બધું સમજાવવું પડે.' 'તે અત્યારે ક્યાં જશો ?' 'મને ખબર નથી. ઊતર્યા પછી જે કોઈનો સંગાથ થતાં તેની સાથે જતો રહીશ. બીજો કોઈક બતાવશે તો ત્યાં જઈશ. મારી પાસે કોઈ યોજના નથી કે અમુક ઠેકાણે જ જવું.' તો કહે, 'અમારે ત્યાં આવશો ?'

'હા, તમારે ત્યાં આવીશ. મારે શું ? વાંધો નથી. તમે અમારા હિંદુસ્તાન દેશના નાગરિક છો. તમે આમાં મદદ કરો એ જરૂરી છે.'

'અમે તમને મદદ કરીશું.'

મને લઈ ગયા. પછી મને બેસાડ્યો. મને કહે, 'ચા પીશો ?' મેં કહ્યું, 'હા, ચા પીશ, પણ જરા ધોઈબોઈ અને વાસણ સ્વચ્છ કરીને આપો.' મારા દેખતાં જ વાસણ ધોયું. મારા દેખતાં જ સ્ટવ ઉપર ચા મૂકી. મેં પીધી. અને બે હજાર

કે ૨૭૦૦ કે એવા એકઠા કર્યા. ત્યાં જે કંઈ વાતચીત થઈ તેના પરથી એમ લાગે કે બહુ સમજુ બહેનો હતી ! આ શરીર વેચનારાં તો સંજોગોને આધીન છે. આપણે મનથી માનીએ કે આ કેટલાં બધાં નીચ, તે તદ્દન ખોટી વાત છે. આપણે કોઈને એ રીતે સમજવું ના જોઈએ. આપણે આપણી મનની વૃત્તિથી કેટલીય વખત આવું કામ કર્યું હશે ! સાકાર રીતે ના કર્યું હોય. સાકાર રીતે-પ્રત્યક્ષ રીતે પેલાં બહેનો કરે છે. ભલે શરીરથી એવું ના કર્યું હોય પણ મનથી કેટલીય વાર થયું હોય. તો શરીરથી કર્યું એ સારું છે. બુદ્ધિથી એવું કંઈ થાય એમાં એનું પતન વિશેષ થાય છે.

❏

# (૧૮) પ્રભુની પધરામણીનાં એંધાણ

સેકન્ડ વર્લ્ડ વૉર-(બીજું વિશ્વયુદ્ધ) થઈ તે પહેલાં આપણા દેશમાં સાયન્ટિસ્ટ-(વિજ્ઞાની) શોધખોળ કરવાવાળાઓ ન હતા એમ નહિ. બધા હતા તો ખરા. બીજા વિશ્વયુદ્ધ પછી આ બધા પાર્થિવ ક્ષેત્રે વિજ્ઞાનમાં નવી નવી શોધખોળો એટલી બધી થઈ છે અને એ નવી શોધખોળો પણ એવી કે અત્યાર સુધી માત્ર કોઈક કોઈક આઈન્સ્ટાઈન જેવાને માત્ર બુદ્ધિમાં રમતી હતી. પણ રિઆલિટીમાં-(વાસ્તવિકતામાં) હજુ એ પ્રગટી શકી ન હતી. એની ઈન્ટેલૅક્ચ્યૂઅલ ગ્રીપ-(બૌદ્ધિક પકડ) કેટલાકને હતી ખરી. એ સમજતા હતા કે આવું કંઈક હોય, પણ એ પકડમાં આવ્યું ન હતું. એટલે આવું ક્યારે થાય છે કે હ્યુમૅનિટી-(માનવજાત) ટોટાલિટીમાં-(સમગ્રતામાં) અને એ ટોટાલિટીની ઈન્ટેલૅક્ટ-(બુદ્ધિ)માં કોઈક ઝબકારો જાગે છે. આપણામાં પણ એવું કંઈક થાય છે. નવીનતા, નૂતનતા અથવા મૌલિકતા અથવા તો કંઈક અવનવું આપણામાં જાગે છે. સંસારી રીતનું છે એવું નહિ, પણ એનાથી અતિરિક્તતા-ઊર્ધ્વ પ્રકારનો ઝબકારો આપણામાં જાગે છે. એ ઝબકારાને લીધે આપણી બુદ્ધિમાં પ્રકાશ પડે છે. એ ઝબકારો થાય છે એની પ્રાથમિક ભૂમિકા આ સ્ટ્રગલિંગની છે ખરી, મથામણની પણ છે ખરી. એ મથામણ આ બધી શોધખોળ કરવાવાળા વૈજ્ઞાનિકો કર્યા કરતા હતા-એની ના નહિ. છેલ્લાં પચીસ વર્ષમાં એટલી બધી શોધખોળો થઈ કે અગાઉ બુદ્ધિમાં પ્રગટી શકી ન હતી, કારણ કે આ ચેતનનો નવો ઝબકારો થયેલો છે. આ તો મારી મેળે મેં આ સમજવાનો પ્રયત્ન કરેલો છે કે આ ચેતના અત્યારે આપણી

પૃથ્વી પર અવતરણ કરી રહેલી છે જ. એ અવતરણ જળક્ષેત્રે કર્યું, એ જળક્ષેત્રનાં સંશોધનનાં કર્તવ્યક્ષેત્રમાં એનું અવતરણ થયા કર્યું છે, કારણ કે ત્યાં એનો વિરોધ કરનાર કોઈ નથી અને એ જે શોધખોળો કરનારા હતા એમનું માનસ એને ઝીલી શકવાને તત્પરતાવાળું થયેલું. જ્યારે માનવીનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં એ જે ચેતના આવી રહેલી છે, અવતરણ કરી રહેલી છે, આપણી પૃથ્વી પર એને ઝીલવાને, સ્વીકારવાને, એવું પ્રેમભક્તિવાળું એનું માનસ અને બુદ્ધિ હજુ પ્રગટ્યાં નથી. કેટલાકમાં હજુ એ છે. કેટલાકમાં એની તૈયારી છે. પણ એ તૈયારી પણ હજુ એને માટે અધૂરી પડે છે. એને સ્વીકારવાને જો તૈયાર હોય તો તો અવતરણ થાય, પણ એ સ્વીકારવાને આપણે તૈયાર નથી એટલે અવતરણ થવા માટેની ભૂમિકા નથી. જ્યારે પેલા વિજ્ઞાનીઓમાં તો એક જ જાતની શોધખોળમાં મથામણ હતી. આ જે નવી નવી શોધો થઈ તેને માટે નહિ પણ બીજા કશાકને માટે. બીજા વિજ્ઞાનના કોઈ એવા તત્ત્વને શોધવા માટે આ પૃથ્વી ઉપર કેટલાક વિજ્ઞાનીઓ એકાગ્રતા અને કેંદ્રિતતાવાળી ભૂમિકામાં હતા ખરા.

બીજા વિશ્વયુદ્ધની અંદર આ જે નવાં નવાં હથિયારોનો- આ બૉમ્બનો પ્રકાર જર્મનીએ વિચારેલો. એને હાથવેંતમાં જ હતો, પણ એને ખોળનાર હતો તે ભાગી ગયો. આ એક નવું બૉમ્બનું શસ્ત્ર હાથમાં આવ્યું. એ બૉમ્બમાંથી અણુની શક્તિ પ્રાપ્ત થઈ. એ અણુની શક્તિમાંથી કેટલાં બધાં નવાં નવાં સંશોધનો આ પૃથ્વી પર થવાં લાગ્યાં અને થયાં. એક્ચ્યુઅલ- (ખરેખર) સાકાર બન્યાં. ત્યારે મને પોતાને એમ લાગે છે કે

આ ચેતના પૃથ્વી પર અવતરણ કરવાની તત્પરતાવાળી છે. તો એને ઝીલવાને માટે જે મનુષ્યનાં હૃદય, બુદ્ધિ, જેટલાં તત્પરતાવાળાં થાય તેટલાં પ્રમાણમાં ચેતનના અવતરણની શક્તિ વધારે અંદર ઊતરી શકે, તો માનવકલ્યાણ વધુ થઈ શકે તેવો આ સહેજે કાળ છે. જ્યારથી મને સમજણ પડી છે, ત્યારથી મને એમ લાગ્યું કે કેટલાંય વર્ષોથી-પાંચસો-છસો વર્ષો પહેલાંથી-આ માનવજાત વિજ્ઞાનનાં રહસ્યોને માટે મથ્યા કરતી હતી. એ બધાય ગાળા કરતાં આ વીસ-પચીસ વર્ષની અંદર જે સંશોધન થયું તે અલૌકિક છે. સર્વથી જે સંશોધન થયા કર્યું એ ઘણા ઊંચા પ્રકારનું-માનવસમાજના ઘણા મોટા ભાગને ખપમાં લાગે એવું છે. બધાંને એ સંહારક હોવા છતાં તેનો પીસફુલ યુઝ-(શાંતિદાયક ઉપયોગ) માણસને શાંતિ માટે-તે ઉત્તમ રીતે ખપમાં આવે એવી રીતે એનું ઍપ્લિકેશન-(ઉપયોગ) પણ થવા લાગ્યું. એટલે એ બધાંથી મને એમ જરૂર લાગ્યું કે આ ચેતના પૃથ્વી પર માનવસમાજની અંદર અવતરણ કરવાની તૈયારીવાળી છે. ત્યારથી હું પ્રાર્થના પણ કરું છું કે 'હે પ્રભુ ! આપ તો કેટલા બધા પ્રેમના પ્રકાશથી પધારી રહેલા છો. તો અમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની એવા પ્રકારની તૈયારી થાય અને એની ભૂમિકા તમારા પ્રેમભાવથી ભીંજાયેલી રહે એવું તમે કૃપા કરીને કરજો.' એવી મારી પ્રાર્થના તો રહ્યા જ કરે છે.

પણ હજુ અનેક સંગ્રામ છે. ભારે સંગ્રામ છે. એ સંગ્રામ પછી એના માટેની આ મનુષ્યજાતની કંઈ તૈયારી નથી એવું મને લાગે છે, પણ સંગ્રામ અનિવાર્ય છે, કારણ કે હવે આ

વૉર ઑફ સુપ્રીમસી-(પોતાની સર્વોપરીતા સ્થાપવા)નો કાળ પણ છે. અત્યારે બે જ એવાં તત્ત્વો છે અને ત્રીજું છે ચીન. મોટું થતું જાય છે. એની લાગવગ વધારતું જાય છે. એટલું જ નહિ, પણ આ બે રાજ્યોને-રશિયા અને અમેરિકા બેઉને-ઊંચે નહિ આવવા દે. એવી જાતની પૉલિસી રમશે. પોલિટિકલ પૉલિસી-(રાજકીય નીતિ) એની એવી રહેશે કે ન તો રશિયાને કે ન તો અમેરિકાને ઊંચે આવવા દેશે. એ જાતની ચીનની પૉલિસી રહેશે. દુનિયાના અને આપણા લોકો ભલે ગમે તે સમજીએ ! પણ એનામાં રાજકીય બુદ્ધિક્ષમતા ઘણી વધારે છે. આપણે ધારીએ છીએ તેના કરતાં ચીનના લોકોની રાજકીય ચેતના વધારે છે. જનસમુદાય ભલે એટલો આગળ વધેલો નહિ હોય, કારણ કે આપણને અંદરની કશી ખબર નથી. આવા સામ્યવાદમાં માણસની અંદરની સ્વતંત્ર પ્રેરણા પ્રગટ થાય તો તે માર્યો જાય છે. જે આ ડેમોક્રસીમાં-(લોકશાહીમાં) રહે છે. થોડો ઘણો પણ રહે છે ખરો. તેમ છતાં ચીનમાં રાજકીય ડહાપણ ઘણું વધારે છે. જે આપણી સાથેનું ૧૯૬૨માં સંઘર્ષણ થયું તે પછીથી મને લાગ્યું છે કે એ લોકોમાં રાજકીય ડહાપણ ઘણું વધારે છે. દૂરંદેશીપણું છે. ચીન એટલું બૅકવર્ડ-(પાછળ) હતું. આવું મોટું સામ્રાજ્ય થશે એવી આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાં કોઈને કલ્પના પણ ના આવી શકે. એ થોડા વખતમાં આગળ આવી ગયું અને આપણી દુનિયામાં જે પછાતમાં પછાત અને દબાયેલા જે ગરીબ લોકો-રશિયા અને ચીનમાં-હતા તે આગળ આવ્યા. ત્યારે મને એ પણ લક્ષણ લાગે છે. ત્યારે ભલે એ લોકો-ગરીબ લોકો-પોતાની જાતને

સ્વતંત્રરૂપે કે પોતાનો સ્વતંત્ર વિચાર દર્શાવી શકતા નથી અને ઇન્ડીપેન્ડન્ટ ઇનિશ્યેટિવ-(સ્વતંત્ર પ્રારંભ) નથી રહ્યો. એ બધું છે ખરું, પણ લોકોને પૂરેપૂરાં પહેરવાનાં કપડાં, મકાન, જમીન વગેરે મળ્યાં હશે કે કેમ તે હું જાણતો નથી, પણ એ દિશામાં એક રાજકીય ચેતના આવી ગઈ છે કે ગરીબોને માટે આપણે કશું કરવું જોઈએ. જે કચડાયેલા-પીડાયેલા છે એ લોકો માટે આપણે કશું કરવું જોઈએ. એ બૂમ આગળ આવી. સમાજમાં પોલિટિકલ કોન્શ્યસનેસ-(રાજકીય સભાનતા) એ માટેની વધી છે. આપણે ત્યાં પણ વધી છે. એ ગરીબો માટેની આપણામાં રાજકીય જાગૃતિ આવી છે. આ એક મોટામાં મોટું લક્ષણ છે કે જ્યારે ભગવાન પધારે છે ત્યારે એનો રણકાર શેમાંથી લાગે છે ? સમાજમાં વધારેમાં વધારે પીડાયેલા-કચડાયેલા લોકોની બૂમ સંભળાય છે. આ તો મારી બુદ્ધિથી મેં તારવેલું છે. આમની બૂમ પહેલી સંભળાય છે. એ એના આવવાના ભણકારા છે. ચેતનના આવવાના એ ભણકારા છે.

આ બધી રીતે મેં વિચારેલું કે આ ચેતના આપણી પૃથ્વી પર અવતરણ કરવાની તત્પરતાવાળી છે. તે આવી જે એકાગ્રતાની, કેંદ્રિતતાની ભૂમિકાવાળા હતા અને જે પ્રકારની અને જે રીતની એકાગ્રતા અને કેંદ્રિતતા હતી, તે રીતનો તેમાં તેણે પ્રકાશ પાડ્યો. બાકીના લોકોમાં હજુ એ જાતની એકાગ્રતા અને કેંદ્રિતતા આવેલી નથી, પણ એ આવી ગડમથલો થશે અને સંગ્રામ થશે ત્યાર પછી આવશે-આવવા લાગશે એમ મને પોતાને લાગે છે.

એ પ્રકારની એકાગ્રતા અને કેંદ્રિતતા હતી ત્યાં એ વ્યક્ત થઈ અને એવી રીતે વ્યક્ત થઈ કે અત્યાર સુધી પૃથ્વીના

અનંતકાળમાં જેવી શોધખોળો નથી થઈ એવી શોધખોળો આ થોડા વખતમાં થઈ છે, કારણ કે ચેતના પ્રગટે ત્યારે મૌલિક અને અવનવું જ થાય. જે અત્યાર સુધી આપણી કલ્પનામાં પણ નહિ બેઠું હોય, એવું બધું થાય. સૂર્યનો ઉદય થાય ત્યારે ઉષાના રંગો કેવા ખીલે છે ! એવી રીતે ચેતનના ઉદય વખતે આવાં આવાં પરિણામો જગતમાં થતાં હોય છે. એટલે આ બધાં ઉપરથી મેં એમ માનેલું અને હજુ પણ હું એમ જ માનું છું, એટલે માત્ર મારું અનુમાન જ નથી, પણ મારા પોતાનામાં તો એ કન્વિક્શન-(સમજણ) છે કે ચેતનાનું અવતરણ થઈ રહેલું છે અને એને માટે માનવીની પૂરેપૂરી તૈયારી નથી, પણ એ તૈયારી કાળ કરાવશે એ વાત પણ મારા મનમાં નક્કી લાગે છે. એટલે અમુક પ્રકારની ઊથલપાથલ અનિવાર્ય છે. આપણે માટે પણ અનિવાર્ય છે. આપણા હિંદુસ્તાનના માનવ સમાજના કલ્યાણ માટે ઊથલપાથલ અનિવાર્ય છે. એવી રીતે પૃથ્વીના સમાજને માટે પણ અનિવાર્ય છે. ભગવાન ત્યારે જ પધારશે.

અત્યારે આપણી સમગ્ર દુનિયામાં જોઈએ તો આ મજૂરોની બૂમ સંભળાય છે, અથવા તો બૂમ સંભળાય એવું વાતાવરણ થયું છે એ વાત ચોક્કસ. એની પહેલાં કદી શક્યતા જ ન હતી. અત્યારે મારું ૭૬ વર્ષનું શરીર છે. સાતઆઠ વર્ષથી તો હું સમજતો થયો છું. ત્યારે ગરીબોનું કોઈ બેલી ન હતું. એ કાળમાં એનું છીનવી લેવાતું-જબરજસ્તીથી, બળજબરીથી. એ કાળમાં એવું જે વાતાવરણ હતું તે હવે બદલાયું. પીડાયેલા-કચડાયેલા છે એની જ બૂમ સંભળાય છે.

❑

# (૧૯) એકલો

**શ્રીમોટા :** જે શરીરધારી અનુભવી છે એ શૂન્ય પણ છે. અનુભવ છેક શૂન્ય સુધી પહોંચે છે. આપણે જેને શૂન્ય ગણીએ છીએ અથવા તો વિચારીએ છીએ એ પ્રકારનું એ શૂન્ય નથી. એ શૂન્ય જુદા પ્રકારનું છે. કંઈ કશામાં ભાષાથી વ્યક્ત થાય એવું નથી. એવું એ શૂન્ય છે. એમાં એ રમતો હોય અને બીજા માણસથી અનેક જાતની અથડામણો થાય. એ અથડામણો એને સ્પર્શતી નથી. એ આનંદમાં જ રહે છે. એની સાથેના આગળ પાછળના માણસોનું આપણે કંઈ ગણકારતાં નથી. એવી સેન્સ-(સમજ) લઈને એ ફર્યા કરતો હોય છે અને એ આપણાથી દુઃખી થયા કરે છે. આપણે દુઃખી નથી થતાં. અનેક રીતે એ દુઃખી થાય છે એવી સેન્સ લઈને આપણે ફરીએ છીએ.

પેલો અનુભવી પુરુષ એ સંસારમાં જીવતો હોવા છતાં એ એકલો છે, કારણ કે એની સાથે કોઈ મળતું હોતું નથી, કોઈ ભળતું નથી, કારણ કે કોઈની સાથે એનો મેળ નથી. મેળ નથી એટલે એને મેળ નથી રાખવો એવું તો છે જ નહિ. એ તો બધાંની સાથે મળે, પણ બીજાં બધાં એની સાથે મળતાં નથી, પણ વાંક કાઢે છે પેલા અનુભવીનો. સંસારી લોકો-બીજા લોકો છે એ પોતાનો વાંક બિલકુલ જોતા નથી. એને વાંક પેલાનો જ લાગે છે. જ્યારે એનો મુદ્દલ વાંક જ-કંઈ કશો હોતો નથી. માત્ર ફૂલની સુવાસ જેવો હોય છે. એ ઈટર્નલ-(શાશ્વત) અમૃત જેવો હોય છે. પણ ઈટર્નલ-અમૃત-એ સુવાસ સૂંઘવાની કે જોવાની કે અનુભવવાની બીજાં બધાંને બિલકુલ દરકાર હોતી નથી. બીજાં બધાંની સાથે આપણે મળતાં ન

હોવાથી અટૂલાં-એકલાં આપણે કહીએ છીએ. એટલે આપણને એકલા રહેવામાં આનંદ જ છે અને આ બધાં આપણાથી વેગળા પડી ગયેલા છે. આપણામાં, ભલે આપણામાં હોવાથી અથવા આપણા કુટુંબના હોવાથી આપણાથી વેગળા પડી ગયેલા છે. હંમેશાં આપણી સાથે ચિડાયેલા અને એવા જ રહે છે. કોઈ દિવસ આપણી સાથે એમનો પ્રેમ તદ્દન સ્વાર્થનો-સંસારનો-જ હોય છે. આ મેં અનુભવેલી વાત છે. અનુભવેલી વાત કહું છું-ગપ્પાંની વાત નથી. કોઈ કોઈ ઇન્ટેલિજન્સથી-(બુદ્ધિથી) કે મનમાંથી કાઢેલી વાત નથી કરતો કે આપણે તદ્દન એકલાં.

ભગવાને કહ્યું કે 'તું એકલો છે.' એનો આપણને અનુભવ થાય છે. બધાંની સાથે હોવા છતાં-કેટલા બધા માણસોની સાથે આપણે સંબંધ વહેવાર હોવા છતાં-આપણે એકલાં છીએ. એવું લાગે છે પાછું હોં ! બીજાં બધાં હોવા છતાં આપણે એકલાં છીએ. એથી આપણે કોઈની સાથે વિરોધ નથી. કોઈની સાથે જરા સરખો વિરોધ નથી. ઑન ધી કૉન્ટ્રરી-(એથી ઊલટું) એમની સાથે આપણે મળેલાં છીએ, કારણ કે એ બધાંનામાં આપણે છીએ, કારણ કે તે વખતે યુ આર નૉટ રમણલાલ-(તમે રમણલાલ નથી). તમે એવું ઍબ્સ્ટ્રેક્ટ બીઇંગ-(અમૂર્ત અસ્તિત્વ) છો. જે બધાંનામાં રહેલું છે. બધાંનામાં એ 'રમણલાલ' રહેલો છે, પણ પેલા લોકો નથી ઓળખતા. એ લોકો જાણતાય નથી, તેમને ખ્યાલ નથી એટલે અણગમો આપણાથી ના થાય. આપણાથી ઊંધો વર્તે, આપણને ગમે તેમ કહે, તોય આપણાથી એમનાથી દુઃખ ના લગાડાય. ઓછું ના અણાય. અણગમો ના થાય. ઊલટો પ્રેમ જ થાય એવી સ્થિતિ

આપણી ત્યારે હોવી ઘટે. હોવી ઘટે એટલે હોવી જોઈએ. અને તે વખતે એવો એક્સ્પીરિઅન્સ-(અનુભવ) આપણને થાય ત્યારે આપણે જાણવું કે આપણે ખરાં ! તે સિવાય નહિ, પણ દુનિયા તમને એ રીતે નહિ સ્વીકારી શકે. એવી સ્થિતિ થાય છે. પછી, થોડી વાર પછી, થોડા કાળ પછી એ મટી જાય છે. લોકો જવા દે છે. એ લોક કહે કે 'આવો ને આવો જ રહેવાનો છે.' પછી આપણી સાથેનો સંબંધ એ લોકો સુધારે છે-એમની મેળે હોં ! એટલે આ રીતે લોકો જવા દે છે. આખી દુનિયામાં તે વખતે આપણે એકલાં જ છીએ. આપણું કોઈ સાથીદાર બાથીદાર મળે નહિ. આપણે એકલાં છીએ. ત્યારે એકલાપણાનું દુઃખ નથી. આનંદ જ છે માત્ર. અને ગમે તેટલું સામાવાળા તમને કહે અને ગમે તેટલાં વચનો બોલે ત્યારે પણ આપણને કશું દુઃખ બુખ લાગતું નથી અને આનંદ જ માત્ર થાય છે. ત્યારે તે લોકો વધારે ચિડાયેલા રહે છે, કારણ કે આપણને સાચું લાગે નહિ ત્યારે તે લોકો વધારે ચિડાય છે. આ બધું મેં પ્રત્યક્ષ અનુભવેલું છે. મારી માને વિશે અને પાછું બધાંયની સાથે-મને આનંદ પણ થાય, પણ તેની સાથે મને એમ થાય કે આ બિચારી-આ અજ્ઞાનમાં શું કરવા દુઃખી થતી હશે ? આવું એનું અજ્ઞાન છે એવું સમજાવવા જઈએ તો પાછી ઓર ઊછળે. 'બેસ બેસ તું મોટો જ્ઞાની-સમજુ ના થયો હોય તો !' આવી સ્થિતિય થાય છે. જગતમાં તમે બધાંની વચ્ચે હોવા છતાં તમે એકલા પડી જાવ છો. તમે એકલા જ છો એ જાતનો અનુભવ આપણને થાય છે. અને ત્યારે આ સંસાર એટલા માટે જ ભગવાને આપ્યો છે.

'જો, તું આ બધાંમાં હોવા છતાં આ બધાં જુદાં છે. તું રડતો હતો, તારા પોતાનાં તું ગણતો હતો, પણ તું અનુભવી લે. જોઈલે તું. તું એકલો છે. એ જ છે.' તે અનુભવ આપણને બહુ પાકો થાય છે. તેમ છતાં આપણે શરીરધારી તરીકે એમની સાથેનો ધર્મ એ કોઈ દિવસ અવગણાય નહિ. ઑન ધી કોન્ટ્રરી-(એથી ઊલટું) એ ધર્મનું પાલન યથાયોગ્ય ભાવે, ઉત્તમમાં ઉત્તમ રીતે આપણાથી જેટલું થાય તેટલું કરવાનું-એ આપણો ધર્મ છે-શરીર છે ત્યાં સુધી પ્રકૃતિ છે. પ્રકૃતિને લીધે એ આપણો ધર્મ છે. એ ધર્મને કોઈ કાળે આપણાથી અવગણાય નહિ. એ વાત સાચી.

તા. ૧૯-૯-૧૯૭૪

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# સૂચિપત્ર


અનુભવીની વિસ્તારલીલા-૮૭
અનુભવીની હાજરી-૮૪
અનુભવીનું શરીર-૭૩
અમેરિકા-૫૫, ૬૨,૯૬
અર્જુન-૫૮
અવતરણ-૯૪
અશરીરી જીવો-૬૧
આઈન્સ્ટાઈન-૯૩
આઉટ ઑફ સ્ટેટના જીવ-૬૦
આકર્ષણ-એકાગ્રતા-કેંદ્રિતતા-૩૨
આત્મા-૩૧, ૩૬
આસતસિદ્ધિનો અર્થ-૩૮
ઇંગ્લૅંડ-૮૯
ઊથલપાથલનો મર્મ-૧૦, ૯૮
ઉચ્ચ ભૂમિકામાં પતન-૭૯, ૮૨
એકલાપણું-અનુભવીનું-૯૯
એકલાપણું-જીવદશાવાળાનું-૯૯, ૧૦૧
કચ્છનું રણ-૫૩
કર્મ-સારાં અને ખોટાં-૧
કર્મથી પાપ નહિ-૮૨
'કરાટે'-૬૨
કરાંચી-૩૨, ૫૧
કાશ્મીર-૪૧
ક્લિફટન (કરાંચી)-૫૨
કુબેરદાસ (નડિયાદ)-૫૯
કુરેશી સાહેબ-૫૨
કુંતીમાતા-૧૪, ૧૫
કૅઑસ- (અંધાધૂંધી)-૬
કેશવાનંદજી મહારાજ-૨૮
કૃપા-૧૮
-નું અવતરણ-૨૦
-નો અનુભવ-૨૫
-માટે પ્રયોગ-૨૦
-સામે વિરોધ-૨૩
ખાર (મુંબઈ)-૯૦
ગરીબો માટે જાગૃતિ-૯૭
ગાંધીજી-૩૨, ૫૨, ૯૦
ગીતાનું કથન-૪, ૩૩, ૫૮
'ગીતાંજલિ'-૮૯
(ટાગોર રચિત)
ગુજરાત-૬, ૨૮
ગોદડિયા મહારાજ-૨૮
ચીન-૯૬
ચૂનીલાલ (શ્રીમોટા)-૧૨
ચેતન-૩૧
ચેતનાનું અવતરણ-૯૭
ચૌદમી ભૂમિકા-૭૦ થી ૭૨
-નો અનુભવ-૭૪
છત-અછત-૭૦

છોટાબાવા-૫૪
જન્મ બીજા દેશમાં-૬૨
જન્મ લીધા વિના-૬૧
જપયજ્ઞ-૩૭
જ્યોતિબહેન-૩૯, ૬૦
જર્મની-૯૪
જ્વાળામુખી જેવી તમન્ના-૨૭
જાનકીદાસની કૃપા-૨૮, ૨૯
‘જામવું’ એટલે શું ?-૭૫
જીવદશામાં દિવ્યતા-૩૨
જીવનતત્ત્વ-૪૭
જુદાં જુદાં સાધનોનો ઉપયોગ-૩૯
ટટારી એટલે ?-૨૩
ટાગોર-૩૪, ૮૯
તુલસીદાસ-૨૧
ત્યાગ-ગુણ ક્યારે ?-૪૫, ૪૬
ત્રણનું મહત્ત્વ-૮
દખ્ખણિયો ઓવારો (નડિયાદ)-૫૯
‘દુઃખ’-૭૦
દુર્યોધન-૧૨, ૧૩
દેવાસુર સંગ્રામ-પ્રતીક-૨૧, ૨૨
દ્રષ્ટા-૨૭
દ્વંદ્વ-૩૧
ધીરજ-૨૫
ધૃતરાષ્ટ્ર-૧૨, ૧૩
નડિયાદ-૪૮
નડિયાદ આશ્રમ-૫૮
નમાજ-૫૨
નવી શોધખોળ-૯૩
નવી સૃષ્ટિ-૫
નંદુભાઈ-૧૬, ૫૯
નિમિત્ત-૫૮
નિમ્નગામી-૭૭
નીરમન-૬૪
પતન-૭૮, ૮૦
પરચુરે શાસ્ત્રી-૯૦
પાકિસ્તાન-૫૧
પેટલાદ-૨૮, ૨૯
પાટીદાર માસ્તર-૧૧
પાંડવોની ઉત્પત્તિ-૧૪
પીડાયેલી બૂમ-૯૭
પુણ્યથી શું મળે ?-૮૭
પુનર્જન્મ-૫૮, ૬૨
પોલિટિશિયન્સનો પાવર-૬૭
પ્રકૃતિ-૧૯
-દાસી-૧૯
-નાં સ્વરૂપો-૭૬
-નાં વલણમાંથી નીકળવાની રીત-
    ૭૭, ૭૮
-ની ગ્રીપ-૭૬
-નું જોશ-૪૦
-સાથે ચેતન-૧૯, ૩૩
પ્રવૃત્તિ અનુભવીની-૮૪
પ્રવૃત્તિ જીવદશાવાળાની-૮૪
પ્રાણ-૪૦
પ્રાર્થના-૩૭

-ક્યારે ફળે ?-૨૪
-ની પદ્ધતિ-૩૭, ૩૮
બધાંમાં 'એક' કેવી રીતે ?-૪૭
બાળયોગીજી મહારાજ-૪૮
બિરલા-૫૧
બીજું વિશ્વયુદ્ધ-૯૩, ૯૪
બુદ્ધિ-૪૦
બ્રહ્માંડમાં નિમિત્ત-૮૦
ભક્તિ-જ્ઞાન વચ્ચેની ભેદરેખા-૪૩
ભક્તિ-જ્ઞાન વચ્ચે સમન્વય-૪૪
ભીમ-૧૨, ૬૨
ભીષ્મપિતામહ-૧૧, ૧૩, ૧૫
ભૂમિકાઓ-વિકાસની-૨૩ થી ૨૫
મજૂરોની બૂમ-૯૮
મન-૪૦
મનનચિંતવન-૩૬, ૩૭
'મહાભારત'-રાગદ્વેષનો ઈતિહાસ-
૧૧ થી ૧૫, ૬૨
માદામક્યૂરી-૩૨
માંઘલાના પ્રતીક દર્શન-૧૮, ૧૯
મુંબઈ-૯૦
મેનેન્જાઈટીસ-૬૪
મોટાના રોજા-૫૨
મોટાની નમાજ-૫૨
-ને પથ્થર માર્યાનો પ્રસંગ-૪૮
-ને પથ્થર મારવાનો હેતુ-૪૯
-ની પ્રાર્થના-૯૫
મોક્ષ-૪૩
મૃત્યુ બાદ સાકાર થાય ?-૬૧
યજ્ઞનો અર્થ-૪
યુરોપ-૬૨
રણછોડભાઈ શેઠ-૭૨
રમણભાઈ રંગવાળા શેઠ-૨૮
રમણલાલ (અમીન)-૧૦૦
રશિયા-૯૬
રસ-બ્રહ્મ-૩૩
-ચેતન-૭૩
-નું મહત્ત્વ-૩૫, ૩૬
રાજા રામ મોહનરાય-૮૯, ૯૦
રિદ્ધિ-સિદ્ધિ-૮૦, ૮૧
રૂપિયાની પૂજાનો પ્રસંગ-૫૦, ૫૩
-ની પૂજા પાછળનો હેતુ-૫૪
લક્ષ્મીનો ઉપયોગ-૬૭
લાક્ષાગાર-૧૭
વડ ઉપર નામસ્મરણ-૪૮
વરસાદ-અનિયમિત-૪
વસ્તી વધારો-૬૩
વિસ્તારની પ્રક્રિયા-૭
વેદનું સાહિત્ય-૮
વેશ્યાની મુલાકાત-૯૦
વૉર ઑફ સુપ્રીમસી-૯૬
વ્યાસ મુનિ (ઋષિ)-૧૩, ૧૪
શબ્દ-૬૫, ૬૬
-નું સ્વરૂપ-૬૬
શરીરના રોગ-૧
શર્માજી-૫૧, ૫૩, ૫૮

શંકરાચાર્યનો અનુભવ-૪૧
શંકરાચાર્ય હિલ્સ (કાશ્મીર)-૪૧
શાંતિપર્વ-૧૧
'શાંતિનિકેતન'-૮૯
શૂન્ય-૯૯
-પૉઝિટિવ-૧
શેઢી નદી-૪૮
શ્રદ્ધા જ્ઞાનાત્મક-૫૬
સત્પુરુષનો સંકલ્પ ક્યારે ફળે ?-૫૪, ૫૫
સત્તા અનુભવીની-૬૮
સત્તાનો ઉપયોગ-૬૮
સલામત સ્થિતિ-૩૩
સંત સમાગમ-૨૮
સંતરામ મંદિર-૨૮
સંભોગ વિના બાળકો-૧૪
સંસાર શા માટે ?-૨૭, ૮૫
સાત માણસો દ્વારા નવનિર્માણ-૭
સાતનું મહત્ત્વ-૭, ૮
સાધનાભ્યાસ-૮૭
સામ્યવાદ-૯૬
સાક્ષી-૨૭
સાંઈબાબા-૫૦ થી ૫૩, ૫૭, ૫૮
સિદ્ધિનો અર્થ-૮૧
સેવાથી સ્વીકારાત્મકતા-૨૯
'સૌંદર્યલહરી' તંત્રનું પુસ્તક-૪૧
(શંકરાચાર્યની રચના)
સી. ડી. મહેતા (સુરત)-૬૦
હરિઃૐ આશ્રમનું નિર્માણ-૫૯
-નો સંકેત-૫૯, ૬૦
હરિજન આશ્રમ-૫૨, ૫૮, ૯૦
હાલના કાળનું મહત્ત્વ-૮૯
હિમાલય-૪૦
હિંદુસ્તાન-૪, ૧૩, ૬૨, ૬૪, ૯૧, ૯૮
હેતુની સભાનતા-૩૯, ૪૦, ૪૯
-નો મર્મ-૪૦
હેમંતભાઈ નીલકંઠ-૫૯, ૯૦
જ્ઞાનનો સ્ફોટ-૨૫

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિ:ૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિ:ૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હ્દયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

આપણે એકબીજાને માટે જો ઘસાતા ના હોઈએ તો સમાજનું બંધારણ ચાલી ના શકે. એકબીજાને માટે ઈચ્છે કે ના ઈચ્છે તોપણ એકબીજાને માટે માણસોને ઘસાવું પડે છે. સંસારવહેવારમાં, સગાંવહાલાંમાં, રીતરિવાજમાં દરેકને કંઈક ને કંઈક રીતે ઘસાવું જ પડે છે. એ ત્યાગ છે, પણ એ ત્યાગનું પરિણામ ઉત્તમ નથી આવતું, કારણ કે એમાં સહજપણાનો અને સરળપણાનો ગુણ નથી.

'કરવું પડે છે અને કરે છે'. માણસ જો સમજીને કરે તો માણસનો વિકાસ થાય. માણસ ગુણમાં પ્રગટતો રહે. જો એની મેળે, સહજપણે, ભાવનાથી એ કરે, એટલે ત્યાગ એ એનો ગુણ થઈ જાય.

- શ્રીમોટા

*'જન્મ પુનર્જન્મ', ત્રીજી. આ., પૃ. ૪૬*

કિંમત : રૂ. ૧૫/-